કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
કચ્છ ઉદય
નલીયા તાલુકાના કોઠારા, મોથાળા, વાયોર, તેરા, બીટા, સુથરી, ડુમરા, વિંઝાણ, નુંધાતર, હાજાપર, ભવાનીપર, રાતા તળાવ તથા આસપાસના વિસ્તારોમાં સર્ક્યુલેશન કરી શકે તેવા ઉત્સુક અને નવ યુવાનની જરૂરી છે.
અવસાન નોંધ, પ્રેસનોટ, શ્રદ્ધાંજલી અભિનંદન, જાહેર ખબર માટે સંપર્ક કરો
-: નિતિન શામજી ખત્રી બ્યુરોચીફ :-
મો.: ૯૦૯૯૦ ૭૯૩૦૪ / ૯૬૩૮૫૬૦૦૯૧
અબડાસા બ્યુરો
હોટલ પંચવટી કોમ્પ્લેક્ષ, નલીયા-છાડુરા રોડ, નલીયા, તા. અબડાસા-કચ્છ,

ગાંધીધામ (પૂર્વ કચ્છ) ભૂજ (પશ્ચિમ કચ્છ)થી પ્રસિદ્ધ થતું સાંધ્ય દૈનિક તથા ગાંધીનગરથી પ્રસિદ્ધ થતું સવારનું દૈનિક કિંમત રૂા. ૨.૦૦/-

ગેસ બચાવો-દેશસેવામાં જોડાવો : ગભરાવો નહીં-ખોટી અફવાઓથી બચો

Website : www.kutchuday.com
E-mail : kutchuday@gmail.com
તા.૧૮ એપ્રિલ, ૨૦૨૬ શનિવાર
કચ્છ, કચ્છીયત અને કચ્છીમાડુની અસ્મિતાનું દર્પણ
# કચ્છ ઉદય
૩૨ વર્ષથી અણનમ રહેતું કચ્છનું એક માત્ર અડિખમ સાંધ્ય દૈનિક

કચ્છ-સૌરાષ્ટ્રના સર્વે માનવંતા ગ્રાહકમિત્રોને જણાવવાનું કે **કચ્છ ઉદય સાંધ્ય દૈનિક**માં જાહેરાત માટે અમારા બ્યુરો ઓફીસ રાજકોટમાં સંપર્ક કરો.
PAN COMMUNICATIONS
National & International News Papers & Magazine Advertising Agent, RAJKOT
Mo.: 98250 35635

◆અંક નંબર : ૨૯૩◆વર્ષ : ૩૨ ◆પાના - ૧૨ ◆મુદ્રક, પ્રકાશક, માલીક અને તંત્રી : ગંગારામ એલ.ભાનુશાળી ◆Regd No. G-KCH-184-2019-2021 ◆RNI No. 54972/94◆ સંવત ૨૦૮૨ ◆ વૈશાખ સુદ-૧ ◆ગાંધીધામ મો.૯૯૨૫૧ ૧૧૪૨૩ ◆ ભુજ મો.૯૮૨૫૦ ૯૪૭૭૪ ◆ ફેક્સ : ૨૩૧૨૬૭, ૨૩૯૮૮૭

### ઈરાને હોમુર્જ સમુદ્રધ્વની ખોલવાનો નિર્ણય પરત લીધો

# હોર્મુઝ મુદ્દે વિશ્વમાં ફરી તણાવ

**ટ્રમ્પના દાવાઓને ઈરાને પાયાવિહોણા ગણાવ્યા : સામુદ્રધુનીમાંથી પસાર થવા ઈરાનની મંજૂરી અને નિયત માર્ગો જ અનિવાર્ય : સોમવારે પાકિસ્તાનમાં બંને દેશો વચ્ચે શાંતિ વાર્તાના એંધાણ**



તેહરાન : વૈશ્વિક અર્થતંત્ર અને દરિયાઈ વેપાર માટે અત્યંત મહત્વપૂર્ણ ગણાતી હોર્મુઝની સામુદ્રધુની ને લઈને ફરી એકવાર અનિશ્ચિતતાના વાદળો છવાયા છે. ઈરાને અમેરિકા દ્વારા ચાલુ રાખવામાં આવેલા આર્થિક અને લશ્કરી બ્લોકેડના વિરોધમાં આ દરિયાઈ માર્ગ ખોલવાનો પોતાનો અગાઉનો નિર્ણય પાછો ખેંચી લીધો છે. ઈરાની સંસદના સ્પીકર એમ. બી. ગાલિબાફે સોશિયલ મીડિયા પર જાહેરાત કરી છે કે જ્યાં સુધી અમેરિકા પોતાનું વલણ નહીં બદલે ત્યાં સુધી આ મહત્વપૂર્ણ જળમાર્ગ ખુલ્લો રહેશે નહીં.અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે અગાઉ દાવો કર્યો હતો કે ઈરાન સાથેની સ્થિતિ સુધરી રહી છે અને હોર્મુઝનો માર્ગ ખુલ્લો રહેશે. જોકે, ગાલિબાફે ટ્રમ્પના આ નિવેદનોને સખત શબ્દોમાં નકારતા કહ્યું કે ટ્રમ્પે એક કલાકમાં સાત દાવા કર્યા અને સાતેય ખોટા હતા. તેમણે સ્પષ્ટ કર્યું કે અમેરિકા અસત્યના સહારે આ યુદ્ધ જીતી શક્યું નથી અને વાતચીતમાં પણ સફળ થશે નહીં. સામુદ્રધુનીમાંથી પસાર થવા માટે હવે ઈરાનની મંજૂરી અને નિર્ધારિત માર્ગોનું પાલન કરવું ફરજિયાત રહેશે. તેમણે વધુમાં ઉમેર્યું કે રસ્તો ખુલ્લો છે કે બંધ તે સોશિયલ મીડિયા નહીં પણ જમીની સ્થિતિ અને ઈરાનના નિયમો નક્કી કરશે. એક તરફ તણાવ વધી રહ્યો છે, તો બીજી તરફ શાંતિની આશા પણ જીવંત છે. વિવિધ મીડિયા અહેવાલો મુજબ, ૨૦ એપ્રિલ સોમવારના રોજ પાકિસ્તાનના ઈસ્લામાબાદમાં અમેરિકા અને ઈરાન વચ્ચે શાંતિ વાર્તાનો આગામી રાઉન્ડ યોજાય તેવી શક્યતા છે. પ્રમુખ ટ્રમ્પે આ અગાઉ આશાવાદ વ્યક્ત કર્યો હતો કે ઈરાન સાથે ટૂંક સમયમાં કાયમી સીઝફાયર (યુદ્ધવિરામ) થઈ શકે છે, જોકે તેમણે ચેતવણી પણ આપી હતી કે જો વાતચીત સફળ નહીં થાય તો ઈરાનના યુરેનિયમ ભંડારને મેળવવા માટે અમેરિકા વધુ કડક પગલાં ભરી શકે છે.

શુક્રવારે એર ફોર્સ વન પર પત્રકારો સાથે વાત કરતા ટ્રમ્પે ઈરાન સાથેની સ્થિતિ ‘સારી દિશા’માં જઈ રહી હોવાનો સંકેત આપ્યો હતો, પરંતુ ઈરાનના તાજા નિર્ણયે ફરીથી વિશ્વભરમાં હલચલ મચાવી દીધી છે. ઈરાની પ્રજા મીડિયા વોરથી પ્રભાવિત થતી નથી તેવું નિવેદન આપી ગાલિબાફે અમેરિકાને મચક ન આપવાનો

**અનુસંધાન પાના નં.૪ પર**

## પ્રચારનું હવે આખરી સપ્તાહ : ભાજપ સૌરાષ્ટ્રમાં નેતાઓને ઉતારશે

ગાંધીનગર : ગુજરાતમાં ઉનાળાની એપ્રિલમાં જ શરુ થયેલી કાળઝાળ ગરમી વચ્ચે યોજાઈ રહેલી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં પ્રારંભીક તબકકે ઉમેદવારોએ જૂથ બેઠકો લોકસંપર્ક અને બુથ બેઠકોનો દૌર ચલાવ્યા બાદ હવે આગામી સપ્તાહમાં તા.૨૪ના સાંજે જાહેર પ્રચારના પડઘમ શાંત થાય તે પુર્વે પ્રચાર વેગવંતો બનશે.


તમામ પક્ષોમાં અસંતોષ, પક્ષાંતર અને વિવાદ હવે શાંત થવા લાગ્યા છે અને રાજયમાં કુલ ૧૦૦૦૫ બેઠકોની ૭૦૭ બિનહરીફ થયા બાદ હવે ૯૨૯૭ બેઠકો પર તા.૨૬ના મતદાન થશે. કુલ ૨૫૫૭૯ ઉમેદવારો મેદાનમાં છે. ૧૫ મહાપાલિકા, ૩૪ જીલ્લા પંચાયતો સહિતની સ્થાનિક સ્વરાજની સંસ્થાઓની યોજાનારી ચુંટણીમાં આગામી સપ્તાહથી સૌરાષ્ટ્રમાં ગુજરાત ભાજપના દિગ્ગજ નેતાઓ ચુંટણી પ્રચારમાં આવી રહ્યા છે.પક્ષના મહામંત્રી અનિરુદ્ધ દવે હાલ પ્રવાસમાં છે તેઓ કાલે રાજકોટ આવીને આખરી સપ્તાહના પ્રચારનો ’ટોન’ નિશ્ચિત કરશે અને સોમવારે ભાજપના પ્રદેશ પ્રમુખ શ્રી જગદીશ વિશ્વકર્મા ફરી એક વખત રાજકોટ આવી રહ્યા છે તો આગામી સપ્તાહમાં મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્ર પટેલ પણ રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં અનેક સ્થળોએ પ્રચારમાં જોડાશે. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી કાલે મોરબી અને સુરેન્દ્રનગર પ્રચારમાં હતા તેઓ પણ ફરી રાજકોટ સહિત સૌરાષ્ટ્રમાં આવશે.

બીજી તરફ કોંગ્રેસ ૪૦ સ્ટાર પ્રચારકો જારી કર્યા છે તેમાં હવે કોણ કયાં આવે છે તેના પર નજર છે. બીજી બાજુ આમ આદમી પાર્ટીએ જે રીતે તાકાત લગાવી છે તે ચુંટણીને રસપ્રદ બનાવી રહી છે. ’આપ’ના ધારાસભ્ય ગોપાલ ઈટાલીયાએ સુરતથી સૌરાષ્ટ્ર સંભાળ્યુ છે. પ્રમુખ ઈશુદાનભાઈ ગઢવી પણ પ્રચારમાં જોડાયા છે. દિલ્હીથી પણ થોડો સપોર્ટ છે.રાજકોટમાં કાલે ધારાસભ્ય ગોપાલભાઈ ઈટાલીયાની બે સભાનું આયોજન છે.

## ડાંગમાં હર્ષ સંઘવીએ સ્થાનિકો સાથે ચાની ટપરી પર ચા સાથે સંવાદ કરીને પ્રચારની કરી શરૂઆત

(પ્રતિનિધિ દ્વારા)

ડાંગ: રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ ડાંગમાં સ્થાનિકો સાથે ચાની ટપરી પર ચા સાથે સંવાદ કરીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરી. સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઝંઝાવતી ચૂંટણી પ્રચાર શરૂ કરવામાં આવ્યો છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી એ આજે ડાંગમાં ચૂંટણી પ્રચાર દરમિયાન સ્થાનિકો સાથે



ચા ની ટપરી પર ચા સાથે સંવાદ કરીને ચૂંટણી પ્રચારની શરૂઆત કરી હતી

## એલપીજી સપ્લાય માટે દેશભરમાં ૨૫૦૦ કીમી. પાઈપલાઈન નેટવર્ક બિછાવાશે

### રસ્તાઓ પર જોખમી ટેન્કરો ઓછા થશે



બોટલિંગ પ્લાન્ટને ઈન્ટરકનેક્ટ કરવા માટે નવી પાઈપલાઈનો

નવી દિલ્હી : ભવિષ્યમાં રસ્તાઓ પર મોટા પાયે LPG ટેક્કર પરિવહનને દૂર કરવા માટે સરકાર એક મોટું પગલું ભરી રહી છે. પેટ્રોલિયમ અને કુદરતી ગેસ નિયમનકારી બોર્ડ એ હવે રિફાઈનરીઓ, આયાત ટર્મિનલ અને LPG બોટલિંગ પ્લાન્ટને ઈન્ટરકનેક્ટ કરવા માટે નવી પાઈપલાઈનો નાખવાની પ્રક્રિયા શરૂ કરી છે.શુક્રવારે, PNGRB એ જાહેરાત કરી કે આ નવી પાઈપલાઈનો દેશના પ્રાથમિક LPG સપ્લાય સ્ત્રોતોને બોટલિંગ પ્લાન્ટ્સ સાથે જોડશે. આ વિવિધ પ્રદેશોમાં LPG ના સરળ અને અવિરત પુરવઠાને સરળ બનાવશે. વધુમાં,

**અનુસંધાન પાના નં.૪ પર**

### લોકસભાની હારને ભાજપ શેરીઓમાં લઈ જશે


## ભાજપ દેશવ્યાપી વિરોધ પ્રદર્શન કરશે: NDA પક્ષો પણ જોડાશે

નવી દિલ્હી: શુક્રવારે લોકસભામાં બંધારણમાં ૧૩૧મો સુધારો બિલ પસાર થવામાં નિષ્ફળ ગયો. મતદાન દરમિયાન, ૨૯૮ સાંસદોએ બિલના પક્ષમાં મતદાન કર્યું, જ્યારે ૨૩૦ સાંસદોએ તેની વિરુદ્ધ મતદાન કર્યું. ૨૧ કલાકની ચર્ચા પછી મતદાન થયું. લોકસભામાં હાજર ૫૨૮ સાંસદોએ પોતાનો મત આપ્યો, જેમાં ૨૯૮ સાંસદોએ પક્ષમાં અને ૨૩૦ સાંસદોએ વિરોધમાં મતદાન કર્યું. બિલ પસાર કરવા માટે બે તૃતીયાંશ બહુમતી જરૂરી હતી. હાર બાદ, વિપક્ષે તેને મોટી જીત ગણાવી, જ્યારે ભાજપે




શનિવારે દેશવ્યાપી

**અનુસંધાન પાના નં.૪ પર**




## NOTAની માત્ર કલ્પનાથી જ ઉમેદવારોને લાગતો ૪૪૦ વોલ્ટનો ઝાટકો

**NOTA મતદારનું એક અમોઘ શસ્ત્ર : સુપ્રીમ કોર્ટના આદેશથી ૧૭વર્ષ અગાઉ ઈવ્હમાં ‘નન ઓફ ધી અબોવ’ બટન મૂકાયું......! : યુનિયન ઓફ સિવિલ લિબર્ટીઝ વ/ર યુનિયન ઓફ ઈન્ડિયાના કેસમાં અભિવ્યક્તિની આઝાદી પ્રમાણે મતદારને કોઈ અથવા તમામ ઉમેદવારને પોતાનો મત નહીં આપવો તેવો અધિકાર છેઃ લોકો મત આપવા માટે ઉદાસીન થઈ રહ્યાં છે ઉમેદવારો નાપસંદ હોવાના કારણે કેટલીક વખત મત આપવા જતાં નથી**

નવી દિલ્હી : સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી. જે લોકશાહીના ઉત્સવ તરીકે ઉજવાતી હતો. આજના ઝેન-ઝીજનરેશનમાં ચૂંટણીને લઈને ઉત્સાહ થટી રહ્યો છે. જેની પાછળ અનેક કારણો છે. નન ઓફ પી અબોલ એક એવું બટન છે જેની માત્ર કલ્પના જ રાજકીય પક્ષના ઉમેદવારોને ૪૪૦ વોલ્ટનો ઝટકો આપે યુનિયન ઓફ સિવીલ લિબટિગ V/S યુનિયન ઓફ ઈન્ડિયાના સને ૨૦૦૯ના કેસમાં સુપ્રીમ કોર્ટે ચુકાદો જાહેર કર્યો હતો. સુપ્રીમે સંક્ષીપ્તમાં કહ્યું હતુ કે, અભિવ્યક્તિની આઝાદી જે બંધારણે આપી છે તે પ્રમાણે મતદારને કોઈ અથવા તમામ ઉમેદવારને પોતાનો મત નહિ આપવો, તેવો પણ અધિકાર છે અને તે ઈંછ છે. મતદાન રેશિયોના આંકડાઓ કહી રહ્યાં છે કે ગામડાંઓ કરતાં શહેરોના મતદાન મથકોમાં આ બટનનો ઉપયોગ વધી રહ્યો છે.લોકસભા, વિધાનસભા તેમજ સ્થાનિક સ્વરાજયની ચુંટણી ઉપરાંત ગુજરાતમાં વકીલ મંડળની ચુંટણીના બેલેટ પેપરને લઈને લાંબી કાનૂની લડત બાદ વિકલ્પ ઉમેરાવનારા સિનિયર એડવોકેટ ડો. મહેશ ઠાકરે પ્રતિક્રિયા આપી છે કે, મત આપવાનો અધિકાર તે મતદારનો શબ્દોથી અભિવ્યક્તિ કરવાના અધિકાર જેવો ગણી શકાય, જોકે મત આપવાનો અધિકારી બંધારણીય કે મૂળભૂત ગણાતો નથી. લોક પ્રતિનિધિ અધિનિયમ નીચેનો કાયદાથી નીહિત પહેલો અધિકાર છે. લોક પ્રતિનિધિત્વ અધિનિયમની કલમ ૭૯(લાડી) અને નિયમ ૪૧(૨) ૫૩),૪૯(ઓ) નીચે પ્રવર્તમાન છે.

લોકો મત આપવા માટે ઉદાસિન થઈ રહ્યાં છે. તેની પાછળના વિવિધ કારણો છે. ઉમેદવારો નાપસંદ હોવાના કારણે કેટલીક વખત તેઓ મત આપવા જતા નથી. નાગરીકોએ મતદાન કુટિર સુધી અવશ્ય જવું જોઈએ જરુર જણાય તો NOTA માટે પણ વિચારી શકે છે. મતદાન બેલેટ પેપરથી થતું હોય તો નોટાને પ્રીન્ટેડ ઓપ્શન તરીકે આપવાનું હોયછે છેલ્લે આ વિકલ્પ આપવામાં આવે છેએક ઉદાહરણ તરીકે ઈલેક્શન વોર્ડના મતદારે ૪ ઉમેદવારોને મત આપવા માટે સ્ક્રીનમાં ઉમેદવારનું નામ ચિન્હ સામે બટન દબાવાનું હોય છે. મતદારને ૪ પૈકીના માત્ર ૨ ઉમેદવારો પસંદ છે તો તે માત્ર બે ઉમેદવારો સામે બટન દબાવે છે અને બાકીના બે પસંદ કરવાના બદલે NOTAનું બટન દબાવે છે. તો આ મત રદ કરવામાં આવે છે. કારણ કે નોટા તમામ ઉમેદવારો માટે લાગુ પડે છે. ભૂતકાળમાં આ મુદ્દાને ન્યાયતંત્રમાં પડકારાયો હતો.ચુંટણીમાં NOTAને વધુ મત મળે અને ઉમેદવારને ઓછા મત પ્રાપ્ત થાય તો કોણ જીતે ? તો શું ચુંટણી ફરી વખત યોજવાની? તો તેનો જવાબ છે ના...! ચૂંટણીનો બેઝિક પ્રીન્સીપલ એવો છે કે જે ઉમેદવારને વધુ મત મળે તેને વિજેતા જાહેર કરવામાં આવે છે.

## કાલે સંસદમાં લોકતંત્રની મોટી જીત થઈ : પ્રિયંકા ગાંધી

**મહીલા અનામત બીલ મુદ્દે ભાજપ પર પ્રિયંકાએ કર્યા બરાબરના પ્રહાર, કહ્યુ, સંસદમાં મોદી સરકારની પહેલી મોટી હાર થઈ છે,૨૦૨૩માં જે વિધેયક પસાર થયું હતુ તેને લાવે, રાજકીય લાભાલાભની રમતો છોડો**



નવી દિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા મહીલા અનામત બીલ લાગુ કરવાને માટે ગત સત્રમાં પ્રયાસો થયા બાદ ગત રોજ થયેલા મતદાનમા બીલ પરાસ્ત થતા આજ રોજ કોંગ્રેસના પ્રિયંકા ગાંધીએ પ્રેસ યોજી અને કહ્યુ હતુ કે, ગત રોજ લોકતંત્રની સંસદમાં જીત થવા પામી છે. મોદી સરકારની અત્યાર સુધીની આ સૌથી મોટી પહેલી હાર થવા પામી છે. તેઓએ કહ્યુ કે, મહીઓનું નામ આગળ કરી અને રાજકીય લાભો ખાટવાનુ સરકારનું ષડયંત્ર નાકામ થવા પામી ગયું છે. પ્રિયંકાએ કહ્યુ કે, ભાજપ સરકારની મનસા ખોટી છે. તેઓએ કહ્યુ કે સરકાર આ બીલ પાસકરાવી અને બાકીની પાર્ટીઓને વિરોધી ગણાવી અને મહીલાઓનીમશીહા બનવાનો પ્રયાસ કરતી હતી પરંતુ તે નિષ્ફળ નીવડયો છે. તેઓએ કહ્યુ કે મહીલાઓના મશીહા બનીજવુ સહેલુ નથી હોતુ, કામ કરીને દેખાડવુ પડતુ હોય છે. ભાજપે સત્તામાં રહેવા માટે આ ષડયંત્રને અંજામ આપ્યો હતો.

### તિકડમ ! – દેવેન વ્યાસ



**વેકેશનમાં કયાંય ફરવા જવાની વાત કરીએ તો તમે સીધી ઈન્કમટેક્ષના જ બહાના બતાવો છો..!**

## ભારત માટે ખુશખબર : રશિયન તેલ ખરીદવા અમેરીકાએ આપી છુટ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : વૈશ્વિક ઓઈલ બજારમાં વધતા ભાવ અને ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાએ એક મોટો અને આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને રશિયન ઓઈલની ખરીદી પર લાદવામાં આવેલા પ્રતિબંધોમાં ફરી એકવાર કામચલાઉ છૂટ આપી દીધી છે. નોંધનીય છે કે માત્ર બે દિવસ પહેલા જ અમેરિકાના ટ્રેઝરી વિભાગે આ છૂટ લંબાવવાની ના પાડી દીધી હતી, પરંતુ બદલાતા સંજોગોમાં અમેરિકાએ પોતાનો નિર્ણય બદલવો પડ્યો છે.અમેરિકાના ટ્રેઝરી વિભાગના નવા નોટિફિકેશન મુજબ, હવે દેશો ૧૬ મે, ૨૦૨૬ સુધી રશિયન ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ખરીદી કરી શકશે. અગાઉ આ છૂટ ૧૧ એપ્રિલે પૂરી થઈ ગઈ હતી. આ નવા નિર્ણયથી સમુદ્રમાં લોડ થયેલા રશિયન ઓઈલના જથ્થા પર એક મહિના સુધી કોઈ અમેરિકાના પ્રતિબંધ લાગુ થશે નહીં. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ હોર્મુઝ સ્ટ્રેટમાં સર્જાયેલો તણાવ છે. દુનિયાના ૨૦% ઓઈલ અને ગેસનો પુરવઠો આ રૂટ પરથી પસાર થાય છે.

## કાશ્મીરમાં સવારે પાંચની તીવ્રતાના ભૂકંપના આંચકા

શ્રીનગરઃ જમ્મુ-કાશ્મીરમાં શનિવારે વહેલી સવારે ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ગભરાટ ફેલાયો હતો. કાશ્મીર ઘાટીના અનેક વિસ્તારોમાં ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા, જેના કારણે લોકો સાવચેતીના ભાગરૂપે પોતાના ઘરો અને ઓફિસોમાંથી બહાર ખુલ્લા મેદાનમાં દોડી આવ્યા હતા.નેશનલ સેન્ટર ફોર સીસ્મોલોજીના જણાવ્યા અનુસાર, શનિવારે સવારે આશરે ૮:૨૪ વાગ્યે આ આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૫.૦ માપવામાં આવી હતી. આ ભૂકંપનું કેન્દ્રબિંદુ અફઘાનિસ્તાનના બદખ્શાન ક્ષેત્રના ઝાયબક પાસે જમીનથી ૧૯૦ કિલોમીટરની ઊંડાઈએ નોંધાયું હતું.રાહતની વાત એ છે કે અત્યાર સુધી આ ભૂકંપને કારણે કોઈ જાનહાનિ કે મિલકતને નુકસાન થયાના સમાચાર મળ્યા નથી. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, આંચકા અનુભવાયા બાદ લોકો લાંબા સમય સુધી ઘરની બહાર ઉભા રહ્યા હતા અને સ્થિતિ સામાન્ય જણાયા બાદ જ ફરી ઘરમાં પ્રવેશ કર્યો હતો.

## મહિલા આરક્ષણના બહાને બંધારણ તોડવાનું કાવતરૂં નિષ્ફળ ગયું : શક્તિસિંહ ગોહિલ

ગાંધીનગર - કચ્છઉદય : ભારતીય જનતા પાર્ટીની સરકાર મહિલા આરક્ષણના નામે બંધારણની મર્યાદા તોડીને સંસદ અને ધારાસભ્ભામાં સીટો વધારતું બીલ લાવી હતી, જે ઈન્ડિયા ગઠબંધનની એકતાના કારણે નિષ્ફળ નીવડ્યું છે એવું કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી શક્તિસિંહ ગોહિલે જણાવ્યું હતું. મહિલા અનામતનો કાયદો તમામ વિરોધ પક્ષના ટેકા સાથે ૨૦૨૩માં જ બની ગયો છે, જે સંસદમાં સર્વાનુમતે પસાર પણ થઈ ગયો છે તેને સરકાર તાત્કાલિક લાગુ કરે તેવી વિપક્ષોની માંગણી હોવાનું પણ તેમણે જણાવ્યું હતું. મહિલા અનામત બિલ ૨૦૨૩માં

**૨૦૨૩માં વિપક્ષો દ્વારા મુકાયેલો મહિલા અનામત ખરડો લાગુ કરવાની માગ**

સંસદમાં સર્વાનુમતે પસાર થયું. ઈન્ડિયા ગઠબંધન ઈચ્છતુ હતું કે તેનો તાત્કાલિક અમલ થાય, પરંતુ સરકારે તે સમયે કહ્યું હતું કે તે વસ્તી ગણતરી અને ડિમિલિટરાઈઝેશન પછી આવું કરશે. ત્યારબાદ સરકારે લોકસભામાં બિલ રજૂ કર્યું, જેમાં મહિલા અનામતના નામે બેઠકો વધારવાનું કાવતરું ઘડવામાં આવ્યું, જેને વિપક્ષી એકતા દ્વારા



નકારી કાઢવામાં આવ્યું. અમે ઈચ્છીએ છીએ કે સરકાર અમે સર્વાનુમતે પસાર કરેલા મહિલા અનામત બિલને તાત્કાલિક અમલમાં મૂકે અને મહિલાઓને તેમના અધિકારો આપે એવું તેમણે જણાવ્યું હતું.

# સપ્ત ચિરંજીવીઓમાં એક ભગવાન શ્રી પરશુરામ



આમ તો ભગવાન શ્રી પરશુરામજીને ભગવાન વિષ્ણુના છઠ્ઠા અવતાર માનવામાં આવે છે. મહાન ઋષિ જમદગ્નિ અને માતા રેણુકાદેવીના તેઓ પુત્ર છે. અક્ષય તૃતીયા કે અખાત્રીજના દિવસે તેમણે અવતાર ધારણ કરેલો. વિષ્ણુ ભગવાનના ઉવતારોમાં આ એક બ્રાહ્મણ અવતાર છે. બ્રહ્મ તેજ થી સંપન્ન ઋષિ જમદગ્નિ અને તેજસ્વી ક્ષત્રિયાણી માતા રેણુકા દેવી બંનેના ગુણ થી યુક્ત ભગવાન શ્રી પરશુરામનો જન્મ સાયં કાલના સૂર્યાસ્ત ની સંધિ સમયે એટલે કે સંધ્યા સમયે થયેલો. તેમના જન્મ થતી વેળાએ રડવાના બદલે તેમણે હું કાર કરેલો.પિતા જમદગ્નિ મહાજ્ઞાની હતા. તેઓ પોતાના આશ્રમ માં શાસ્ત્રો અને શાસ્ત્રોનું અધ્યયન કરાવતા હતા. જેથી બચપણથી જ ભગવાન શ્રી પરશુરામને વિવિધ વિષયોના શાસ્ત્રો અને વિવિધ શાસ્ત્રોનું જ્ઞાન પ્રાપ્ત થયેલું. માતા-પિતા પાસે જ તેમનું બાળપણ વીત્યું. તેમનાથી મોટા ચાર ભાઈ હતા. જેમનું અનુક્રમે નામ વસુગાન, સુષેણ, વસુ અને વિશ્વવસુ હતું. ભગવાન શ્રી પરશુરામ સૌથી નાના હતા. માત્ર બાર વર્ષની ઉંમરે તેમણે વેદોની ઋચાઓનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું.ઉપનયન સંસ્કાર પ્રાપ્ત કરી લીધા બાદ માતા રેણુકા દેવીની આજ્ઞા લઈને કૈલાશ પર્વત પર દેવાધિદેવ મહાદેવજીને પ્રસન્ન કરવા માટે ઉગ્ર તપનો આરંભ કર્યો. તેમના કઠિન તપથી પ્રસન્ન થયેલા દેવાધિદેવ મહાદેવ એ તેમને દર્શન આપી વરદાન માંગવા કહ્યું. ત્યારે તેમણે મહાદેવજીને પોતાના ગુરુ બની શસ્ત્રવિદ્યાનું જ્ઞાન આપવા માટે પ્રાર્થના કરી. મહાદેવજીએ તેમને શસ્ત્રવિદ્યા નું જ્ઞાન આપી "ફરશું "નામનું શસ્ત્ર આપ્યું. આમ વિષ્ણુ ભગવાનના અવતાર શ્રી પરશુરામ એ ધનુર્વિદ્યા તેમજ ફરશુ પ્રાપ્ત કરી વિઘ્નહર્તા શ્રી ગણપતિજીની પંચાગ્નિ સાધના કરી તેમની પાસેથી અન્ય શસ્ત્રોની તેમજ શાસ્ત્રોની વિદ્યા પ્રાપ્ત કરી. વરૂણદેવની સાધના કરી કાલ ગણના ના જ્ઞાનની પ્રાપ્તિ કરી.ત્યાર પછી સર્વ શક્તિમાન ભગવાન શ્રી પરશુરામના ચરિત્ર ના મહત્વની સુપ્રસિદ્ધ ઘટના બની.કાર્તવિર્ય નામનો મહિષ્મતી નગરીનો એક રાજા હતો. તે ભગવાન શ્રી દત્તાત્રેય નો ઉપાસક હતો. તેણે ભગવાન શિવજીની આરાધના કરી તેમને પ્રસન્ન કરી સહસ્ત્ર ભુજાઓની શક્તિ પ્રાપ્ત કરી અને જગતમાં સહસ્ત્રાર્જુન તરીકે સુપ્રસિદ્ધ થયો.

એક દિવસ દેવર્ષિ નારદજીના મુખે સહસ્ત્રાર્જુને ઋષિ જમદગ્નિના આશ્રમની સમૃદ્ધિની મુક્ત કંઠે પ્રશંસા સાંભળી. તેનું કારણ જાણવાની ઈચ્છા સાથે તે સૈનિકો સાથે આશ્રમમાં પહોંચ્યો ત્યાં તેને જાણવા મળ્યું કે, આ આશ્રમમાં કામધેનુ ગાય હોવાના કારણોસર આશ્રમની તમામ સમૃદ્ધિ રહેલી છે. આ ગાય દેવરાજ ઇન્દ્ર એ પ્રસન્ન થઈ જમદગ્નિ ઋષિને આપેલી આ ગાય લઈ જવા માટે સહસ્ત્રાર્જુન અને તેના સૈનિકોએ ઉત્પાત મચાવ્યો. બરાબર આ સમયે ભગવાન શ્રી પરશુરામજી ત્યાં આવ્યા તેમણે તેને યુદ્ધ માટે લલકારતા સહસ્ત્રાર્જૂન ત્યાંથી જાન બચાવીને ભાગી ગયો. ભગવાન શ્રી પરશુરામજી ફરી સાધના માટે કૈલાશ ચાલ્યા ગયા. પોતાની હારનો બદલો લેવા સહસ્ત્રાર્જુને ફરી જમદગ્નિ ઋષિના આશ્રમ પર આક્રમણ કરી જમદગ્નિ ઋષિનું માથું ધડ થી અલગ કરી દીધું. આ સમાચાર ભગવાન શ્રી પરશુરામજી ને મળ્યા. તેઓ આશ્રમમાં આવ્યા માતા રેણુકા દેવીના ખોળામાં પિતાનું પવિત્ર શરીર નિશ્ચેત અવસ્થામાં જોતાની સાથે જ તેમનો ક્રોધ ભભૂકી ઉઠ્યો. તેમણે સહસ્ત્રાર્જુન સહિત તેના જેવા અન્ય કુશાસકોનો નાશ કર્યો.એક વખત માતા રેણુકા દેવીને કારણવશ વિલંબ થવાથી ક્રોધિત થયેલા પિતા જમદગ્નિએ પોતાના પુત્રોને માતાનો શિરચ્છેદ કરવાની આજ્ઞા આપી. મોટા ચાર ભાઈઓએ આ આજ્ઞા ન માની એટલે ત્યાં અચાનક આવી ચડેલા ભગવાન શ્રી પરશુરામજી ને પિતાએ આજ્ઞા કરતા પિતાની આજ્ઞા માથે ચડાવી માતા નો શિરચ્છેદ કરી નાખ્યો. આમ તેમણે પોતાની પિતૃ ભક્તિના દર્શન કરાવ્યા. પિતાએ પ્રસન્ન થઈ વરદાન માંગવા કહ્યું, ત્યારે માતા ફરી જીવતા થાય તે વરદાન માંગ્યું. સંજીવની વિદ્યાના જાણકાર પિતાએ માતાને ફરી જીવતા કર્યા અને હવેથી ફરી ક્યારેય ક્રોધ નહી કરવાનું પુત્રને વચન આપ્યું.

ધર્નુવીર કર્ણ - પિતામહ ભીષ્મ જેવા શિષ્યોના ગુરુ અને બ્રહ્મ તેજ ના જવલંત ઉદાહરણ એવા ભગવાન શ્રી પરશુરામજી ને તેમના જન્મદિવસ નિમિત્તે કોટી કોટી દંડવત પ્રણામ.

**- દેવેન કનકચંદ્ર વ્યાસ.**
**અંજાર -(કચ્છ)**

# ભુજમાં સિદ્ધાચલ ભાવયાત્રા મહાપૂજનમાં ભાવિકો ઉમટયા





ભુજ-કચ્છઉદય : અચલગચ્છાધિપતિ પ.પૂ. આ. ભ. કલાપ્રભસાગર સૂરીશ્વરજી મ.સા. ની આજ્ઞા અને આશીર્વાદથી તથા પ. પૂ.આ. ભ. કવિન્દ્રસાગરસૂરીશ્વરજી મ. સા.નાં રજત વર્ષીતપની અનુમોદનાર્થે ભુજમાં ૫૮ તપસ્વીઓ વર્ષીતપની આરાધના કરી રહ્યા છે. જેના ઈક્ષુરસનાં પારણા પ્રસંગે સમગ્ર કચ્છનાં તપસ્વી સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાના પારણા ભક્તિનો અનેરો અવસર ભુજ અચલગચ્છ જૈન સંઘને સાંપડ્યો છે.

અખિલ ભારત અચલગચ્છ (વિધિપક્ષ) શ્વેતામ્બર જૈન સંઘના ઉપક્રમે ભુજ અચલગચ્છ જૈન સંઘ આયોજીત વર્ષીતપ પારણોત્સવ પ. પૂ. આ. ભ. મહોદયસાગર સૂરીશ્વરજી મ. સા., પ. પૂ. ઉપાધ્યાય પૂર્ણભદ્રસાગરજી મ. સા., આદિ શ્રમણ-શ્રમણીવૃંદની શુભ પાવન નિશ્રામાં ઉજવાઇ રહ્યો છે. રાત્રે ટાઉનહોલ મધ્યે સાંસ્કૃતિક કાર્યક્રમ અને ભક્તિભાવનાં યોજાઇ હતી. જૈન સમાજનાં સ્થાનિક કલાકારોએ નાટિકા સાથે અન્ય કૃતિકાઓ, રાસ, નૃત્ય રજુ કર્યા હતા.

સમગ્ર વર્ષ દરમ્યાન બેઆસણાનો લાભ લેનાર ઉદાર દીલ દાતાઓનું પ્રમુખ મહેન્દ્રભાઇ ડી. શાહ, ભરતભાઇ બી. શાહ, ચન્દ્રકાન્તભાઇ કે. વોરા, દીપકભાઇ એન. શાહ, ભરતભાઇ સી. શાહ, રાજેશ સી. શાહ, હર્ષદભાઇ બી. શાહ, તેજભાઇ એચ. શાહ, પુનિતભાઇ પી. શાહના વરદ્ હસ્તે પ્રશતિપત્ર અર્પણ કરી બહુમાન અચલગચ્છ જૈન સંઘ ભુજ દ્વારા કરવામાં આવેલ. દાતાઓની અંતરની ભાવાનાંઓને બિરદાવવામાં આવેલ હતા. મહોત્સવના બીજા દિવસે સિદ્ધાચલ ભાવયાત્રા મહાપૂજન યોજાયું હતું. ભાવિકોની ભારે ભીડ જામી હતી. સિદ્ધાચલ ભાવયાત્રા પૂજન માતૃશ્રી સરસ્વતીબેન ચમનલાલ શાહ પરિવાર (જય-ફેની-નિરવ-કિંજલ-જોલી-રાજેશ-રીટાના વર્ષીતપની અનુમોદનાર્થે) તથા ચંદનબેન નાનાલાલ દેવશીં શાહ પરિવાર (મલય, બીજલ,સોનાલી, દિપ્તીના વર્ષીતપની અનુમોદનાર્થે) દ્વારા યોજાયું હતું. ભુજ અચલગચ્છ જૈન સંઘ દ્વારા સંગીતના સથવારે તપસ્વીઓનાં તપની અનુમોદના કરી તેઓનું બહુમાન કરવામાં આવેલ. વિધિવિધાન દીપકભાઇ કોઠારીએ કરાવેલ. જયારે સંગીતની રમઝટ વંદિત સુખિયા અને શાસન શાહે જમાવેલ હતા.

૪૦૦-૪૦૦ દિવસનાં આંગણે મંડાયેલા મહાયજ્ઞમાં જેની થાક વિનાની ભક્તિએ સહ તપસ્વીઓનાં થાક ઉતાર્યા એવા સેવાના સુત્રધારો ચંદ્રકાંત વોરા, કિરણ શાહ, જીતેશ શાહ, હર્ષાબેન પારેખ, પ્રફુલ શાહ, ફેનિલ વોરા, વિમલેશ શાહ, દીનાબેન શાહ, હર્ષદ શાહ, નીલ શાહ, પરેશ શાહ, ભાવનાબેન શાહ તથા ભક્તિથી તપસ્વીઓને આનંદમાં રાખનાર સંઘના બાળ કાર્યકરો હૃદય શાહ, મન શાહ, પ્રિયમ વોરા, પરમ શાહની અચલગચ્છ જૈન સંઘ ભુજ દ્વારા અનુમોદના કરવામાં આવેલ હતી.

# ભુજમાં યોજાયેલા હોમિયોપેથી નિ:શુલ્ક કેમ્પનો ૮૦ દર્દીઓએ લાભ લીધો



ભુજ - કચ્છઉદય : નિયામક આયુષની કચેરી ગાંધીનગર અને જિલ્લા આયુર્વેદ શાખા ભુજ દ્વારા ૧૦મી એપ્રિલ વિશ્વ હોમિયોપેથી દિવસ નિમિત્તે માનવજ્યોત સંસ્થા અને નવી રાવલવાડી રીલોકેશન સાઇટ રોટરીનગર અને ટોપ હિલ સોસાયટીનાં સહકારથી હોમિયોપેથી નિ:શુલ્ક કેમ્પ તર્પણેશ્વર મહાદેવ મંદિર પટાંગણ મધ્યે યોજાયો હતો.

જિલ્લા આયુર્વેદ અધિકારીના માર્ગદર્શન હેઠળ હોમિયોપેથી ડોકટરો ડો. પ્રતિક્ષાબેન પવાર, ડો. પ્રકાશ પટેલ, ડો. વાસંતીબેન જાદવે પોતાની સેવાઓ આપી હતી. ૮૦ દર્દીઓનાં દર્દનું નિદાન કરી તેઓને નિ:શુલ્ક દવાઓ આપવામાં આવી હતી તેમજ અસરકારક હોમિયોપેથી સારવારની સમજપૂરી પાડવામાં આવી હતી. પ્રબોધ મુનવર, તરૂણભાઇ સોની, દિલીપભાઇ ગુસાઇ, પ્રજ્ઞાબેન સોની, હીરાબેન ગુસાઇ, ઉર્વીબેન દરજી, ઈલાબેન વૈષ્ણવે વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો.

# રાપર મોડર્ન સ્કૂલ ખાતે ઈવીએમ પ્રિપેરેશન તથા ઝોનલ તાલીમ શિબિર યોજાઈ



રાપર : આગામી ૨૬ એપ્રિલ ના યોજાનારી જિલ્લા અને તાલુકા પંચાયતની સામાન્ય ચૂંટણીના મતદાનનેઅનુલક્ષીને રાપર તાલુકા ની પાંચ જિલ્લા પંચાયતની અને ચોવીસ તાલુકા પંચાયતની બેઠકની ચૂંટણીને અનુલક્ષીને રાપર ખાતે આવેલ મોડર્ન સ્કૂલ ખાતે જિલ્લા કલેકટર આનંદ પટેલ તથા ભચાઉ પ્રાંત અધિકારી જે આર ગોહિલ ના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકા મામલતદાર એચ.બી.વાઘેલા તાલુકા વિકાસ અધિકારી ખોડુભા વાઘેલા અધ્યક્ષતામાં તમામ ઝોનાલ અધિકારી અને આસિસ્ટન્ટ ઝોનલ અધિકારીની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઇવીએમ પ્રિપેરેશન અંગે ની તાલીમ ઇવીએમ પ્રિપેરેશન અંગેની તાલીમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં તમામ ઝોનલ અધિકારી તથા મતદાન મથકો પર ફરજ બજાવતા કર્મચારીઓ ને ઈવીએમ થી કઈ રીતે મતદાન થાય તે અંગે તાલીમ શિબિરમાં સમજણ આપવામાં આવી હતી તાલીમ શિબિર દરમિયાન નાયબ મામલતદાર બી.ડી.કોરાટચુંટણી નોડેલ ડી.પી.રાઠોડ વિજય જાની વિગેરે ઉપસ્થિત રહ્યા હતા અને ઈવીએમ અંગે માહિતી અને માર્ગદર્શન આપ વામા આવ્યું હતું.

**સવા કરોડના ખર્ચે અદ્યતન બનેલું**


# માતાનામઢનું આરોગ્ય કેન્દ્ર બિમાર : દર્દીઓને હાલાકી

**તબીબી સહિતની સુવિધાના અભાવે આસપાસના ૧૫ ગામોના દર્દીઓને હાલાકી ભોગવી પડે છે : ગામના સરપંચ સહિત અગ્રણીઓ આરોગ્ય મંત્રીને રજૂઆત કરી : સુવિધા નહીં અપાય તો તાળાબંધીની ચિમકી અપાઈ**



નખત્રાણા - કચ્છ ઉદય : તીર્થધામ માતાનામઢનું ત્રણ માર્ચ અગાઉ લોકાર્પણ થયેલ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર તબીબી અને પુરતી સુવિધાના અભાવે શોભાના ગાંઠિયા સમાન ભાસી રહ્યો છે. ગામના સરપંચ કાસમ કુંભાર અને ગામના અગ્રણીઓની સહીં સાથે આરોગ્યમંત્રી અને આરોગ્ય અધિકારીને પાઠવેલા પત્રમાં જણાવ્યું છે કે, તીર્થધામ માતાનામઢ દૈનિક હજારો યાત્રિકો આવે છે. તેમાં બિમાર લોકોને આશીર્વાદરૂપ આ આરોગ્ય કેન્દ્રમાં ૧૫ ગામોથી સંકળાયેલો છે. જેમાં કોટડા (મઢ), આશાપર, કંઠોળા, સાંભણ, જુણાગીયા, કલરવાંઢ, ભાડરા, રામાણીયા સહિત ગામોમાંથી અનેક બિમાર દર્દીઓ આરોગ્ય કેન્દ્રમાં સારવાર અર્થે આવે છે પરંતુ આ આરોગ્ય કેન્દ્રમાં તબીબ નહોતા કે અન્ય જરૂરત સાધનો ન હોતા બિમાર દર્દીને દૂરથી ધક્કા પડે છે અને સારવારના અભાવે ક્યારેક દર્દી મોતને પણ ભેટે છે તો ક્યારેક અકસ્માતો થાય છે. તેમાં પણ તાકીદે સારવાર ન મળતા મોતને ભેટે છે ત્યારે યાત્રાધામને અતિ ઉપયોગી આસપાસના ગામોના દર્દીઓને આશીર્વાદરૂપ આરોગ્ય કેન્દ્રમાં તાકીદે તબીબ સહિતની જગ્યાઓ નહીં પુરાયતો ગામ લોકો નાછૂટકે આરોગ્ય કેન્દ્રને તાળાબંધી કરશે તેવી ચીમકી અપાઈ છે.

# શેરડી પ્રાથમિક ગ્રુપ શાળાના ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારોહ યોજાયો



ગઢશીશા - કચ્છઉદય : શેરડી પ્રાથમિક ગ્રુપ શાળામાં ધોરણ ૮ના વિદ્યાર્થીઓનો દીક્ષાન્ત સમારોહ યોજાયો હતો. સમારોહમાં સરપંચ પરસોત્તમભાઈ દાફડા, મંગલ દેવાભાઈ સંઘાર, જેઠાલાલ વેલજી હરિયા, દિનેશ દેવરાજ ગોસર, ભરતભાઈ દવે, વિક્રમસિંહ જાડેજા, ધીરુભાઈ ગોહિલ, પ્રવીણ સિંહ રાઠોડ, લખનભાઇ સંઘાર સાહિતનાઓ મંચષ્થ રહ્યા હતા. આરંભે કુમ કુમ તિલક કરી સૌને આવકારાયા હતા. મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય કરી કરી કાર્યક્રમની શુભ શરૂઆત કર્યા બાદ વિદ્યાર્થીનીઓ દ્વારા પ્રાર્થના તેમજ સ્વાગત ગીત રજુ કરવામાં આવ્યું હતું. આચાર્ય ભાણજી સંઘાર દ્વારા સ્વાગત પ્રવચન કર્યા બાદ તમામ મહાનુભાવોને સાલ તેમજ ભગવદ ગીતા અર્પણ કરી સ્વાગત કરાયું હતું. ભોજન સમારંભના દાતા શિવજી મંગલ સંઘારનું સન્માન પત્ર તેમજ સાલ આપી વિશેષ સન્માન કરાયું હતું. શિક્ષકો તેમજ વિદ્યાર્થીઓએ પોતાના સંસ્મરણો વાગોળ્યા ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા. શાળાના વિદાયમાન વિદ્યાર્થીઓ દ્વારા શાળાને ડિજિટલ વાયરલેસ માઈક સિસ્ટમ ભેટ આપવામાં આવી હતી. શાળા દ્વારા વર્ષ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી કરનાર તથા વિવિધ પ્રવુતિઓમાં ઉત્કૃષ્ટ દેખાવ કરનારા વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર અને મેડલ એનાયત કરી પ્રોત્સાહિત કરાયા હતા. ગંગાપર શાળાના આચાર્ય ભરતભાઈ દવે દ્વારા પ્રાસંગિક પ્રવચન કરી શાળાના શિક્ષકોની કામગીરીને બિરદાવાઈ હતી. જેઠાલાલ હરિયા તરફથી બાળકો સહીત તમામને સ્વાદિષ્ટ આઈસ્ક્રીમ અપાઈ હતી. વિદ્યાર્થી તેમજ શિક્ષકોએ દાતાઓનો આભાર વ્યક્ત કરતા હર્ષની લાગણી અનુભવી હતી. મહેશભાઈ પટેલ, વિપુલભાઈ પટેલ, રાણાભાઇ સંઘાર, જીજ્ઞાશાબેન પટેલ, ઋત્વીબેન ભીમાણી, બિપીનભાઈ રાઠોડ, એસએમસીના ઈલાબેન રાઠોડ સાહિતના પેટા શાળાના શિક્ષક મિત્રો ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા કોમલબેન ભાનુશાલી, ડોલીબેન પટેલ, જાગૃતીબેન પંપાણીયા, શ્વેતાબેન વાળા, રૂપલબેન ફોફરીયા સહીતનાઓએ જહેમત ઉઠાવી હતી. સંચાલન શિક્ષક અનિલભાઈ ચુનારાએ અને આભારવિધી આચાર્ય ભાણજી સંઘારે કરી હતી.

# મુન્દ્રા રોડ પર મરામત કામગીરીની માગ તેજ



**સ્ટ્રીટ લાઈટ બાદ પેચવર્ક અધૂરું, નાગરિકોને મુશ્કેલી**

ભુજ-કચ્છઉદય : શહેરના મોટા વિસ્તાર ધરાવતા મુન્દ્રા રી-લોકસન સાઈડના પ્રમુખ સ્વામી નગર, મુન્દ્રા રોડ સહિતના વિસ્તાર પર તાજેતરમાં નવી સ્ટ્રીટ લાઈટો લગાવવામાં આવતા વિસ્તારના નાગરિકોએ આવકાર આપ્યો છે. લાંબા સમયથી રહેલી માંગ પૂર્ણ થતાં રાત્રિના સમયે પ્રકાશ વ્યવસ્થા સુધરી છે, પરંતુ તેની સાથે રોડ મરામતની કામગીરી અધૂરી રહેતા લોકોમાં અસંતોષ જોવા મળી રહ્યો છે.

સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ લાઈટિંગ વ્યવસ્થા સુચારુ બની હોવા છતાં રોડ પર પેચવર્ક અને ઈન્ટરલોકિંગનું કામ પૂરું ન થતાં ટુ-વ્હીલર વાહનચાલકોને ખાસ કરીને રાત્રિના સમયે મુશ્કેલીનો સામનો કરવો પડે છે. કેટલાક વિસ્તારોમાં ખાડા અને અસમતળ રસ્તાના કારણે અકસ્માતનો ભય પણ વધ્યો છે. લોકોએ તંત્રને તાત્કાલિક ધોરણે પેચવર્ક કામગીરી પૂર્ણ કરવા તથા જ્યાં ઈન્ટરલોકિંગ ખસી ગયું છે તે ફરીથી યોગ્ય રીતે બેસાડવાની માંગ કરી છે. નાગરિકોનું કહેવું છે કે લાઈટિંગ અને રસ્તાની મજબૂત મરામત બંને સાથે થાય તો જ વિકાસકાર્ય પૂર્ણ ગણાશે અને લોકોને સાચી રાહત મળશે.

# ઉમા યોગ કેન્દ્ર ખાતે સાપ્તાહિક સેમિનારનું આયોજન

**યોગસાધકો દ્વારા દીપ પ્રાગટ્ય કરી સેમિનારને મુકાયો ખુલ્લો : યોગ ટીચરો દ્વારા સૂર્ય નમસ્કાર, કસરતો, મેડીટેશન કરાવાશે**



ભુજ : ઉમા યોગ કેન્દ્ર મધ્યે પ્રોપ્સ સાપ્તાહિક સેમિનારનું આયોજન પ્રોજેક્ટ ચેરપર્સન ભાવનાબેન ઝવેરી દ્વારા કરવામાં આવ્યું છે. જેમાં યોગ ટીચરો મનિષાબેન, જીજ્ઞાબેન, ભાવનાબેન દ્વારા બોલ, સ્ટીક, દુપટ્ટા, પાણીની બોટલ, લેઝીમ, પાણીની બોટલ નો યુઝ કરીને એક્સરસાઈઝ તથા બેલી ફેટ રીડ્યુસ માટે ઝુમ્બા અને એરોબિક્સ વર્કઆઉટ તેમજ સિનિયર સિટીઝન માટે ચેર સૂર્ય નમસ્કાર, હળવી કસરતો, હાસ્ય, મેડીટેશન કરાવવામાં આવે છે. આ કાર્યક્રમમાં જેલમબેન, રાખીબેન, ગ્રીષ્માબેન, સીમાબેન વ્યવસ્થામાં સહયોગ આપી રહ્યા છે.

આ સેમીનારનો ૫૦ જેટલા વ્યક્તિઓ લાભ લઈ રહ્યા છે. નવા યોગ સાધકો દ્વારા દીપ પ્રાગટ્ય કરવામાં આવ્યું હતું.

## રાપર ખાતે ૧૩૫મી ડો. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી



રાપર ખાતે ૧૩૫મી ડૉ. બાબાસાહેબ આંબેડકરની જન્મ જયંતીની ઉજવણી શ્રી સાર્વજનિક કુમાર છાત્રાલય રાપર માં કરવામાં આવી આ પ્રસંગે શ્રી મેમાભાઈ ચૌહાણ, પ્રમુખ શ્રી પછાત મિત્ર ચેરિટેબલ ટ્રસ્ટ રાપર તથા દુદાભાઈ સેજુ, રમેશભાઈ રાઠોડ અને સમાજના આગેવાનો તથા ગૃહપતિ ભગુભાઈ સોલંકી એ બાબાસાહેબને પુષ્પ અર્પણ કરી જન્મ દિવસની ઉજવણી છાત્રાલય ના છાત્રો સાથે રહી ઉજવણી કરવામાં આવી. વ્યવસ્થા ભગુભાઈ સોલંકી ગૃહપતિ એ સંભાળી અને આભારવીધી કરી.

# ગાંધીધામમાં વિશ્વ ચકલી દિવસ નિમિત્તે ૩૦૦૦ ચકલીઘર અને કુંડાનું વિતરણ કરાયું



ગાંધીધામ - કચ્છઉદય : ગાંધીધામમાં વિશ્વ ચકલી દિવસની પ્રેરણાદાયી ઉજવણી કરવામાં આવી હતી. આ અવસરે જાયન્ટ્સ ગ્રુપ ઓફ ગાંધીધામ દ્વારા પર્યાવરણ અને પક્ષી પ્રેમના ઉમદા ઉદ્દેશ્ય સાથે ૩૦૦૦ ચકલીઘર અને ૩૦૦૦ પાણીના કુંડાનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવ્યું હતું.

આ સેવાકીય પ્રવૃત્તિમાં શામજીભાઈ કાનગડ, તેજાભાઈ કાનગડ, રામકરણ તિવારી ભૈયાજી, શરદ ઠક્કર, હરીશ મહેશ્વરી, શરદ શેટ્ટી, જગદીશ પટેલ, નિહાર ઠક્કર, કમલ ગણાત્રા અને ભરત લખનોરી સહિતના અગ્રણીઓએ ઉત્સાહપૂર્વક સહયોગ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે જાયન્ટ્સ ગ્રુપના તમામ સભ્યોએ જહેમત ઉઠાવી પક્ષી બચાવો અભિયાનમાં પોતાનું યોગદાન આપ્યું હતું.

# માનસિક દિવ્યાંગોને વોટરકુલર અર્પણ કરાયું



ભુજ - કચ્છઉદય : બેંક ઓફ ઈન્ડીયા ભુજ દ્વારા માનવજ્યોત સંસ્થા ભુજ સંચાલિત રામદેવ સેવાશ્રમ પાલારાનાં માનસિક દિવ્યાંગ ભાઇ-બહેનોને ઉનાળાની કાળઝાળ ગરમીમાં પીવા ઠંડુ પાણી મળી રહે તેવા હેતુ સાથે પ્રવૃત્તિના એક ભાગરૂપે વોટર કુલર અર્પણ કરાયું હતું. બેંક ઓફ ઈન્ડીયાના રાજમન પ્રજાપતિ, ભવલીન સિંઘ, અવનીબેન મંગે, કાન્તીલાલ રાઠોડની ઉપસ્થિતિમાં આ વોટરકુલર અર્પણ કરાયું હતું. માનવજ્યોત દ્વારા બેંક ઓફ ઈન્ડીયાના પદાધિકારીઓનું બહુમાન કરવામાં આવ્યું હતું. માનવજ્યોતનાં પ્રબોધ મુનવર, આનંદ રાયસોની, રીતુબેન વર્માએ આભારની લાગણી વ્યક્ત કરી હતી.

# ૬૦ વૃદ્ધ-વડીલોએ યાત્રા કરી ધન્યતા અનુભવી : વિરાંગના બહેનો પણ જોડાયા



ભુજ - કચ્છઉદય : માનવજ્યોત સંસ્થા ભુજ દ્વારા દાતા સવરાજભાઈ લખમણ સાખરા ભુજપુરનાં સહયોગથી તેમજ ક્રિશિવ ફાઉન્ડેશનનાં નયનાબેન ગોસ્વામી, પ્રેરણા મહિલા મંડળનાં વંદનાબેન ભાવસાર તથા પિંગલેશ્વર પુનમ ગ્રુપ નાં મીરાંબેન જેઠીનાં સાથ-સહકારથી ૬૦ વૃદ્ધ વડીલોને નારાયણ સરોવર, કોટેશ્વર, માતાનામઢ તીર્થોની યાત્રા કરાવાઈ હતી. ભુજ મધ્યે યાત્રા બસને માનવજ્યોતનાં પ્રબોધ મુનવર, પૃથ્વીરાજસિંહ જાડેજાએ સ્ટાર્ટ આપ્યો હતો.

પ્રારંભે યાત્રા પ્રવાસમાં જોડાયેલા ચારે વિરાંગના મહિલાઓનું માનવજ્યોત સંસ્થા દ્વારા સાલ ઓઢાળી સન્માન કરવામાં આવ્યા હતા. માર્ગમાં વૃદ્ધ વડીલો, મહિલા મંડળો અને માનવજ્યોતનાં કાર્યકરોએ રાસ,ગરબા,ભજન, કિર્તન, ધૂનની રમઝટ જમાવી હતી. માતાનામઢ, નારાયણ સરોવર, કોટેશ્વર તીર્થો તથા પૂંઅરેશ્વર મહાદેવ અને સ્વામિનારાયણ મંદિર નારાયણ સરોવરનાં દર્શન કરી ધન્યતા અનુભવી હતી. ચારે વિરાંગનાઓએ દેશ ભક્તિનાં ગીતો રજૂ કરી દેશસેવાની ભાવનાંઓની સમજપૂરી પાડી હતી. દાતા સવરાજભાઈ લખમણ સાખરાની અંતરની ભાવનાંઓને બિરદાવવામાં આવી હતી. પૃથ્વીરાજસિંહ જાડેજા, આનંદ રાયસોની, કનૈયાલાલ અબોટી, ભુપેન્દ્રભાઈ બાબરીયા, આરતીબેન જોષીએ સાથે રહી સમગ્ર વ્યવસ્થામાં સહકાર આપ્યો હતો.

## ગાંધીધામની જનતાને હાકલ : શહેરનું નખોદ વાળનારાઓને ઓળખો

# ગાંધીધામમાં 'સત્તાના ભૂખ્યા' ઉમેદવાર સામે પ્રજાનો પ્રચંડ વિરોધ

ગાંધીધામ : ગાંધીધામ નગરપાલિકાની આગામી ચૂંટણીઓમાં ઉમેદવારોના નામ જાહેર થતાની સાથે જ શહેરના રાજકારણમાં ભડકો થયો છે. ખાસ કરીને નપામાં અગાઉ કારોબારીમાં ટોંચના મોભાદાર સ્થાન- પદો ભોગવી ચૂકેલા એક ચોક્કસ ઉમેદવારને ફરીથી ટિકિટ આપવામાં આવતા જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. લોકો આક્ષેપ કરી રહ્યા છે કે સત્તાના નશામાં ચૂર આ મહાશયનો ભ્રષ્ટાચારનો મોહ હજુ પણ છૂટતો નથી.ગાંધીધામના જાગૃત નાગરિકોમાં એવી ચર્ચા જોર પકડ્યું છે કે આ ઉમેદવાર જે પ્રકારે તેઓ નગરપાલિકામાં રહીને સત્તાને વળગી રહ્યા છે અને ફરી ફરીને ટિકિટો મેળવી ચૂકયા છે, તે જોતા પ્રજામાં તેમની દાનત સામે સવાલો ઉઠી રહ્યા છે. મતદારો, વોર્ડવાસીઓ અને જાગૃત લોકો આ મહાશયની સામે બળાપો ઠાલવતા ચર્ચા કરી રહ્યા છે કે, ?જ્યારે આ ઉમેદવાર કારોબારીના સર્વોચ્ચ પદ પર હતા, ત્યારે શહેરના અનેક કામો માત્ર કાગળ પર જ થયા હોવાના ગંભીર આક્ષેપો પ્રજા કરી રહી છે. ભ્રષ્ટાચાર આચરીને સરકારી તિજોરીને નુકસાન પહોંચાડ્યું હોવા છતાં, ફરીથી સત્તા મેળવવા માટેની તેમની લાળ ટપકતી જોઈને મતદારો હવે સાવધ થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે જૂના અને નિષ્ઠાવાન કાર્યકરોના પત્તા કાપીને આ જ ભ્રષ્ટાચારી ચહેરાઓને ફરી મેદાનમાં ઉતારવા તે ગાંધીધામના હિતમાં નથી. શહેરના બુદ્ધિજીવીઓ અને રહેવાસીઓ કહી રહ્યા છે કે આવા સત્તાભૂખ્યા ઉમેદવારોને મત આપવો એટલે ગાંધીધામના વિકાસનું નખોદ વાળવા સમાન છે. લોકો અપીલ કરી રહ્યા છે કે મત આપતા પહેલા આ મહાશયના પાલિકા કાળના ઈતિહાસને તપાસો. શું ફરીથી એ જ ભ્રષ્ટાચાર અને કમિશનની પ્રથાને જીવંત રાખવી છે? જો શહેરને બચાવવું હોય તો આવા તત્વોને જાકારો આપી પ્રામાણિક અને નવા ચહેરાઓને તક આપવી અનિવાર્ય છે. ગાંધીધામના વોર્ડમાં અત્યારે આંતરિક વિરોધનો વંટોળ એટલો તીવ્ર છે કે જો આ ઉમેદવાર સામે જનતાનો આક્રોશ ઠર્યો નહીં, તો આગામી પરિણામો ચોંકાવનારા આવી શકે છે

## ગાંધીધામના વોર્ડ-૮ના મતદારોમાં ભભુકયો રોષ : એ.કે.સિંગને ઓળખો અને આપો જાકારા

**મીડ ઈન્ડીયા જેવી કંપનીમાથી સારા હોદાની નોકરી છોડી અને રાજકારણમાં ફરી ફરીને ચીટકી રહેવા મથતા આ એ.કે.સીગને અહી કેટલી ચાંદી જ ચાંદી દેખાતી હશે, વિચાર તો કરો? પ્રજા સેવા માટે શું તંબુરો આવે છે આ મહાશય જાહેરજીવનમાં? માત્ર અને માત્ર સેવાના નામે મેવા જ રડી લેવા છે આ સાહેબને તો? પ્રજાજનો- મતદારોમાં ફેલાયો ભારોભાર કચવાટ**

**એ.કે.સીગના લીધે તેના વોર્ડના અન્ય ઉમેદવારોની પણ કયાંક બકરી ડબ્બામાં અને પુછડી બહાર જેવી સ્થિતી ન થઈ જાય? કારોબારી ચેરમેન વખતે એ.કે. સીંગે આદરેલા ભ્રષ્ટચારોની ચકચારથી વોર્ડવાસીઓએ આ શખ્સને મતો ન આપવા, આવે તો ઘેરાબંધી કરવી, જાકારો આપવો સહિતની રણનીતી બનાવી હોવાની જામી છે ચર્ચા**

**આ એ.કે.સીગ કોના જોરે આટલી તાકાત દેખાડી રહ્યો છે? જો જો, જેના નામો વટાવતો ફરી રહ્યો છે તેમના પર પણ આગામી સમયમાં કોઈ સાચા ખોટા કાદવ ઉછળવા ન લાગીજાય! : જાણકારોની લાલબત્તી**

ગાંધીધામ : ગાંધીધામ મહાનગરપાલિકામાં પ્રથમ જ વખત ચુંટણી યોજાવવા પામી રહી છે ત્યારે હવે શહેરના મતદારો-વોર્ડવાસીઓ પણ ખુબ જ જાગૃત બની ગયા હોય તેવી ચર્ચાઓ પણ સપાટી પર આવી રહી છે. મનપા તંત્રમાં સારા-સાચા-પ્રમાણિક અને પ્રજાનિષ્ઠ લોકોને ચુંટવાનુ જ મન વોર્ડવાસી-મતદારોએ બનાવ્યુ હોય તેમ શહેરના ૮મા વોર્ડમાથી એક ઉમેદવારની સામે ભભુકી રહેલા રોષને જોતા જાણકારો કહી રહ્યા છે.

આ મામલે વોર્ડ નં. ૮ના જાગૃત મતદારોમાં જામેલી ચર્ચાઓની વાત કરીએ તો તેઓએ અહી ઉમેલા ઉમેદવારો પેકીના એ.કે.સીંગ કે જે અગાઉ કારોબારી ચેરમેન તરીકે બિરાજમાન હતા તેની કાર્યશેલીઓ અગાઉ જોયલી હોવાથી હવે આ એ.કે.સીંગને ઓળખો અને જો વોર્ડનો વીકાસ ઈચ્છતા હોય તો તેને જાકારો જ આપો તેવો કચવાટ ભારોભાર હોવાનુ સામે આવવા પામી રહ્યુ છે. ચર્ચાય છે કે, જયારે તે કારોબારી ચેરમેન હતો ત્યારે ભ્રષ્ટાચારે નગરપાલીકામાં માજા મુકી દીધી હતી? જાણકારો કહી રહ્યા છે કે એ કે સીંગ કયારે પણ પોતાના વોર્ડ વિસ્તારમાં જોવા નથી મળ્યો, અને હવે ફરીથી તેને મનપામાં ટિકિટ લીધી છે? મીડ ઈન્ડીયા જેવી સારી કંપનીમાં મોટા પગાર પર હતો તેને રાજીનામુ આપી અને આ શખ્સે જાહેરજીવનમં ફરીથી યેન કેન પ્રકારેણ ટીકિટ લીધી છે ત્યારે જાણકારો કહે છે કે તેને અહી મધવાળી લાળ કેટલી ટપકતી જોઈ હશે? જાહેરજીવનમાં તેને કેવી ચાંદી જ ચાંદી થઈ જવાની હશે? અહી પ્રજાજનો કહે છે કે, અગાઉ જેણે પોતાના વોર્ડનું ભલુ નથી કર્યુ તે હવે શું કરવાનો હતો? આ શખ્સ હવે મત માંગવા આવે ત્યોર તેને ઘેરાબંધી કરો, કામનો હિસાબ માંગો, અને જાકારો જ આપી દયો તેવુ મન બનાવી બેઠા હોવાનુ મનાય છે. એટલુ માત્ર જ નહી પણ આ પેનલમાં એ કે સીંગના લીધે અન્ય ઉમેદવારોને પણ સમસ્યાઓ વેઠવાનો વારો આવી શકે છે તેવી ભીતી પણ સેવાતી જોવાઈ રહી છે.

## મહિલા અનામત મુદ્દે કોંગ્રેસ-વિપક્ષે લગાડેલો ડાઘ કયારે સાફ નહી કરી શકે : કિરણ રીજીજુ

નવી દિલ્હીઃ મહિલા અનામતના મુદ્દે જાણે કે મહાસંગ્રામની સ્થિતી હોય તેમ આજ રોજ ભાજપ દ્વારા પણ પ્રેસ યોજી અને પોતાની વાત રાખવામ આવી હતી. આજ રોજ સડકથી માંડી અને સંસદ સુધી ભાજપ વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. બીજીતરફ આજ રોજ સરકાર વતીથી કિરણ રીજીજુએ પણ પ્રેસ યોજી અને પોતાની વાત રાખતા કહ્યુ હતુ કે, મહીલા અનામત બીલ મુદ્દે કોંગ્રેસે સમર્થન ન આપી અને મોટી ભુલ કરી છે અને તે કોંગ્રેસને ભોગવવું





**સંસદમાં મહિલા બિલ પરાસ્ત થયા બાદ ભાજપે યોજી પ્રેસ : વિપક્ષે બીલનું સમર્થન ન કરીને મોટી ભુલ કરી, વિપક્ષે પરીણામ ભોગવવા પડશે**

પડશે. વિપક્ષે મહિલાઓ સાથે અન્યાય કર્યો છે. લોકસભા અને વિધાનસભાઓમાં જગ્યા મહિલાઓને આપવા માટે સરકારનુ મહત્વપૂર્ કદમ હતુ તે પાસ ન થયુ તેનાથી અમે દુખી છીએ. આ અમારી સરકારની નિષ્ફળતા નથી પણ કોંગ્રેસ અને અમુક વિપક્ષી દળોએ આ કૃત્યને અંજામ આપ્યો છે. આગામી દીવસોમાં તેઓને મહીલા રોષનો સામનો કરવો પડશે. કોંગ્રેસ પાર્ટી મહીલા વિરોધી છે તે ડાઘ હવે કયારે પણ નહીં ભુલી શકાય.

## રાજયના સર્વાંગી વિકાસ માટે સરકાર વચનબદ્ધ : સીએમ




**સ્થાનિક સ્વરાજયની ચૂંટણીનો કર્યો પ્રચાર : વિકાસના મેન્ડેટ પર મત આપવા કર્યો અનુરોધ**

ગાંધીનગર : ગુજરાતમાં સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓનો ગરમાવો વ્યાપી રહ્યો છે. રાજકીય પક્ષોએ પ્રચરા યુદ્ધ પણ છેડી દીધુ છે. દરમયાન જ રાજયના મુખ્યપ્રધાન ભુપેન્દ્રભાઈ પટેલ આજ રોજ વાવ-થરાદના ગ્રામીણ વિસ્તારમાં પહોચ્યા છે જયા તેઓએ ભાજપના ઉમેદવારોને માટે પ્રચરા કર્યો છે અને વિકાસના મુદ્દે લોકો પાસેથી મતની માંગણી કરી છે. ઉપરાંત મુખ્યપ્રધાનશ્રીએ કહ્યુ કે, વાવ થરાદના સંપૂર્ણ વિકાસ માટે સરકાર વચનબદ્ધ છે.

## ભચાઉ નગરપાલિકા પાસે સર્જાયેલા અકસ્માતમાં ગુનો

ભચાઉ - કચ્છ ઉદય : અહીં નગરપાલિકા પાસે ચાંદની ચોકથી નવા બસ સ્ટેશન જતા રોડ પર અકસ્માત થયો હતો. જેમાં ગુનો દાખલ કરવામાં આવ્યો છે. ફરિયાદી માળીયામાં રહેતા અવેશ આમદભાઈ સંઘવાણીના જણાવ્યા પ્રમાણે શાહરુખ મહેબુબ જેયડાએ પોતાની ગાડી પુર ઝડપે ચલાવી ફરિયાદીના નાના ભાઈની પત્નીને પાડી દેતા ઈજાઓ થઈ હતી. અકસ્માત સર્જીને ચાલક ભાગી ગયો હતો. જેથી ગુનો દાખલ કરાયો છે.

## આમરવાંઢમાં બાળકોની મસ્તીમાં મોટેરા બાખડી પડ્યા

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના આમરવાંઢમાં બાળકોની મસ્તીમાં મોટેરા બાખડી પડ્યા હતા. આ બાબતે મળતી વિગતો મુજબ ફરિયાદી મામદ જુસબ કેરના જણાવ્યા પ્રમાણે તેમનો દીકરો મિત્રો સાથે ઝાડ નીચે બેસી મજાક મસ્તી કરતો હતો ત્યારે આરોપી સાજીદ કાસમ ઉર્ફે બાવાડા મંધરા, કાસમ ઉર્ફે બાવાડા ઈશાક મંધરા અને આસિફ ઈસ્માઈલ મંધરા આવ્યા અને ફરિયાદીના દીકરા તથા તેના મિત્રોને અહીં મસ્તી ન કરવાનું કહી ચાલ્યા જવાનું કહેતા રિઝવાને જવાની ના પાડી હતી ત્યારે આરોપીઓએ રિઝવાનને માર મારતા કોઠારા પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

## ભુજ-નલિયા એસટી બસના સ્ટીયરીંગ લોક થતા બસ રસ્તો ઉતરી ગઈ

ભુજ - કચ્છ ઉદય : ભુજથી નલિયા જતી એસટી બસ વિભાપર પાસે પહોંચી ત્યારે બસનું સ્ટીયરીંગ લોક થઈ જતા બસ રોડ નીચે ઉતરી ગઈ હતી. મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા. આ બનાવમાં વૃદ્ધા અને મહિલા કંડક્ટરને મુઢમારની ઈજાઓ થઈ હતી. જેઓને ૧૦૮ મારફતે લઈ જવામાં આવ્યા હતા. જિલ્લામાં લાંબા રૂટ પર દોડતી લોકલ બસો ખખડધજ હોવાથી અવાર-નવાર પ્રમાણેની ફરિયાદો સામે આવે છે. જેનાથી મુસાફર વર્ગમાં ઉચાટ ફેલાયો છે.

## કોંગ્રેસે ઈતિહાસના પુસ્તકોમાંથી આદિવાસીઓના યોગદાનને ભૂંસી નાખવાનું ષડયંત્ર રચ્યું હતું : હર્ષ સંઘવી

ડાંગ :ડાંગ સ્વરાજ આશ્રમ, આહવા ખાતે 'જનસમર્થન ભાજપને, જનસમર્થન વિકાસને' ના નારા સાથે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીની અધ્યક્ષતામાં 'વિકાસ સંકલ્પ સભા'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે આદિવાસી પરંપરા મુજબ સાફા અને પ્રતીક સમાન તીર-કામઠા અર્પણ કરી નાયબ મુખ્યમંત્રીશ્રીનું જાજરમાન સ્વાગત કરવામાં આવ્યું હતું. તેમણે સામાજિક અગ્રણીઓ અને પદાધિકારીઓ સાથે બેઠક યોજીને વિવિધ પ્રશ્નો પર સંવાદ કર્યો હતો.

સભાને સંબોધતા હર્ષ સંઘવીએ જણાવ્યું હતું કે, ડાંગ એ વીરોની ભૂમિ છે જ્યાંના રાજાઓ અને પ્રજા ક્યારેય અંગ્રેજો સામે ઝૂક્યા નથી. આ દેશની આઝાદીમાં આદિવાસી સમાજનો અમૂલ્ય ફાળો રહ્યો છે, પરંતુ કોંગ્રેસે જાણીજોઈને ઈતિહાસના પુસ્તકોમાં આ પરાક્રમોને ભૂલાવી દેવાનું ષડયંત્ર રચ્યું હતું. આજે આદિવાસી ભાઈઓએ એ જ કોંગ્રેસને જડમૂળથી ઉખાડી ફેંકવાનું કામ કર્યું છે. તેમણે વધુમાં ઉમેર્યું કે ડાંગનો આદિવાસી સમાજ હંમેશા ધર્માંતરણ જેવી બદીઓ સામે લડતો રહ્યો છે.

સરકારની સિદ્ધિઓ વર્ણવતા તેમણે કહ્યું કે, કોંગ્રેસના શાસનમાં માતા-બહેનોને ૨ કિલોમીટર સુધી પાણી ભરવા જવું પડતું હતું, પરંતુ આદરણીય મોદી સાહેબની 'નલ સે જલ' યોજનાએ ઘરે-ઘરે પાણી પહોંચાડ્યું છે. ડાંગ આજે પ્રથમ પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો બન્યો છે તે ગૌરવની વાત છે. ભાજપ સરકારે જ ૧૦ હજાર આદિવાસી ખેડૂતોને તેમની જંગલ જમીનનો હક પાછો અપાવ્યો છે. નાયબ મુખ્યમંત્રી એ માહિતી આપી હતી કે, કમોસમી વરસાદથી થયેલા નુકસાન સામે સરકારે ડાંગના ખેડૂતોના ખાતામાં સીધા ૩૧ કરોડની સહાય જમા કરી છે. 'લખપતિ દીદી' યોજના થકી બહેનોને રોજગારી મળી રહી છે અને આ અભિયાનને હજુ વધુ વેગ આપવામાં આવશે.ડાંગની કનેક્ટિવિટી વધારવા માટે તેમણે કહ્યું કે, આગામી એક વર્ષમાં ડાંગ જિલ્લાને ૧૨૬ નવા મોટા રસ્તાઓ મળવાના છે, જે અંદાજે ૧૫૦ કરોડના ખર્ચે તૈયાર થશે. ૨૪ કલાક વીજળી અને શ્રેષ્ઠ રોડ કનેક્ટિવિટી એ ભાજપ સરકારની પ્રાથમિકતા છે.

## લોડાઈની ફૂડ પોઈઝનિંગની ઘટના બાદ જાગેલું ફૂડ વિભાગ એક્શન મોડમાં

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં ભુજ તાલુકાના લોડાઈ ગામમાં બનેલી ફૂડ પોઈઝનિંગની ગંભીર ઘટના બાદ હવે કચ્છ જિલ્લાનું ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગ સંપૂર્ણપણે હરકતમાં આવ્યું છે. લોડાઈમાં દૂષિત ખોરાકને કારણે મોટી સંખ્યામાં લોકો બીમાર પડ્યા હતા, જેને એક ચેતવણી સમાન ગણીને તંત્ર દ્વારા હવે ગ્રામીણ વિસ્તારો પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું છે. શનિવારે ભુજ તાલુકાના વિવિધ ગામોમાં ફૂડ વિભાગની ટીમો દ્વારા આકસ્મિક તપાસનો ધમધમાટ શરૂ કરવામાં આવતા બજારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ફૂડ વિભાગના અધિકારીઓએ ખાસ કરીને ગ્રામ્ય સ્તરે કાર્યરત લારી-ગલ્લા, નાની હોટલો અને નાસ્તાના સ્ટોલને નિશાન બનાવ્યા છે. તપાસ દરમિયાન માત્ર પાણીપુરી જ નહીં, પરંતુ કચ્છના લોકપ્રિય નાસ્તા એવા દાબેલી, ભેલ, ફાફડા-જલેબી અને ફરસાણનું વેચાણ કરતા વેપારીઓને ત્યાં વપરાતા તેલ, મસાલા અને અન્ય સામગ્રીની ગુણવત્તાની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવી હતી. આરોગ્ય સાથે ચેડાં કરતા અને અસ્વચ્છ વાતાવરણમાં ખાદ્યપદાર્થો બનાવતા એકમો સામે કડક



**ભુજ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ખાણીપીણીના એકમો પર તવાઈ : માત્ર તપાસ નહીં પણ ગુણવત્તાના ધોરણોની કડક ચકાસણી : દાબેલી, ભેલ અને ફરસાણના વેપારીઓમાં ફફડાટ : અખાદ્ય જથ્થાનો નાશ કરવાની કાર્યવાહી હાથ ધરાઈ**

કાર્યવાહીના સંકેતો આપવામાં આવ્યા છે.

ભુજ તાલુકાના કુકમા ગામ સહિતના આસપાસના વિસ્તારોમાં હાથ ધરવામાં આવેલી આ ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ભવિષ્યમાં લોડાઈ જેવી ઘટનાઓનું પુનરાવર્તન થતું અટકાવવાનો છે. તપાસ દરમિયાન અનેક જગ્યાએથી ખાદ્ય પદાર્થોના નમૂનાઓ લેવામાં આવ્યા છે, જેને લેબોરેટરી પરીક્ષણ માટે મોકલવાની તજવીજ હાથ ધરાઈ છે. ફૂડ વિભાગની આ આકરી કાર્યવાહીને પગલે અનેક હલકી ગુણવત્તાનો સામાન વેચતા ધંધાર્થીઓએ ફાફડા-જલેબી કે ફરસાણના ઘાણ ઉતારવાનું બંધ કરી દીધું હતું. તંત્રએ સ્પષ્ટ કર્યું છે કે લાયસન્સ વગર કે ગંદા વાતાવરણમાં ચાલતા નાસ્તાના સ્ટોલ સામે આગામી દિવસોમાં વધુ કડક પગલાં લેવામાં આવશે.

## વાગડ પંથકના મતદારોને રીઝવવા રાજકીય પક્ષો માટે લોઢાના ચણા ચાવવા જેવી સ્થિતિ

**જિલ્લા પંચાયતમાં એક પણ પટેલ ઉમેદવારને ટિકીટ ન ફાળવાતા ભારે નારાજગી : ચૂંટણી પ્રચારમાં ઉમેદવારો સાથે નેતાઓના જ ધાડેધાડા.. મતદારો અદ્રશ્ય**

ગાંધીધામ - કચ્છઉદય : વાગડ પંથકના રાજકારણમાં અત્યારે જે પ્રકારનો માહોલ જોવા મળી રહ્યો છે, તે લોકશાહીના નામે માત્ર એક વરવું પ્રદર્શન બનીને રહી ગયું હોય તેમ લાગે છે. સ્થાનિક સ્વરાજ્યની આ ચૂંટણીઓ ભાજપ અને કોંગ્રેસ બંને પક્ષો માટે પ્રતિષ્ઠાનો જંગ નહીં, પરંતુ સત્તાની લાલસાનો એક એવો અખાડો બની ગઈ છે જ્યાં જનતાના પ્રશ્નો હાંસિયામાં ધકેલાઈ ગયા છે. વાગડના મતદારોના મનમાં શું છે તે જાણવું હાલમાં અશક્ય છે, પણ આ અસ્પષ્ટતા કોઈ 'રાજકીય વ્યુહરચના' નથી, પરંતુ રાજકીય પક્ષો પ્રત્યેનો પ્રચંડ અસંતોષ અને તિરસ્કાર છે. ૨૦૨૭ની વિધાનસભાની ચૂંટણીનું ભવિષ્ય નક્કી કરનારી આ ચૂંટણીમાં મતદારોને રીઝવવા એ હવે પક્ષો માટે માત્ર માથાનો દુખાવો જ નહીં, પણ ગળાનું હાડકું બની ગયું છે.

આવતીકાલે અખાત્રીજ હોવાથી મુંબઈ અને અન્ય મહાનગરોમાંથી વાગડના વતની એવા પટેલ મતદારોના ટોળાં ઉતરી પડ્યા છે. પરંતુ આ આગમન કોઈ ઉત્સવ નથી, બલ્કે રાજકીય પક્ષો માટે ભયનો ઘંટ છે. જે રીતે જિલ્લા પંચાયતની બેઠકોમાં વાગડમાંથી એક પણ પટેલ ઉમેદવારને ટિકિટ ન આપીને આખા સમાજની અવગણના કરાઈ છે, તેનાથી લોકોમાં ભારે રોષ અને નકારાત્મકતા ફેલાઈ છે. આ એ જ પટેલ સમાજ છે જે વિધાનસભાની જીત-હાર નક્કી કરવાની તાકાત રાખે છે. સામાન્ય રીતે આ સમાજ વિધાનસભામાં કોંગ્રેસ તરફી ઝુકાવ રાખતો હોય છે.

ચૂંટણી પ્રચારની સ્થિતિ તો અત્યંત દયાજનક છે. રસ્તાઓ પર મતદારો શોધ્યા જડતા નથી, માત્ર ઉમેદવારો અને પક્ષના નેતાઓ જ પોતાની ગાડીઓના કાફલા સાથે ધૂળ ઉડાડતા જોવા મળે છે. જનતાનો આ પક્ષપાતી રાજકારણથી મોહભંગ થઈ ગયો છે. વાગડની ૨૪ તાલુકા પંચાયત અને ૫ જિલ્લા પંચાયતની બેઠકો પર એક પણ બેઠક બિનહરીફ ન થવી તે તંદુરસ્ત લોકશાહીનું લક્ષણ નથી, પરંતુ રાજકીય પક્ષો વચ્ચેની વેરઝેરની પરાકાષ્ઠા છે. દરેક પક્ષ બીજાને પછાડવા માટે સામ, દામ, દંડ અને ભેદની નીતિ અપનાવી રહ્યો છે, જેમાં વિકાસના મુદ્દાઓ ક્યાંય ખોવાઈ ગયા છે.ખાસ કરીને આધોઈની વાત કરીએ તો, ગત વિધાનસભા ચૂંટણીમાં અહીં ભાજપના મતોમાં ગાબડાં પડ્યાં હતાં. આ વખતે પણ સ્થિતિ સુધરવાને બદલે વણસી રહી હોય તેમ જણાય છે. સત્તાધારી પક્ષ પાસે આ 'ગાબડાં' પૂરવા માટે કોઈ નક્કર યોજના નથી, માત્ર પોલા વચનો અને જૂની વાતોનું ભાથું છે. પ્રજા હવે આ રાજકીય નાટકોથી કંટાળી ગઈ છે. મતદારોની આ મૌન નારાજગી બંને પક્ષો માટે ખતરાની નિશાની છે. વાગડ પંથકમાં અત્યારે જે નકારાત્મકતાનો જુવાળ છે, તે જોતા લાગે છે કે ૨૦૨૭નું પરિણામ અત્યારથી જ પક્ષો માટે કાળી ટીલી સમાન સાબિત થશે. રાજકારણીઓ ભલે રસ્તાઓ માપી રહ્યા હોય, પણ જનતાએ તેમના માટે દરવાજા બંધ કરી દીધા છે તે કડવું સત્ય પક્ષો પચાવી શકતા નથી. આ ચૂંટણી માત્ર સત્તા મેળવવાની હોડ નથી, પણ વાગડના રાજકારણના પતનનું જીવતું જાગતું ઉદાહરણ બની રહી છે.

## પહેલા પાનાથી...

**હોર્મુઝ મુદ્દે વિશ્વમાં**

સંકેત આપ્યો છે. હવે સોમવારે ઈસ્લામાબાદમાં થનારી બેઠક પર આખા વિશ્વની નજર ટકેલી છે, કારણ કે આ માર્ગ બંધ રહેવાથી તેલ અને ગેસના વૈશ્વિક પુરવઠા પર મોટી અસર પડી શકે છે.

**એલપીજી સપ્લાય માટે**



આ પાઈપલાઈનો જરૂર પડ્યે સ્ટોરેજ સુવિધાઓ તરીકે સેવા આપશે, જેનાથી દેશના LPG સપ્લાયની સુરક્ષા મજબૂત બનશે. કુલ, નવ LPG પાઈપ લાઈન પ્રોજેક્ટ્સનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં, આમાંથી ચાર પાઈપલાઈનો માટે બિડિંગ પ્રક્રિયા ચાલી રહી છે. આ ચાર પાઈપલાઈન્સ છેઃ આ બધી નવી પાઈપલાઈન્સની સંયુક્ત લંબાઈ આશરે ૨,૫૦૦ કિલોમીટર હશે. આ સમગ્ર પ્રોજેક્ટ માટે કુલ રોકાણ આશરે ૧૨,૫૦૦ કરોડ હોવાનો અંદાજ છે. હાલમાં, ભારતમાં LPG પાઈપલાઈન નેટવર્ક ૮,૦૦૦ કિલોમીટરથી થોડું વધારે છે.

**ભાજપ દેશવ્યાપી**

વિરોધ પ્રદર્શન કરવાનો નિર્ણય લીધો છે.એનડીએના બાકીના પક્ષો પણ આ વિરોધ પ્રદર્શનમાં ભાગ લેશે. લોકસભામાં મહિલા અનામત સુધારા બિલની હાર માટે અમિત શાહે કોંગ્રેસ અને ટીએમસી પર નિશાન સાધ્યું. અમિત શાહે ઠ પર લખ્યું, આજે લોકસભામાં એક ખૂબ જ વિચિત્ર દ્રશ્ય જોવા મળ્યું. કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે અને સમાજવાદી પાર્ટીએ નારી શક્તિ વંદન કાયદા માટે જરૂરી બંધારણીય સુધારા બિલ પસાર થતું અટકાવ્યું. મહિલાઓને ૩૩% અનામત આપતા બિલની હાર, અને ત્યારબાદ ઉજવણી અને તેના માટે ઉત્સાહ, ખરેખર નિદનીય અને કલ્પના બહાર છે.

અમિત શાહે કહ્યું કે હવે દેશની મહિલાઓને લોકસભા અને વિધાનસભાઓમાં ૩૩% અનામત મળી શકશે નહીં જે તેમને મળવાની હતી. કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ વારંવાર આવું કર્યું છે. તેમની વિચારસરણી ન તો મહિલાઓના હિતમાં છે કે ન તો દેશના હિતમાં. તેમણે કહ્યું, હું તેમને કહેવા માંગુ છું કે મહિલા શક્તિનું આ અપમાન અહીં અટકશે નહીં; તે ખૂબ દૂર સુધી જશે. વિપક્ષને માત્ર ૨૦૨૯ની લોકસભા ચૂંટણીમાં જ નહીં, પરંતુ દરેક સ્તરે, દરેક ચૂંટણીમાં અને દરેક જગ્યાએ 'મહિલાઓના ક્રોધ'નો સામનો કરવો પડશે.કોંગ્રેસ, ટીએમસી, ડીએમકે અને સમાજવાદી પાર્ટીએ નારી શક્તિ વંદન કાયદા માટે જરૂરી બંધારણીય સુધારા બિલ પસાર થવાથી અટકાવ્યું. મહિલાઓને ૩૩% અનામત આપતા બિલની હાર, ઉજવણી અને ઉલ્લાસ ખરેખર નિદનીય અને કલ્પના બહાર છે.આ દરમિયાન, કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેએ એક ઠ-પોસ્ટમાં લખ્યું, મોદી-શાહે દેશની અડધી વસ્તીને સીમાંકન લાદવા માટે ઢાલ તરીકે ઉપયોગ કરવાનો પ્રયાસ કર્યો અને દેશના લોકશાહી, બંધારણ અને સંઘવાદને નુકસાન પહોંચાડવાનો ઘૃણાસ્પદ પ્રયાસ કર્યો. સંયુક્ત વિપક્ષ, 'ભારત' ને તેમની ચાલાકીનો ખ્યાલ આવ્યો, અને બંધારણીય સુધારા બિલનો પરાજય થયો. અમે તમામ વિપક્ષી પક્ષોના નેતાઓનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કરીએ છીએ.

# ભાજપને મત એટલે પં. દિનદયાલજીની અંત્યોદયની વિચારધારાને સમર્થન : ફલજીભાઈ ચૌધરી




**લાખોંદ પાટિયા પાસે કુકમા જિલ્લા પંચાયત અને પાંચ તાલુકા પંચાયત બેઠકોના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્‌ઘાટન : ભાજપ પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ રિબન કાપી પ્રચાર અભિયાનને વેગ આપ્યો : કચ્છની તમામ બેઠકો પર ભવ્ય વિજયનો આશાવાદ વ્યક્ત કરતા કાર્યકરોમાં ભારે ઉત્સાહ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં આગામી ૨૬મી એપ્રિલના રોજ યોજાનારી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય ગરમાવો ચરમસીમાએ પહોંચ્યો છે. દરેક રાજકીય પક્ષોએ મતદારોને રિઝવવા માટે એડીચોટીનું જોર લગાવ્યું છે ત્યારે ભારતીય જનતા પાર્ટી દ્વારા પણ પ્રચાર પ્રસારની કામગીરીને અત્યંત વેગમાન બનાવી દેવામાં આવી છે. આ પ્રચાર અભિયાનના ભાગરૂપે આજે ભુજ તાલુકાના લાખોદ પાટિયા પાસે કુકમા જિલ્લા પંચાયત બેઠક તેમજ આ વિસ્તાર અંતર્ગત આવતી પાંચ તાલુકા પંચાયત બેઠકો માટેના સંયુક્ત ચૂંટણી પ્રચાર કાર્યાલયનું વિધિવત રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. ભારતીય જનતા પાર્ટીના કચ્છ જિલ્લાના સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરીના વરદ હસ્તે શાસ્ત્રોક્ત વિધિ અને ઉત્સાહભર્યા વાતાવરણમાં આ કાર્યાલય ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે આયોજિત સભાને સંબોધતા પ્રભારી ફલજીભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે આજે કુકમા જિલ્લા પંચાયત સીટના ભાજપના ઉમેદવાર ધનજીભાઈ ચાવડાના કાર્યાલયના પ્રારંભ સાથે જ વિજયના શ્રીગણેશ થઈ ચૂક્યા છે. આ પ્રસંગે તેમની સાથે તાલુકા ભાજપ પ્રમુખ અશોકભાઈ બરાડીયા તેમજ કુકમા સીટના ચૂંટણી ઈન્ચાર્જ અને પૂર્વ જિલ્લા પંચાયત સભ્ય હરિભાઈ જાટિયા સહિતના વરિષ્ઠ આગેવાનો વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે સ્થાનિક સરપંચો, વિવિધ ગામોના અગ્રણીઓ અને ચારેય તાલુકા પંચાયતના ભાજપના અધિકૃત ઉમેદવારો સહિત મોટી સંખ્યામાં સમર્થકોની હાજરીએ ભાજપની મજબૂત સ્થિતિનું પ્રદર્શન કર્યું હતું. ચૂંટણીલક્ષી માહોલ અંગે પ્રતિભાવ આપતા ફલજીભાઈ ચૌધરીએ ભારે આશાવાદ વ્યક્ત કરતા ઉમેર્યું હતું કે જે પ્રકારે આજે કાર્યકરો અને જનમેદનીમાં ઉત્સાહ જોવા મળી રહ્યો છે, તે જોતા કુકમા જિલ્લા પંચાયતની બેઠક અને તેની સાથે જોડાયેલી તમામ તાલુકા પંચાયતની બેઠકો પર ભાજપનો ભવ્ય વિજય નિશ્ચિત છે. શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે ભારતીય જનતા પાર્ટી એ શિસ્તબદ્ધ કાર્યકર્તાઓનું સંગઠન છે. ભારતીય જનતા પાર્ટીની સરકાર દ્વારા કોઈપણ નાતજાતના ભેદભાવ વગર સમાજના દરેક વર્ગનો સમતોલ વિકાસ પ્રાથમિકતા રહી છે. કમળના નિશાનને મત એટલે પંડિત દિનદયાળજીની અંત્યોદયની વિચારધારાને સમર્થન ગણાય. કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર ભાઈ મોદી અને ગુજરાતમાં મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલની ડબલ એન્જિનની સરકાર દ્વારા કચ્છ જિલ્લાનો અભૂતપૂર્વ વિકાસ થયો છે જે ભાજપની વિકાસલક્ષી રાજનીતિનું જીવંત પ્રમાણ છે. તેમણે વધુમાં જણાવ્યું કે હાલમાં સમગ્ર ગુજરાતની સાથે કચ્છ જિલ્લામાં પણ ભાજપની તરફેણમાં પ્રચંડ લહેર જોવા મળી રહી છે. માત્ર ગ્રામીણ વિસ્તારો જ નહીં પરંતુ જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત અને નગરપાલિકાઓ સહિત ગાંધીધામ મહાનગરપાલિકામાં પણ ભારતીય જનતા પાર્ટી ઐતિહાસિક સરસાઈ સાથે વિજય મેળવશે તેવો દ્રઢ વિશ્વાસ તેમણે વ્યક્ત કર્યો હતો. આ કાર્યાલય કાર્યકરો માટે પ્રચારનું કેન્દ્રબિંદુ બનશે અને આગામી ૨૬ એપ્રિલ સુધી અહીંથી જનસંપર્કની કામગીરી વધુ તીવ્ર બનાવવામાં આવશે. આ પ્રસંગે સતિષભાઈ છાંગા, દેવજીભાઈ ચાવડા, મેપાભાઈ ખૂંગલા, હરગોવિંદભાઈ, પાંચાભાઈ ખૂંગલા, જૈનેશભાઈ વરુ, કરસનભાઈ કાનગડ, હરેશભાઈ પટેલ, ધનજીભાઈ સોનારા, લેરના અગ્રણી હેતુભા, કંઢેરાઈના સરપંચ શંકરભાઈ, મમૂઆરાના ગોકુલભાઈ, શૈલેષભાઈ રાઠોડ, શંકરભાઈ ચાવડા, ધાણેટીના વાઘજીભાઈ, વિપુલભાઈ ખૂંગલા, રાજેશ ખૂંગલા, મેમાભાઈ કોઠીવાર, રામજીભાઈ ચાવડા, શંભુભાઈ ખૂંગલા, ક્રિષ્ના કોઠીવાર, ધનજીભાઈ ચાવડા, રમેશભાઈ આહીર, ગુણવંતીબેન ચાવડા, ઉષાબેન મહેશ્વરી વગેરે ઉપરાંત આસપાસના ગામોના આગેવાનો, વિવિધ સમાજના અગ્રણીઓ, પાર્ટી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# વતન પ્રેમ યોજનામાં વ્યક્તિગતને બદલે હવે સંસ્થા, મંડળ, ટ્રસ્ટ પણ જોડાઈ શકશે



**સરહદ ડેરીના ચેરમેને સરકારમાં રજૂઆત કરતા નિયમ બદલાયો: ગામના વિકાસ માટે ૬૦ ટકા યોગદાન સરકાર આપશે**

ગાંધીધામ-કચ્છઉદય : ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકાયેલ "વતન પ્રેમ" યોજના રાજ્યના ગામડાઓના સર્વાંગી વિકાસ અને ઉત્તમ જનસુવિધાઓના નિર્માણ માટે એક દ્રષ્ટિવંત અને લોકહિતકારી પહેલ તરીકે ઉભરી રહી છે. આ યોજના દ્વારા વતનપ્રેમીઓને પોતાની જન્મભૂમિ-માતૃભૂમિ પ્રત્યેની લાગણીને વતનસેવામાં રૂપાંતરિત કરવાની અનોખી તક મળી રહી છે સાથે જ વિકાસ કાર્યોમાં વ્યાપક જનભાગીદારીને પ્રોત્સાહન મળી રહ્યું છે.

પહેલા આ યોજનામાં દાતા તરીકે જે તે ગામ માં જન્મી હોય કે તેના વડવાઓએ તે ગામમાં વસવાટ કરેલ હોય તેવી જિલ્લા, રાજ્ય, દેશ બહાર ગમે ત્યાં વસવાટ કરતી હોય અથવા ગામ માટે લાગણી ધરાવતી કોઈ પણ વ્યક્તિ જ સમાવિષ્ટ હતી. જે મુજબ આ યોજનામાં માત્ર વ્યક્તિગત વ્યક્તિ જ કુલ ખર્ચના ૪૦ ટકા તથા ૬૦ ટકા સરકાર અનુદાન આપી શકે તેવી જોગવાઈ હતી. ત્યારબાદ સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા તા.૨૮-૨-૨૦૨૬ના રોજ મુખ્યમંત્રીને સદર દાતાની વ્યાખ્યામાં સુધારો કરવા પત્ર મારફતે રજૂઆત કરવામાં આવેલ અને આ રજૂઆતને ધ્યાને લેતા મુખ્યમંત્રી દ્વારા ઠરાવમાં જરૂરી ફેરફાર કરવામાં આવેલ છે. જેમાં જેમાં દાતા તરીકે જે-તે ગામ ની વ્યક્તિ ઉપરાંત કોઈ પણ સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે મંડળ આ યોજનામાં જોડાઈને કુલ ખર્ચના ૪૦ ટકા તથા ૬૦ ટકા સરકાર અનુદાન આપી શકશે. સદર બાબતનો સુધારા વાળાઓ નવો ઠરાવ તા.૨૪-૩-૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવ્યો છે. જેથી આ રજૂઆતને ખરા અર્થમાં સફળતા મળી છે.

આમ, આ યોજનામાં જરૂરી સુધાર થવાથી સરહદ ડેરીના ચેરમેન વલમજીભાઈ હુંબલ દ્વારા રાજ્ય સરકારની આ મહત્વાકાંક્ષી યોજનાને હાર્દિક અભિનંદન અને પ્રશંસા વ્યક્ત કરીને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. આ યોજના વિષે વિસ્તૃત વાત કરતાં વલમજીભાઈ હુંબલે જણાવેલ કે ગુજરાતના ગ્રામ્ય વિસ્તારોમાં દૂધ ઉત્પાદન અને ડેરી વ્યવસાય અર્થતંત્રનો મજબૂત આધારસ્તંભ છે. દૂધ મંડળીઓ અને સંઘો પોતાના સભ્યોના યોગદાન તથા આંતરિક ભંડોળ દ્વારા પણ વિકાસ કાર્યામાં સહભાગી બની શકે તે માટે "વતન પ્રેમ" યોજના અંતર્ગત દૂધ મંડળીઓના મકાનો, પશુ સારવાર સેન્ટરો અને પશુઓ માટે હવાડા જેવી આધુનિક સુવિધાઓ ઊભી થવાથી ડેરી તથા ગ્રામ્ય વિકાસને નવી દિશા અને ગતિ મળશે. તથા ખેડૂતો અને પશુપાલકોની આવકમાં નોંધપાત્ર વધારો થવાની સંભાવનાઓ પણ વ્યક્ત કરી હતી.

આમ, નવો સુધારો અમલમાં આવવાથી વ્યક્તિ ઉપરાંત કોઈ પણ સંસ્થા, ટ્રસ્ટ, સોસાયટી કે મંડળ ૪૦ ટકા ફાળો અને રાજ્ય સરકાર દ્વારા ૬૦ ટકા અનુદાનની જોગવાઈ કરવામાં આવી છે, જેના પરિણામે ગામડાઓમાં શાળા, આરોગ્ય કેન્દ્ર, તળાવ બ્યુટીફિકેશન, સોલાર સ્ટ્રીટ લાઈટ તેમજ ડેરી અને પશુ આધારિત ઈન્ફાસ્ટ્રક્ચરના અનેક વિકાસ કાર્યા સફળતાપૂર્વક પૂર્ણ થશે.

# ધોરણ ૧૦ અને ૧૨ના લાખો વિદ્યાર્થીઓની આતુરતાનો આવશે અંત

**નકલી માર્કશીટના કૌભાંડો રોકવા બોર્ડનો મોટો નિર્ણય : આ વર્ષથી ગુણપત્રકમાં ક્યુઆઈ કોડની વ્યવસ્થા સાથે ડિજિટલ વેરિફિકેશન શક્ય બનશે**

ભુજ - કચ્છઉદય : ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ મહિનામાં લેવાયેલી ધોરણ ૧૦ અને ૧૨ની પરીક્ષાઓના પરિણામ જાહેર કરવાની તૈયારીઓ હવે અંતિમ તબક્કામાં પહોંચી છે. લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ જેની રાહ જોઈ રહ્યા છે તેવા પરિણામો મે માસ દરમિયાન તબક્કાવાર જાહેર કરવામાં આવશે. બોર્ડના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહ અને ગુજકેટનું પરિણામ મે મહિનાના પ્રથમ સપ્તાહમાં જાહેર કરવામાં આવશે. ત્યારબાદ મે મહિનાના બીજા કે ત્રીજા સપ્તાહમાં ધોરણ ૧૨ સામાન્ય પ્રવાહનું અને મે મહિનાના અંત સુધીમાં ધોરણ ૧૦નું પરિણામ જાહેર થવાની પૂરેપૂરી શક્યતા છે. ધોરણ ૧૦ માં વિદ્યાર્થીઓની સંખ્યા ૯ લાખથી વધુ હોવાને કારણે તેનું પરિણામ સૌથી છેલ્લે પ્રસિદ્ધ કરવામાં આવશે. બોર્ડની પરીક્ષાઓ પૂર્ણ થયા બાદ ઉત્તરવહી તપાસણીની કામગીરી યુદ્ધના ધોરણે પૂર્ણ કરી દેવામાં આવી છે અને હાલમાં ડેટા એન્ટ્રી તેમજ ફાઈનલ ટેબ્યુલેશનની પ્રક્રિયા ચાલી રહી છે. શિક્ષણ વિભાગનો મુખ્ય ઉદ્દેશ્ય નવા શૈક્ષણિક સત્ર પૂર્વે જ એડમિશન પ્રક્રિયા શરૂ થઈ શકે તે રીતે પરિણામો આપવાનો છે. ઉલ્લેખનીય છે કે, એપ્રિલ માસમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના કારણે આ વર્ષે પરિણામો ગત વર્ષની સરખામણીએ બે-ત્રણ દિવસ મોડા જાહેર થઈ શકે છે. આ વર્ષે ગુજરાત બોર્ડ દ્વારા શિક્ષણ ક્ષેત્રે એક મહત્વપૂર્ણ ટેકનોલોજીકલ પરિવર્તન લાવવામાં આવ્યું છે. હવે વિદ્યાર્થીઓની માર્કશીટ પર ક્યુઆર કોડ અંકિત કરવામાં આવશે. આ અત્યાધુનિક સુવિધાને કારણે માર્કશીટની વિશ્વસનીયતામાં વધારો થશે અને નકલી માર્કશીટના કૌભાંડો પર લગામ લાગશે. કોઈપણ શૈક્ષણિક સંસ્થા માત્ર આ ક્યુઆર કોડ સ્કેન કરીને માર્કશીટની સત્યતાની તપાસ કરી શકશે. સ્કેન કરતાની સાથે જ બોર્ડનું સત્તાવાર વેબ પેજ ખુલશે, જ્યાંથી અસલ માર્કશીટ ડાઉનલોડ પણ કરી શકાશે. શિક્ષણ જગતના નિષ્ણાતોના મતે, ક્યુઆર કોડની આ વ્યવસ્થા વિદેશમાં ઉચ્ચ અભ્યાસ માટે જવા ઈચ્છતા વિદ્યાર્થીઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે, કારણ કે તેનાથી વેરિફિકેશનની લાંબી અને જટિલ પ્રક્રિયામાંથી મુક્તિ મળશે. હવે વિશ્વના કોઈપણ ખૂણેથી વિદ્યાર્થીની શૈક્ષણિક વિગતો માત્ર એક ક્લિક પર ઉપલબ્ધ બનશે. પારદર્શિતા વધારવા અને ટેકનોલોજીના મહત્તમ ઉપયોગની દિશામાં ગુજરાત બોર્ડનું આ પગલું સીમાચિહ્નરૂપ માનવામાં આવી રહ્યું છે.

# માધાપરની જનતા ફરી એકવાર વિકાસની રાજનીતિને સ્વીકારશે : કેશુભાઈ પટેલ




રમેશભાઈ ધનજી ચાડ (ડીકે) (જિ.પં.)




**માધાપરમાં ભાજપના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું ભવ્ય ઉદ્‌ઘાટન : જનમેદની વચ્ચે વિજયના સંકલ્પ સાથે વિકાસના કાર્યો આગળ ધપાવવા ઉમેદવારો કટિબદ્ધ**




**માધાપર જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર રમેશભાઈ ચાડ, તાલુકા પંચાયત બેઠકોના ઉમેદવાર ભરતભાઈ રાઠોડ, કુલદીપસિંહ ચૌહાણ, વિનોદભાઈ પીંડોરીયા અને હરીશભાઈ પિંડોરીયાએ વિજયનો વ્યક્ત કર્યો વિશ્વાસ**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના માધાપર ખાતે આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓના પ્રચાર પ્રસાર માટે ૧૯-માધાપર જિલ્લા પંચાયત બેઠક અને માધાપરની ચાર તાલુકા પંચાયત બેઠકોના મધ્યસ્થ ચૂંટણી કાર્યાલયનું શુક્રવારે વિધિવત રીતે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. નવાવાસના મોટા ચોક મધ્યે યોજાયેલા આ કાર્યક્રમમાં ભારતીય જનતા પાર્ટીના વરિષ્ઠ આગેવાનો, અતિથિ વિશેષો અને મોટી સંખ્યામાં કાર્યકરો તેમજ ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે વાતાવરણ કેસરીયા રંગે રંગાયેલું જોવા મળ્યું હતું અને ઉપસ્થિત જનમેદનીમાં ભારે ઉત્સાહ વર્તાતો હતો.

ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલે કાર્યકર્તાઓમાં જોશ પૂરતા અને વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માધાપરની આ પવિત્ર ધરા પર ભાજપના મધ્યસ્થ કાર્યાલયનું ઉદ્ઘાટન થઈ રહ્યું છે ત્યારે જનમેદનીનો આ ઉત્સાહ જ બતાવે છે કે વિજય નિશ્ચિત છે. ભારતીય જનતા પાર્ટી એ માત્ર રાજકીય પક્ષ નથી, પરંતુ જનસેવાનું એક અવિરત માધ્યમ છે જેણે હંમેશા છેવાડાના માનવીની ચિંતા કરી છે. નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશ અને રાજ્ય જે ગતિએ વિકાસ કરી રહ્યા છે, તેનાથી આજે જનતાનો ભાજપ પરનો ભરોસો વધુ મજબૂત બન્યો છે. માધાપર એ હંમેશા ભાજપનો અજેય ગઢ રહ્યો છે અને આ વખતે પણ વિરોધીઓના સૂપડા સાફ થવાના નક્કી છે. અમે જે વિકાસના કામો કર્યા છે તેના રિપોર્ટ કાર્ડ સાથે જનતાની વચ્ચે જઈ રહ્યા છીએ અને લોકોનો પ્રતિસાદ અભૂતપૂર્વ છે. પક્ષે રમેશભાઈ ચાડ જેવા અનુભવી અને તાલુકા પંચાયત બેઠકો પર પણ ઉત્સાહી યુવાનોને મેદાનમાં ઉતાર્યા છે, જે વિસ્તારની પ્રગતિ માટે નવા આયામો સર કરશે. વિરોધ પક્ષો પાસે કોઈ મુદ્દો નથી, જ્યારે આપણી પાસે વિકાસનું વિઝન અને કાર્યકરોની મજબૂત ફોજ છે. આગામી ૨૬ તારીખે આપણે સૌએ એક થઈને કમળના નિશાન પર મતદાન કરાવી ભાજપના તમામ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવાના છે. દરેક બૂથ પર જઈને મતદારોને લોકશાહીના આ પર્વમાં જોડવા એ આપણી જવાબદારી છે. તેમણે વિજયનો વિશ્વાસ વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, માધાપરની જનતા ફરી એકવાર વિકાસની રાજનીતિને સ્વીકારશે અને વિજયનો ભવ્ય ઈતિહાસ રચશે. આપણે માત્ર જીતવાનું નથી, પણ અગાઉના તમામ રેકોર્ડ તોડીને જંગી લીડ સાથે પાંચેય સીટો પર ભગવો લહેરાવવાનો છે તેવું તેમણે વધુમાં ઉમેરી હતું. કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે માધાપર જિલ્લા પંચાયત બેઠકના ઉમેદવાર રમેશભાઈ ધનજીભાઈ ચાડે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે, આ કાર્યાલયના પ્રારંભ સાથે જ તમામ સમાજના આગેવાનો, યુવા કાર્યકર્તાઓ અને ભાઈ-બહેનોનો ખૂબ જ સકારાત્મક પ્રતિસાદ મળી રહ્યો છે. છેલ્લા બે દાયકાથી જાહેર જીવનમાં સક્રિય રહેલા રમેશભાઈએ જણાવ્યું કે તેઓ અગાઉ ગ્રામ પંચાયતમાં રહીને પ્રજાના કાર્યો કરતા આવ્યા છે અને હવે જિલ્લા પંચાયતના માધ્યમથી લોકોના વધુમાં વધુ પ્રશ્નો ઉકેલવા માટે પ્રયત્નશીલ રહેશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે વિકાસ એ નિરંતર પ્રક્રિયા છે અને ભાજપના શાસનમાં થયેલા કાર્યો બાદ જે પણ કામો અધૂરા છે તે પ્રાથમિકતાના ધોરણે પૂર્ણ કરવામાં આવશે. માધાપરને ભાજપનો ગઢ ગણાવતા તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે આગામી ૨૬ તારીખે જનતા જંગી મતદાન કરી કમળને વિજયી બનાવશે.

માધાપર જૂનાવાસ તાલુકા પંચાયત બેઠક-૨ ના યુવા ઉમેદવાર કુલદીપસિંહ દાદુભા ચૌહાણે પણ જીતનો આત્મવિશ્વાસ વ્યક્ત કર્યો હતો. તેમણે જણાવ્યું હતું કે લોકસંપર્ક અને ડોર-ટુ-ડોર પ્રચાર દરમિયાન ગ્રામજનોનો અભૂતપૂર્વ સહયોગ મળી રહ્યો છે. ભાજપ શાસનમાં ગટર, રોડ અને લાઈટ જેવી પાયાની સુવિધાઓના અનેક કામો થયા છે, પરંતુ જે વિસ્તારો હજુ પણ સુવિધાથી વંચિત છે ત્યાં વિશેષ ધ્યાન આપવામાં આવશે. તેમણે ઉમેર્યું હતું કે પક્ષે યુવા ચહેરાઓ પર ભરોસો મૂક્યો છે ત્યારે જનતામાં પણ એક નવો ઉત્સાહ છે. યુવાનો લોકોના પ્રશ્નો સાંભળી તેને યોગ્ય વાંચા આપશે તેવી અપેક્ષા લોકો રાખી રહ્યા છે. તેમણે લોકશાહીના આ પર્વમાં વધુમાં વધુ મતદાન કરવા અને જિલ્લા પંચાયતની એક તથા તાલુકા પંચાયતની ચારેય બેઠકો પર ભાજપને જંગી લીડથી જીતાડવા મતદારોને અપીલ કરી હતી.

આ ઉદ્ઘાટન પ્રસંગે ભરત જેઠાલાલ રાઠોડ, વિનોદ માવજી પિંડોરિયા અને હરીશ શિવજી પિંડોરિયા તાલુકા પંચાયતના ઉમેદવારો, માધાપરના ગ્રામજનો, વિવિધ સમાજના આગેવાનો અને પાર્ટી કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

## જખૌ નજીક અલ સફીના બોટની જળ સમાધી, પાંચ ખલાસીને બચાવી લેવાયા

ભુજ - કચ્છ ઉદય : અબડાસા તાલુકાના જખૌ બંદરથી માછીમારી માટે નીકળેલી અલ સફીના નામની બોટને કોરીક્રીક નજીક આવેલા સુગાર બેટ પાસે અકસ્માત નડતા જળ સમાધી લીધી હતી. જેમાં બોટમાં સવાર પાંચ ખલાસીનો બચાવ થયો હતો. જેમાં સંઘાર ઈસ્માઈલ આદમ, સુભાનીયા હામીદ, સુભાનીયા હનીફ અબ્દુલ્લા, સંઘાર હુશેન ગની, અંગરિયા અસ્લમ સિદિકનો સમાવેશ થાય છે. બોટ પાણીમાં ડૂબી ગઈ હતી.

## ભુજમાં સગીરાને બાવળોની ઝાડીમાં લઈ જઈ બળાત્કાર ગુજારાયો

ભુજ - કચ્છ ઉદય : શહેરમાં સગીરાને બાવળની ઝાડીમાં લઈ જઈ બળાત્કાર ગુજારવામાં આવતા ગુનો દાખલ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું હતું.

આ બાબતે બી-ડિવિઝન પોલીસમાંથી મળેલી વિગતો મુજબ આરોપીઓ કાયદેસરના વાલીપણામાંથી સગીરાનું અપહરણ કરી અવાર-નવાર ઘરની બાજુમાં આવેલ બાવળોની ઝાડીમાં લઈ શરીર સંબંધ બાંધી ગુનો આચર્યો હતો. જે બાબતે બી-ડિવિઝન પોલીસમાં ગુનો દાખલ કરવામાં આવતા પોલીસે આરોપી નેહલ ઉર્ફે ગુરૂ ગોપાલભાઈ ખુલમ સામે ગુનો દર્જ કરી ઝડપી લેવા માટે તપાસના ચક્રો ગતિમાન બનાવ્યા છે.

## બાલાસર પોલીસ દ્વારા ચૂંટણીલક્ષી કામગીરી કરાઈ




ગાંધીધામ - કચ્છ ઉદય : બાલાસર પીએસઆઈ ડી.આર. ગઢવી તેમજ બીએસએફના એએસઆઈ ગિરધારીલાલ તથા જવાનો દ્વારા ચૂંટણીને લઈને ફુટ પેટ્રોલીંગ તથા વાહન ચેકિંગ કરાયું હતું. આણંદપર, લોદ્રાણી, મૌઆણા પોલીસ ચેક પોસ્ટ, બાલાસર ત્રણ રસ્તા સહિતના નેશનલ હાઈવે પર વાહન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. તાલુકા પંચાયત અને જિલ્લા પંચાયતની ચૂંટણી નિષ્પક્ષ રીતે થાય એ માટે પગલાં લેવામાં આવે છે.

## છેલ્લા પાનાનું ચાલુ..

**કચ્છની ગ્રાન્ટેડ**

શાળા સંચાલકોમાં આ આદેશને લઈને છૂપો રોષ પણ જોવા મળી રહ્યો છે. સંચાલકોનું કહેવું છે કે દર વર્ષે જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા ઓડિટ કરવામાં આવતું હોય છે અને ત્યારબાદ કમિશનર કચેરી તેમજ કેગ દ્વારા પણ ઓડિટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવતી હોય છે. વારંવાર થતા નિરીક્ષણો છતાં અચાનક ૨૦ વર્ષ જૂનો રેકોર્ડ માગવો તે વ્યાજબી નથી. જોકે, બીજી તરફ સરકારી તિજોરીમાંથી અપાતી ગ્રાન્ટના નાણાંનો વ્યય અટકાવવા અને બાકી નીકળતી રિકવરી વસૂલવા માટે આ પગલું અનિવાર્ય હોવાનું સૂત્રો જણાવી રહ્યા છે. આગામી દિવસોમાં શિક્ષણ વિભાગની આ કવાયતથી શાળાઓના વહીવટમાં મોટી ઉથલપાથલ થાય તેવી પૂરી શક્યતા છે.

**ચૂંટણીના માહોલ વચ્ચે**

કુદરતી સંપત્તિ લૂંટી રહ્યા છે. જો તંત્ર દ્વારા આ ગેરકાયદે પ્રવૃત્તિઓ પર તાત્કાલિક અંકુશ લાવવામાં નહીં આવે, તો કચ્છની ધરાને ક્યારેય ન ભરી શકાય તેવું નુકસાન પહોંચશે. કચ્છ જિલ્લો પહેલેથી જ કુદરતી સંસાધનોની બાબતમાં સંવેદનશીલ રહ્યો છે. અહીંનું ખનીજ એ રાષ્ટ્રની સંપત્તિ છે, પરંતુ લોકશાહીના નામે ચાલતી પ્રક્રિયાનો ગેરલાભ લઈને તેને લૂંટનારા તત્વો સામે કડક હાથે કામ લેવું અનિવાર્ય બન્યું છે. ભલે તંત્ર ચૂંટણીમાં રોકાયેલું હોય, પરંતુ ખનીજ વિભાગ અને પોલીસના સ્પેશિયલ સ્ક્વોડ દ્વારા આકસ્મિક દરોડા પાડીને આ કાળા કારોબારને ડામી દેવો જોઈએ. જનતાએ પણ જાગૃત બનીને આવા તત્વો વિશે માહિતી આપવી જરૂરી છે. લોકશાહીના પર્વને ઉજવવાની સાથે સાથે જિલ્લાની ધરતીનું રક્ષણ કરવું એ પણ વહીવટી તંત્રની પ્રાથમિકતા હોવી જોઈએ.

જો ૨૮મી એપ્રિલ સુધી આ સિલસિલો યથાવત રહ્યો, તો ખનીજ માફિયાઓ કચ્છને ખોખલું કરી નાખશે એ વાતમાં કોઈ શંકા નથી. હવે જોવાનું એ રહે છે કે, શું જિલ્લા વહીવટી તંત્ર ચૂંટણીની વ્યસ્તતા વચ્ચે આ ગંભીર પ્રશ્ન પર ધ્યાન આપીને 'બેલગામ' બનેલા તસ્કરો પર લગામ કસશે કે કેમ?




# રાષ્ટ્રીય ક્રિકેટમાં પર્દાપણ કરનાર કચ્છી ગૌરવ પૂર્વ આનંદકુમાર ભટ્ટને ''વિજયી ભવ :''ના આર્શીવાદ.!




શાળાકીય ક્રીકેટ સ્પર્ધામાં રાષ્ટ્રીય સ્પર્ધા માટે ગુજરાતની ટીમમાં પસંદગી પામેલ કચ્છના ગૌરવ પૂર્વ ભટ્ટને સુપ્રસિદ્ધ અને રાજયના **મીની સાળંગપુર સમાન માનસ હનુમંત ધામના અધ્યક્ષ પુ. ભાનુપ્રસાદજી બાપુ** તથા **કચ્છઉદય પરીવારના વડીલ મોભી ગંગારામભાઈ ભાનુશાલી** તરફથી રાષ્ટ્રીયક્રિકેટ સ્પર્ધાંમાં તેલગાંણા મધ્યે કચ્છનું ગૌરવ ઝળકાવવા આશીર્વાદ આપ્યા તેવેળાની તસવીર.

# ગાંધીધામના વિકાસ માટે ભાજપનું વિઝન ડોક્યુમેન્ટ જાહેર



ગાંધીધામ :ગાંધીધામ મહાનગરપાલિકાની ચૂંટણી પહેલા ભારતીય જનતા પાર્ટીએ શહેરના ભવિષ્યને ધ્યાનમાં રાખીને 'સંકલ્પ પત્ર' રજૂ કર્યો છે. શહેરના ઐતિહાસિક વારસાને જાળવી રાખતા આધુનિક સુવિધાઓ વિકસાવવા માટે મોટા પ્રોજેક્ટ્સની જાહેરાત કરવામાં આવી છે. ગ્રીન રિંગ રોડ, મોડલ ફાયર સ્ટેશન અને નવા બસ પોર્ટ જેવા પ્રોજેક્ટ્સ સાથે શહેરના ઇન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવાનો પ્લાન છે.સાથે સાથે યુવાનો માટે રમત-ગમત સંકુલ અને સ્માર્ટ લાયબ્રેરી જેવી સુવિધાઓ પર ભાર મુકાયો છે, જ્યારે અંડરગ્રાઉન્ડ વાયરીંગ અને સીસી રોડ દ્વારા મૂળભૂત સુવિધાઓમાં સુધારો લાવવાનો સંકલ્પ વ્યક્ત થયો છે. ભાજપના આ આયોજનને કારણે શહેરના વિકાસ માટે સકારાત્મક માહોલ સર્જાયો છે.આ વેળાએ ગાંધીધામ ધારાસભ્ય માલતીબેન મહેશ્વરી, જિલ્લા ભાજપ મહામંત્રી ધવલભાઈ આચાર્ય, ચૂંટણી ઇન્ચાર્જ શ્રીઓ મોમાયાભા ગઢવી, મધુકાંત ભાઈ શાહ, બાબુભાઇ ગુજરીયા, શહેર પ્રમુખ વિજયભાઈ પરમાર, તાલુકા પ્રમુખ દેવેન્દ્રસિંહ જાડેજા સહીતનાઓ ઉપસ્થિત રહ્યા હતા.

# "જય શ્રી કૃષ્ણ ગ્રુપ" દ્વારા વરૂથીની એકાદશી પર અંજારમાં વિશાળ પ્રભાતફેરી યોજાઈ



અંજાર: વરૂથીની એકાદશીના પાવન અવસરે "જય શ્રી કૃષ્ણ ગ્રુપ" દ્વારા સોમવારે વહેલી સવારે શહેરમાં ભવ્ય પ્રભાતફેરીનું આયોજન કરવામાં આવ્યું હતું. આ ધર્મોત્સવમાં મોટી સંખ્યામાં ધર્મપ્રેમી ભાઈઓ, બહેનો અને માતાઓ ઉત્સાહભેર જોડાયા હતા.પ્રભાતફેરી શહેરના મુખ્ય માર્ગો પર ફરીને ક્રમશઃ દરિયાલાલ મંદિર, મોહનરાયજી મંદિર, શ્રી આશાપુરા માતાજી મંદિર, જલારામ મંદિર, માવા દાદા મંદિર, દ્વારકાધીશ મંદિર, સચિદાનંદ મંદિર, મધવરાયજી મંદિર, નાગનાથ મહાદેવ મંદિર તેમજ કષ્ટભંજન હનુમાન મંદિર ખાતે પહોંચી હતી. તમામ મંદિરોમાં ભક્તિભાવપૂર્વક દર્શન કર્યા બાદ અંતે ઐતિહાસિક રામસખી મંદિર ખાતે પ્રભાતફેરીનું સમાપન કરવામાં આવ્યું હતું।

આ પ્રસંગે આયોજકોએ જણાવ્યું હતું કે શાસ્ત્રો અનુસાર એકાદશીનું વ્રત હજારો યજ્ઞ સમાન પુણ્ય આપે છે, જ્યારે "વરૂથીની" એકાદશી પાપોથી રક્ષણ કરી જીવનને સન્માર્ગે દોરી જાય છે.ગ્રુપના સભ્ય જીતેશભાઈ પીઠડીયાએ જણાવ્યું કે પ્રત્યેક એકાદશીએ યોજાતી પ્રભાતફેરીની સાથે "દરેક જીવમાં શિવ છે" ના ભાવથી મકરસંક્રાંતિએ શરૂ કરાયેલ સેવાયજ્ઞને ત્રણ મહિના પૂર્ણ થયા છે. આ સમયગાળા દરમિયાન પક્ષીઓ માટે અંદાજે ૪૦૦ કિલો ચણ તથા ગૌમાતા માટે રૂ. ૧૧,૦૦૦થી વધુનો ચારો અર્પણ કરવામાં આવ્યો છે. આ સેવાકાર્યમાં સહયોગ આપનાર સૌ દાતાઓનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો. કાર્યક્રમ દરમિયાન ઉપસ્થિત સૌએ રોજિંદા જીવનમાં ભગવાનના સ્મરણ માટે સમય ફાળવવો, સદાચારનું પાલન કરવું તથા સમાજમાં પ્રેમ, એકતા અને સંસ્કારોનો સંદેશ ફેલાવવાનો સંકલ્પ કર્યો હતો."પ્રભાતફેરી માત્ર પરંપરા નથી, પરંતુ સાધના છે. જેમ દીવો અંધકાર દૂર કરે છે, તેમ પ્રભાતફેરી જીવનમાં સકારાત્મક ઊર્જા ફેલાવે છે," એવો સંદેશ આયોજકો દ્વારા આપવામાં આવ્યો હતોઅંતે રામસખી મંદિરમાં હનુમાનજીની આરાધના કરી ભગવાન શ્રી રામને થાળ ધરાવી પ્રસાદીનું વિતરણ કરવામાં આવ્યું હતું. "જય શ્રી કૃષ્ણ, જય શ્રી રામ, હર હર મહાદેવ" ના જયઘોષ સાથે કાર્યક્રમ પૂર્ણ થયો હતો.

# સુડોકુ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| | | | 2 | | 6 | | | |
| 8 | | 4 | | | | 7 | | 6 |
| 3 | 6 | | | 1 | | | 8 | 2 |
| | 7 | | | | | | 9 | |
| 4 | | | 3 | | 9 | | | 5 |
| | 1 | | | | | | 6 | |
| 6 | 5 | | | 3 | | | 7 | 8 |
| 7 | | 2 | | | | 6 | | 9 |
| | | | 4 | | 7 | | | |

**અહીં એક ચોકઠું આપ્યું છે જેમાં નવ બોક્સ છે. દરેક ખાનામાં નવ ખાનાં છે કરવાનું શું છે.**

**(૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવા જોઈએ. કોઈ આંક રહી ન જવો જોઈએ.**

**(૨) દરેક આડી અને ઊભી હરોળમાં પણ એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ.**

**(૩) પેન્સિલથી આંકડા ભરવાની શરૂઆત કરો**

**(૪) શરૂઆત એ ખાનાથી કરો જ્યાં આંકડો લખવા માટે સૌથી ઓછા વિકલ્પ હોય.**

**ગઈકાલનો ઉકેલ**

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 3 | 4 | 5 | 1 | 2 | 8 | 7 | 6 | 9 |
| 8 | 6 | 7 | 9 | 4 | 5 | 2 | 1 | 3 |
| 1 | 9 | 2 | 7 | 3 | 6 | 5 | 8 | 4 |
| 2 | 7 | 1 | 6 | 8 | 4 | 9 | 3 | 5 |
| 5 | 8 | 9 | 3 | 7 | 2 | 1 | 4 | 6 |
| 6 | 3 | 4 | 5 | 9 | 1 | 8 | 7 | 2 |
| 9 | 2 | 6 | 4 | 1 | 7 | 3 | 5 | 8 |
| 4 | 1 | 8 | 2 | 5 | 3 | 6 | 9 | 7 |
| 7 | 5 | 3 | 8 | 6 | 9 | 4 | 2 | 1 |

# અવસાન નોંધ

**ગાંધીધામ** : કચ્છી બ્રહ્મક્ષત્રિય મૂળ મીઠીરોહરના સાવિત્રીબેન ખત્રી (ટાટારિયા) (ઉ.વ. ૮૬) તે સ્વ. વિસનજીના પત્ની, સ્વ. રતનશી જાદવજી ટાટારિયા અને સ્વ. મીઠાબેનના પુત્રવધૂ, સ્વ. લાલજી દામોદર મામતોરા (માંડવી) અને સ્વ. માણેકબેનના પુત્રી, સ્વ. રમેશ, હરસુખ, કિરીટ, રાજુ, દર્શના કમલેશ વીંછીના માતા, જયા, રેખા, ભાવના તથા કમલેશ વીંછીના સાસુ, રીના જયેશ દુબલ, નિશા જતિન આશરા, અમર, નીરજ, કુશાંગ તથા અર્જુનના દાદી, મેઘા તથા તન્વીના દાદીસાસુ, દુઆના પરદાદી, શિવાંગી અને પૂજાના નાની, સ્વ. પ્રાગજીભાઈના નાના ભાઈના પત્ની, મૂલજીભાઈ, કાનજીભાઈ, મોરારજીભાઈ, જયંતિભાઈ, ધનસુખભાઈ, સ્વ. વિરમણીબેન, તારાબેન, મૃદુલાબેન, જ્યોતિબેનના ભાભી, સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. કિશોરભાઈ, મહેશભાઈ, પ્રબોધભાઈ, શૈલેષભાઈ, પિયુષભાઈ, ભાનુબેન, પુષ્પાબેન, સ્વ. મુક્તાબેન, વસુમતીબેન, સરલાબેનના બહેન તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના સાંજે પથી ૬ શક્તિનગર ગાયત્રી મંદિર હોલ, ગાંધીધામ ખાતે.

**અંજાર** : મ.ક.સ.સુ. ગં.સ્વ. વનિતાબેન (ઉ.વ. ૬૭) તે સ્વ. પરમાર દિલીપકુમાર અમરશીના પત્ની, સ્વ. પુષ્પાબેનના પુત્રવધૂ, સંજય, દીપાલી, સંધ્યા, આરતીના માતા, રાખી, મનીષ, અભિનવના સાસુ, મોનિલના દાદી, શિવાની, ખુશી, કૃપા, પાર્થના નાની, સુનિતાબેન પ્રકાશકુમાર, પ્રતિમાબેન પ્રતાપભાઈ, સ્વ. રમીલાબેન જગદીશના મોટા ભાભી, રવિ, ચિરાગ, પ્રીતિ, જય, અજય, સ્વ. પાર્થના મોટીમા, સ્વ. મણિબેન નારણભાઈ પરમાર (માનકૂવા)ના પુત્રી તા. ૧૭-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સાંજે પથી ૬ કચ્છ ગુર્જર ક્ષત્રિય સમાજવાડી (પીરવાડી), વરસામેડી નાકે, અંજાર ખાતે.

**રતનાલ (તા. અંજાર)** : જીવાભાઈ કરશનભાઈ આહીર (ઉ.વ. ૭૪) (જીવાશેઠ) (પૂર્વ પ્રમુખ, કચ્છ જિલ્લા પંચાયત) તે સ્વ. કરશનભાઈ વસ્તાભાઈ આહીરના પુત્ર, સરિયાબેનના પતિ, સ્વ. ભગુભાઈના ભાઈ, ત્રિકમભાઈ, કાનજીભાઈ (મહામંત્રી, અંજાર તા. ભાજપ), સ્વ. વિક્રમભાઈ, રાધાબેન નારણભાઈ માતા, ભક્તિબેન રણછોડભાઈ છાંગાના પિતા, સ્વ. બિજલભાઈ તેજાભાઇ ભોજાણીના જમાઇ, સ્વ. રાજેશભાઈ, મુકેશભાઈના મોટાબાપા, નીતેશ, નંદલાલ, જય, વિવેક, જનક, પારસ, મિત, ઓમ, મીરા, બંસી, જાગૃતિના દાદા તા. ૧૭-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર નિવાસસ્થાન રતનાલ (તા. અંજાર) ખાતે.

**ભુજ** : પુષ્કર્ણા બ્રાહ્મણ મહેશભાઈ મથરાદાસ જોષી (વસા) (ઉ.વ. ૬૧) તે સ્વ. પ્રેમિલાબેન મથરાદાસ કલ્યાણજી જોષી (વસા)ના પુત્ર, ગં.સ્વ. સંગીતાબેનના પતિ, ઉર્મિલા, આશા, પૂનમ, ભાવિન, ઝીલ, અમિતના પિતા, સ્વ. જયાબેન જમનાદાસ ઢાંકી (માંડવી)ના જમાઈ, કિરીટભાઈ (ઘાટકોપર), દિનેશભાઈ (ઘાટકોપર), પરેશભાઈ (ઘાટકોપર), સ્વ. પદમાબેન ઓમકારભાઈ મપારા (પોરબંદર), ગં.સ્વ. રમાબેન નવનીતરાય હર્ષ (જામખંભાળિયા), કિશોરભાઈના ભાઈ, પન્નાબેન, નિરુપમાબેનના દિયર, જયશ્રીબેનના જેઠ, મહેશભાઈ ભટ્ટ (અંજાર), જગદીશ હર્ષ (અંજાર), રામ હર્ષ (અંજાર)ના સસરા, હિતેષ, આશિષના મોટાબાપા, રીટાબેન, યશ્વીના કાકાજી સસરા, રુહી, લક્ષ્ય, વેદ, માહીના કાકાઈ દાદા, વંશ, ગુંજલ, નક્ષ, ખુશી, જીયાંશીના નાના, સ્વ. પ્રવીણભાઈ (માંડવી), સ્વ. જિતેન્દ્રભાઈ (માંડવી), રાજેશભાઈ (માંડવી), ગં.સ્વ. જ્યોત્સનાબેન પ્રવીણભાઈ આચાર્ય (અંજાર)ના બનેવી તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બંને પક્ષની પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સાંજે ૪થી ૫ ભાવસાર સમાજવાડી, જબલેશ્વર મહાદેવ મંદિર, જેષ્ઠાનગર, કેમ્પ એરિયા, ભુજ ખાતે.

**ભુજ** : વિજય ભગવાનજીભાઈ ખેતાણી (સલાટ) (ઉ.વ. ૪૧) તે દમયંતીબેન ભગવાનજીભાઈ ખેતાણીના પુત્ર, સ્વ. લાધીબેન મગનલાલના પૌત્ર, સોનલબેનના પતિ, બીના, રાજેશના ભાઈ, પ્રાચી, દેવાંશીના પિતા, ઓમ, પરીના મોટાબાપા, કમલેશ ઓધવાણીના સાળા, પાર્થના મામા, સ્વ. સવિતાબેન દીપકભાઈ સૌસીના જમાઈ, સ્વ. અનસૂયાબેન પરસોત્તમ, આશાબેન નીતિનભાઈ, ગં.સ્વ. કુસુમબેન કાંતિલાલ, ગીતાબેન પ્રવીણભાઈ, લતાબેન શંકરભાઈ, ગં.સ્વ. વાલીબેન મનસુખભાઈ, ગં.સ્વ. મીનાબેન મધુકાંત, ગ.સ્વ સરસ્વતીબેન રસિકલાલ, ગં.સ્વ. કંચનબેન મનોજભાઈના ભત્રીજા, અરાવિંદભાઈ, સ્વ. વ્રજલાલભાઈ, નરોત્તમભાઈના ભાણેજ, જીવરામ, અજય, ભાવિક, મિતેષ, અર્જુન, અલ્પેશ, કેયૂરના ભાઈ તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના સાંજે ૫.૩૦થી ૬.૩૦ સલાટ જ્ઞાતિની સમાજવાડી, દાંડીવાળા હનુમાન મંદિર, સુરલભિટ્ટ રોડ, ભુજ ખાતે.

**સુખપર (તા. ભુજ)** : લેવા પટેલ ધનસુખભાઈ ગાવિંદભાઈ વાઘાણી (ઉ.વ. ૩૮) તે માનબાઈ તથા ગાવિંદભાઈ કેશરાભાઈ વાઘાણીના પુત્ર, ગં.સ્વ. દક્ષાબેનના પતિ, દેવજીભાઈ, રામજીભાઈ, હીરજીભાઈ, રવજીભાઈ, ધનબાઈના ભત્રીજા, સુરેશભાઈ, કસ્તૂરબેનના મોટા ભાઈ, દીપાબેનના જેઠ, નીલેશભાઈના સાળા, પ્રિયાંશ, નૌતમના પિતા, ધ્યાની, હર્ષવી, ખુશાલીના મોટાબાપા, ખુશી, વ્યાનીના મામા, ધનબાઈ નારણભાઈ દેવજીભાઈ વેકરિયા (હરિપર)ના જમાઈ, કિશોરભાઈ, વિનોદભાઈ, મનસુખભાઈ, સુંદરબેન, જશુબેનના બનેવી તા. ૧૩-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. પ્રાર્થનાસભા તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સાંજે ૫.૩૦થી ૬.૩૦ નિવાસસ્થાને ગુંદાવાડી, જૂનાવાસ, સુખપર (તા. ભુજ) ખાતે.

**માંડવી** : કચ્છી પરજિયા પટ્ટણી સોની જ્ઞાતિ ગં.સ્વ. વીણાબેન મુકેશભાઈ સોની (ઉ.વ. ૬૪) તે સ્વ. મુકેશ મોરારજી સોનીના પત્ની, સ્વ. મોરારજી ઠાકરશીના પુત્રવધૂ, સ્વ. ભગવતીબેન લક્ષ્મીદાસ કલ્યાણજી સુસણીયાના પુત્રી, મીત, વિનીત અને શ્રેયાના માતા, સચિન પરેશભાઈ કેશવાણીના સાસુ, બંસરીબેન જીતેન્દ્ર સુરુ અને અતુલભાઈ સુસણીયાના બહેન તા. ૧૨-૪ના અવસાન પામ્યા છે. લૌકિક વ્યવહાર બંધ છે. સંપર્ક : વિનીત મુકેશભાઈ સોની મો. ૯૩૧૩૭ ૭૯૮૫૦, સચિન પરેશભાઈ કેશવાણી મો. ૯૭૧૨૬ ૧૫૧૪૩.

**માંડવી** : ધનજી બાબુલાલ ધાયાણી (ઉ.વ. ૭૦) તે સ્વ. બાબુભાઈ શિવજીના પુત્ર, સ્વ. ભગવતી, રમીલાબેનના પતિ, હરેશ, ચંદ્રિકા, પપુબેનના ભાઈ, ત્રિકમ શિવજીના ભત્રીજા, એન્સ, ભવનીકના મોટાબાપા તા. ૧૭-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. ઉઠમણું તા. ૧૮-૪-૨૦૨૬ના બપોરે ૪થી ૫ રામેશ્વર વાડી, માંડવી ખાતે.

**માંડવી** : એમણાબાઈ ફકીરમોહમ્મદ સુમરા (ઉ.વ. ૮૫) તે મ. અલ્લાઉદ્દીન, મ. કાસમના માતા, અસરફ કાસમ, આસિફ કાસમ, સલાઉદ્દીન કાસમ, હુશેન અલ્લાઉદ્દીનના દાદી તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. જિયારત તા. ૧૯-૪-૨૦૨૬ના રવિવારે સવારે ૧૦થી ૧૧ વલ્લભનગર મુસ્લિમ જમાતખાના, માંડવી ખાતે.

**નાગલપુર (તા. માંડવી)** : લુહાર મરિયમબેન ઈબ્રાહીમ (સરાણી) (ઉ.વ. ૫૫) તે સાહીદના માતા, મુસા અબુબખરના પુત્રી, રફીક (ધુલ્હો), મજીદ, સલીમ, ઈકબાલના બહેન તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૯-૪-૨૦૨૬ રવિવારે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ મસ્જિદ જમાતખાના, નાગલપુર (તા. માંડવી) ખાતે.

**મોટા આસંબિયા (તા. માંડવી)** : પઠાણ હાજી ઈસ્માઈલખાન રહેમાનખાન (ઉર્ફે બબાકાકા) (ઉ.વ. ૭૫) તે મ. ઓસમાણખાન, કરીમખાન, મ. આદમખાન, મ. જુમાખાન, મ. મોહમદખાનના ભાઈ, હમીદખાનના સસરા, અબ્દુલખાન, અકબરખાન, અસગરખાનના કાકા, હાદિનખાન, ઈરફાનખાન, શબ્બીરખાન, મો. કૈફ, શહેજાદના નાના તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. વાયેઝ-જિયારત તા. ૧૯-૪-૨૦૨૬ના રવિવારે સવારે ૧૦.૩૦થી ૧૧.૩૦ મુસ્લિમ જમાતખાના, મોટા આસંબિયા ખાતે.

**નાના અંગિયા (તા. નખત્રાણા)** : નથુ જશા પાયણ (ઉ.વ. ૬૨) તે ધનબાઇ અને સ્વ. જશા દેવશીના પુત્ર, સ્વ. ગોમાબેન તથા સ્વ. શાંતાબેનના પતિ, સ્વ. ભોપા બાવા જશા, સ્વ. હીરજી જશા, ખીમજી જશા, પ્રેમજી જશાના ભાઇ, આચુ મંગા ગોરડિયા (અરલ), ડાડુ બાલા જેપાર (કોટડા-જ.)ના બનેવી, રમેશ, અશ્વિનના પિતા તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. આગરી તા. ૧૮-૪-૨૦૨૬ શનિવારે તથા તા. ૧૯-૪-૨૦૨૬ રવિવારે ઘડાઢોળ.

**દેવપર યક્ષ (તા. નખત્રાણા)** : લોંચા પૂજીબેન (ઉ.વ. ૭૨) તે સ્વ. અરજણ ઉમરાના પત્ની, મંજુલાબેન માવજી ચાવડા (ફોટડી), રમીલાબેન વસંત ચાવડા (સુખપર રોહા), લોંચા વાલજી, નવીન, પ્રકાશના માતા, સુખપર રોહાના લોંચા કાન્તિલાલ પ્રેમજી, દેવજી પ્રેમજીના કાકી, મિરજાપરના સ્વ. ભાણજી જખુ, ચાવડા બાવાભાઈના બહેન, પ્રેમજી ભાણજી, વસંત ભાણજીના ફઇ, ચાવડા લખમાબેન (સુખપર-ભુજ), કેશરબેન વિશ્રામ દાફડા (કોડાય), માનબાઇ ગોવિંદ ચાવડા (નખત્રાણા)ના ભાભી તા. ૧૬-૪-૨૦૨૬ના અવસાન પામ્યા છે. બેસણું તા. ૧૭, ૧૮, ૧૯-૪-૨૦૨૬ (ત્રણ દિવસ) નિવાસસ્થાન દેવપર યક્ષ ખાતે.

**વાડાપદ્ધર (તા. અબડાસા)** : હાલે હાલોલ પુષ્પાબેન વ્યાસ (ઉ.વ. ૯૦) તે સ્વ. પ્રિતમલાલ રઘુનાથ વ્યાસના પત્ની, સ્વ. અશ્વિનભાઈ, સ્વ. મુકેશભાઈ, સ્વ. પ્રકાશભાઈના માતા, સ્વ. પ્રતિમાબેન, ગં.સ્વ. હંસાબેન, ગં.સ્વ. ગીતાબેનના સાસુ, સ્વ. ત્રંબકલાલ, સ્વ. વિનોદરાય, સ્વ. નટવરલાલ, ઈશ્વરલાલ, કાંતિલાલ, સ્વ. વસંતરાયના ભાભી, દીક્ષિત, લોરેન્સ, હાર્દિક, પાર્થ, હર્ષ, ફાલ્ગુની પ્રતીક પંડ્યા, નેહા મોહિત પંડ્યા, મિત્તલ કિશન પંડ્યાના દાદી, પ્રિયા, પૂજા, કૃપા, શિવાનીના દાદીસાસુ, સ્વ. ઝવેરબેન પોપટલાલ પંડ્યા (અંજાર)ના પુત્રી, સ્વ. છોટાલાલ, સ્વ. જિતેન્દ્રભાઈ, સ્વ. જગદીશભાઈ, સ્વ. મધુકાંત, નરેન્દ્રભાઈ, જયકાંતભાઈ, ગં.સ્વ. દમયંતીબેન દુલેરાય વ્યાસ, ગં.સ્વ. નિવેદિતાબેન રમાકાંત પંડ્યા, ગં.સ્વ. નયનાબેન મનહરભાઇ વ્યાસના બહેન તા. ૧૫-૪-૨૦૨૬ના હાલોલ ખાતે અવસાન પામ્યા છે. સાસરા તથા માવતર પક્ષની સાદડી તા. ૧૮-૪-૨૦૨૬ના શનિવારે સાંજે ૪થી ૫ ઔદિચ્ય બ્રહ્મસમાજ વાડી, શિવકૃપા નગર, ભુજ ખાતે.

# મુંબઈની અવસાન નોંધ

અંજાર : હાલ મુંબઇ સ્વ. પ્રભુલાલ મગનલાલ મહેતા તથા સુશીલાબેન પ્રભુલાલ મહેતાના સુપુત્ર રાજેશ પ્રભુલાલ મહેતા (ઉં. વ. ૬૨) તે મહાસુખભાઇ તથા પ્રતાપભાઇના ભત્રીજા. ભરત અને પરેશના ભાઇ ગાયત્રીબેનના જેઠ તથા જૈનિશ અને યશના કાકા તા. ૧૫-૪-૨૬ના અરિહંતશરણ પામેલ છે. લૌકિક પ્રથા બંધ રાખેલ છે.

કચ્છી વિશા ઓશવાળ જૈન : હાલાપુરના ધનજી શામજી સાવલા (ઉં. વ. ૮૫) તા. ૧૫-૪-૨૬ના અવસાન પામેલ છે. લક્ષ્મીબેન શામજી ખેતશી ના પુત્ર. નવલબેન ના પતિ. રાજુલ, પ્રમીત, બિન્દુ ના પિતા. વિઢના મણીબેન વશનજીના ભાઇ. મંજલ રેલડીયાના લક્ષ્મીબેન પુનશી ગોસરના જમાઇ. પ્રા. શ્રી જીવરાજ ભાણજી ટ્રસ્ટ, અશોક નગર, નાહુર રોડ, મુલુંડ (વે), ટા. ૪ થી ૫.૩૦

બિદડા : નીતિન હેમચંદ કુરીયા (શાહ) (ઉં. વ. ૭૨) તા.૧૫-૪-૨૬ ના અવસાન પામેલ છે. ઝવેરબેન હેમચંદના સુપુત્ર. મંજુના પતિ. ડો.રીના, પીંકીના પિતા. હંસા, લતાના ભાઈ. ગુંદાલા મકાંબાઈ રતનશી આણંદના જમાઈ. પ્રાર્થના રાખેલ નથી. ચક્ષુદાન કરેલ છે. નિ. નીતિન હેમચંદ શાહ. એ-૨, ૮૦૪, વિકાસ કોમ્પલેક્ષ, એલ.બી.એસ.રોડ, કેસલ મિલ કમ્પાઉન્ડ, થાણે (વે).

દેવપુર : વિસનજી લીલાધર વીરા (ઉં. ૬. ૮૪) તા. ૧૫-૪.૨૦૨૬ના અરિહંતશરણ પામેલ છે. માતુશ્રી મમીબાઈ લીલાધર વીરાના પુત્ર. સ્વ. સાકરબેન (બાઇ) ના પિતા. અતુલ, યોગેશ, હર્ષાના પિતાશ્રી. દેવપુરના મેઘબાઈ પાલણ નરશી મોતાના જમાઈ. પ્રાર્થના સભા : હાલાર વાડી, દાદર (ઈ). ટા. બપોરે ૩ થી ૪.૩૦.

ભુજપુર : જયંતિલાલ જીવરાજ મેઘજી ગાલા (ઉં. વ. ૯૦) તા.૧૪-૪-૨૬ ના અવસાન પામ્યા છે. લક્ષ્મીબેન જીવરાજના સુપુત્ર. રક્ષાબેનના પતિ. કપાયા પાનબાઈ મોણશી પદમશી દેઢિયાના જમાઈ. ભુજપુર ધિરેનના પિતા. ગુણવંત, જીતેન્દ્ર, ચંદ્રિકા, પ્રગુણાના ભાઈ. પ્રા. સરદાર પટેલ બાગ, પારલેશ્વર રોડ, પાર્લા (ઈસ્ટ) સ્ટેશનની બાજુમાં. ટા. ૪ થી ૫.૩૦.

# કચ્છ કચ્છનોંધ

**શ્રી મતિયા દેવ સેવા ટ્રસ્ટ-ગાંધીધામ**

● શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ તથા શ્રી મતિયાદેવ સેવા ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે આગામી તા.૨૬-૦૪-૨૦૨૬ ને રવિવાર, સવારે ૧૦:૦૦ થી ૧:૦૦ કલાકે ઈફકો ગેટની સામે, આર્યસમાજ બિલ્ડીંગની સામે, શ્રી રામકૃષ્ણ સેવા ટ્રસ્ટ સેવા સંકુલ બિલ્ડીંગ, પ્લોટ નં.૩, ૪, ૮૧-૮૨, વોર્ડ ૧૦ બી. ડી., ઈફકો ગેટની સામે સ્ટર્લિંગ હોસ્પિટલની સામે, ગાંધીધામ–કચ્છ મધ્યે આયોજીત આ નેત્ર યજ્ઞમાં મોતિયો, જામરવેલ, પરવાળા ના દર્દીઓની તપાસણી થશે તથા ઓપરેશન માટેના દર્દીઓને વિનામૂલ્યે મીનદીપ આઈ એન્ડ ડેન્ટલ હોસ્પિટલ અંજારના આંખના સર્જન ડો.દિપક જાલાની (આઈ.સર્જન)ની સેવાઓ પ્રાપ્ત થશે, મોતિયાના ઓપરેશન આધુનિક ફેકો પદ્ધતિથી કરવામાં આવશે. આ કેમ્પનો વધારેથી વધારે લોકો લાભ લે તેવી અપીલ શ્રી રામકૃષ્ણ સેવાટ્રસ્ટ, શ્રી મતિયાદેવ સેવા ટ્રસ્ટ આ બન્ને સંસ્થાઓ ધ્વારા કરવામાં આવે છે. વધુ જાણકારી માટે શ્રી મતિયાદેવ સેવા ટ્રસ્ટના મંત્રી વેલજી નામોરી મહેશ્વરીનો સંપર્ક કરવા વિનંતી. ઓપરેશન માટેના દર્દીઓને અંજાર જવાનું થશે. આ કેમ્પને સફળ બનાવવા બન્ને સંસ્થાઓના હોદેદારો જહેમત ઉઠાવી રહયા છે.

# સેવી ઇન્ટરનેશનલ સ્કૂલનું સીબીએસઇ ધોરણ ૧૦ની પરીક્ષામાં ઝળહળતું પરિણામ



ગાંધીધામ - કચ્છઉદય : સેવી ઈન્ટરનેશનલ સ્કૂલ માટે ગર્વની ક્ષણ છે કે ધોરણ ૧૦ (CBSE) બોર્ડ પરીક્ષા વર્ષ ૨૦૨૫-૨૬માં અમારા વિદ્યાર્થીઓએ ઉત્તમ અને પ્રભાવશાળી પરિણામ હાંસલ કર્યું છે.

5B કેમ્પસ તથા લીલાશાહ કેમ્પસના અનેક વિદ્યાર્થીઓએ ૯૦% થી વધુ ગુણ મેળવી શૈક્ષણિક શ્રેષ્ઠતાનું ઉત્તમ પ્રતિબિંબ પૂરું પાડ્યું છે.આ સિદ્ધિ માત્ર ગુણોની મર્યાદામાં સીમિત નથી, પરંતુ વિદ્યાર્થીઓના દૃઢ સંકલ્પ, શિક્ષકોના માર્ગદર્શન અને વાલીઓના અવિરત સહકારનું પ્રતિબિંબ છે. સેવી ઈન્ટરનેશનલ સ્કૂલ ગુણવત્તાયુક્ત શિક્ષણ, મૂલ્ય આધારિત અભિગમ અને સર્વાંગી વિકાસ માટે પ્રતિબદ્ધ રહી છે, જેનો સ્પષ્ટ પરિચય આ પરિણામોમાં જોવા મળે છે.

સેવી ઈન્ટરનેશનલ સ્કૂલ અને તેની સમગ્ર ટીમ તરફથી તમામ તેજસ્વી વિદ્યાર્થીઓને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવે છે. અમે તેમના ઉજ્જવળ ભવિષ્ય માટે શુભેચ્છાઓ પાઠવીએ છીએ અને વિશ્વાસ છે કે તેઓ જીવનના દરેક ક્ષેત્રમાં નવી ઊંચાઈઓ હાંસલ કરશે.

# રત્નકણિકા

**આનંદનું મૂળસ્ત્રોત સંતોષ છે. - મનુસ્મૃતિ**

# પંચાગ

**કનકચંદ્ર સી. વ્યાસ**

વિક્રમ સં. ૨૦૮૨, શા. શાકે. ૧૯૪૮, પા. આદર-૧૩૯૫, મુ. શવ્વાલ-૧૪૪૮, જૈન વીર સં.-૨૫૫૨, કચ્છી સં. ૨૦૮૨, વૈશાખ સુદ-૧ ચંદ્રદર્શન તા.૧૮ એપ્રિલ ૨૦૨૬, શનિવાર, પારસી તા.૭, મુસ્લિમ તા.૨૯, અશ્વિની નક્ષત્ર, પ્રીતિ યોગ, બવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૧૨

આજનો દિવસ સવારે ૯:૪૨ ક. સુધી શુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી મેષ (અ લ ઈ) છે.

# આપની આવતી કાલ કેવી જશે...?

**કનકચંદ્ર સી. વ્યાસ**

**મેષ** : પુરૂષાર્થ પછી પણ યોગ્ય ફળ ન મળે. પડવા-વાગવાથી સંભાળવું.

**વૃષભ** : ચિંતાનો ઉકેલ મળે. નાણાંકીય સમસ્યા હળવી બને.

**મિથુન** : આરોગ્ય બાબતે ચિંતા સર્જાય. વ્યર્થ ખર્ચના ભોગ બનવું પડે.

**કર્ક** : ઘરમાં વાદ-વિવાદનો પ્રસંગ બને. પ્રયત્નો વિલંબથી ફળે.

**સિંહ** : અગત્યના કાર્યમાં રૂકાવટ આવે. નાણાભીડ ઉદ્ભવે.

**કન્યા** : ધીરજની કસોટી થાય.મનમાં ઉગ્રતા રહે.

**તુલા** : જીવનસાથીથી વિશેષ સ્નેહ રહે. તમારા પ્રયત્નો ફળે.

**વૃશ્ચિક** : કાર્યમાં અટકી-અટકીને સફળતા મળે. આર્થિક પરિસ્થિતિ ગુંચવાય.

**ધન** : વિશ્વાસે વહાણ ન ચલાવવું. અપયશના ભોગ બનવું પડે.

**મકર** : માનસિક પ્રસન્નતાનો અનુભવ થાય. પ્રવાસમાં સફળતા મળે.

**કુંભ** : નાણાંભીડ હળવી બને. નવિન શુભ સમાચાર મળે.

**મીન** : મહત્વના કાર્યમાં સફળતા મળે. ગૃહજીવનમાં ઘર્ષણ થવા સંભવ છે.

હમેશાં વાસણ ઢાંકીને રસોઈ બનાવો : તો પણ ૨૦ ટકા જેટલા ગેસની થશે બચત

# ભુજના વોર્ડ નંબર ૩માં ભાજપના ચૂંટણી કાર્યાલયનું ધારાસભ્યના હસ્તે ઉદ્‌ઘાટન





## વિકાસના કામોના જોરે ભાજપ તમામ બેઠકો પર પેનલ ટુ પેનલ ભવ્ય વિજય મેળવશે તેવો કેશુભાઈ પટેલે વ્યક્ત કર્યો આશાવાદ



**વોર્ડ નંબર ૩ના ભાજપના ઉમેદવારો અંબાલાલભાઈ રાજગોર, બિલ્કીશબેન સમા, સનાબાનુ ચૌહાણ અને સમીર કુંભારને જનસંપર્ક દરમિયાન મતદારો તરફથી તેમને ખૂબ જ બહોળો અને સકારાત્મક પ્રતિસાદ સાંપડી રહ્યો છે**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લાના મુખ્ય મથક ભુજ શહેરમાં આગામી નગરપાલિકાની ચૂંટણીને લઈને રાજકીય માહોલ ગરમાયો છે. તમામ પક્ષો દ્વારા જોરશોરથી પ્રચાર અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે, ત્યારે ભુજ નગરપાલિકાના વોર્ડ નંબર ૩માં ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોના ચૂંટણી પ્રચાર કાર્યાલયનો વિધિવત પ્રારંભ કરવામાં આવ્યો છે. ગુરુવારના રોજ ભુજના ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે કાર્યાલયને ખુલ્લું મુકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ધારાસભ્ય કેશુભાઈ પટેલે કાર્યકરોમાં જોશ પૂરતા જણાવ્યું હતું કે, ભુજ શહેરમાં ભારતીય જનતા પાર્ટીના શાસનકાળ દરમિયાન ઐતિહાસિક વિકાસકાર્યો થયા છે. શહેરના દરેક છેવાડાના વિસ્તાર સુધી સમતોલ વિકાસ પહોંચાડવામાં ભાજપ સરકાર સફળ રહી છે. રોડ-રસ્તા, પીવાનું શુદ્ધ પાણી અને ગટર લાઈન જેવી માળખાગત સુવિધાઓમાં નોંધપાત્ર વધારો થયો છે અને અનેક જનહિતના પ્રોજેક્ટ્સ હાલમાં પણ ગતિશીલ છે. ધારાસભ્યએ વધુમાં ઉમેર્યું હતું કે, ભૂતકાળમાં વોર્ડ નંબર એક થી ત્રણ ભાજપ માટે પડકારજનક માનવામાં આવતા હતા, પરંતુ છેલ્લા થોડા વર્ષોમાં સ્થિતિ સંપૂર્ણપણે બદલાઈ ગઈ છે. ભાજપની વિકાસલક્ષી રાજનીતિને કારણે હવે આ વિસ્તારોમાં પણ પક્ષનો મજબૂત ગઢ તૈયાર થયો છે. મતદારોમાં ભાજપ પ્રત્યે અભૂતપૂર્વ ઉત્સાહ જોવા મળી રહ્યો છે, જેના આધારે તેમણે આગામી ચૂંટણીમાં ભાજપની આખી પેનલ જંગી બહુમતીથી વિજયી બનશે તેવી દ્રઢ ખાતરી આપી હતી. તેમણે પક્ષના તમામ કાર્યકર્તાઓને આહ્વાન કર્યું હતું કે મતદાનના દિવસ સુધી જનસંપર્ક તેજ કરી પ્રચાર કાર્યમાં પૂરી તાકાત લગાવી દેવી.

વોર્ડ નંબર ૩ના ભાજપના ઉમેદવારો અંબાલાલભાઈ રાજગોર, બિલ્કીશબેન સમા, સનાબાનુ ચૌહાણ અને સમીર કુંભારે સંયુક્ત રીતે જણાવ્યું હતું કે, જનસંપર્ક દરમિયાન મતદારો તરફથી તેમને ખૂબ જ બહોળો અને સકારાત્મક પ્રતિસાદ સાંપડી રહ્યો છે.

લોકો ભાજપના શાસનમાં થયેલા કાર્યોથી સંતુષ્ટ છે. કાસમભાઈ કુંભારના નેતૃત્વમાં આ વિસ્તારના બાકી રહી ગયેલા તમામ વિકાસના કામોને આગામી સમયમાં અગ્રતાના ધોરણે પૂર્ણ કરવાની ખાતરી ઉમેદવારોએ આપી હતી અને વોર્ડ નંબર ૩ને ભુજનું આદર્શ રોલ મોડલ બનાવવાનો સંકલ્પ વ્યક્ત કર્યો હતો. વોર્ડ નં. ૩ માં થયેલા વિકાસકામોનું વાચન અલીભાઈ જતે કર્યું હતું.

આ ઉદ્દઘાટન પ્રસંગે શહેર ભાજપ પ્રમુખ મિતભાઈ ઠક્કર, દેવરાજભાઈ ગઢવી, રાહુલભાઈ ગોર, સુરેશભાઈ સંઘાર, જીગરભાઈ શાહ, ધર્મેન્દ્રભાઈ ગોર, આકીબ બાયડ, જયંતભાઈ, ઈમરાન ચૌહાણ, અકીલભાઈ, ગનીભાઈ લોટા, જાવેદ સુમરા, સોહેબ કુંભાર, ઓસમાણ કુંભાર, કરશન ધનજી મહેશ્વરી, ગોવિંદભાઈ, પોપટભાઈ, દેવજીભાઈ મહેશ્વરી, ધનજીભાઈ (મંડપવાળા), મૌલાના ઈદ્રીશ, ઈમરાન ચાકી, આમીર હુસેન, સાલેભાઈ, ભરતભાઈ, અસલમ નોડે, સલીમભાઈ, રફીક બાવા, ખત્રી હૈદર, ઈમરાન મણીયાર સહિતના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક રહેવાસીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમનું સંચાલન અનીલભાઈ ડાભીએ કર્યું હતું. હાસ્ય કલાકાર પન્નુ મારાજે લાક્ષણીક અંદાજમાં લોકોનું મનોરંજન કર્યું હતું.

# ભુજના વોર્ડ નંબર સાતમાં ભાજપના ઉમેદવારોને સ્વયંભૂ પ્રચંડ જનસમર્થન









## ભુજ નગરપાલિકાની ચૂંટણીના જંગમાં વોર્ડ નંબર ૭ માં ભાજપનું શક્તિપ્રદર્શનઃ મધ્યસ્થ કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે જનમેદની ઉમટી : વિકાસના આઠ કરોડના કામો પૂર્ણ થયા બાદ સાડા આઠ કરોડના નવા પ્રોજેક્ટની ભેટઃ ઉમેદવારો રાજેન્દ્રસિંહ જાડેજા, મીનાબેન ગઢવી, મયંક રૂપારેલ અને સાવિત્રીબેન જાટે મતદારોને ૨૪ કલાક સેવાનો અપાવ્યો વિશ્વાસ

ભુજ - કચ્છઉદય : ભુજ નગરપાલિકાની આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને રાજકીય માહોલ ગરમાયો છે, ત્યારે વોર્ડ નંબર ૭માં ભારતીય જનતા પાર્ટી દ્વારા ભવ્ય રણશિંગું ફૂંકવામાં આવ્યું છે. આ વોર્ડના ભાજપના સત્તાવાર ઉમેદવારો દ્વારા ચૂંટણી પ્રચાર કાર્યાલયનું વિધિવત ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે આયોજિત કાર્યક્રમમાં વોર્ડના ખૂણેખૂણેથી ઉમટી પડેલા સમર્થકો, કાર્યકરો અને સ્થાનિક રહીશોની જંગી હાજરીએ ભાજપના પક્ષમાં મજબૂત માહોલ હોવાનું પ્રસ્થાપિત કર્યું હતું. કાર્યાલયના ઉદ્ઘાટન સમયે લોકોનો ઉત્સાહ ચરમસીમાએ જોવા મળ્યો હતો, જેમાં દરેક વિસ્તારમાંથી મોટી સંખ્યામાં વડીલો, યુવાનો તેમજ માતા-બહેનોએ ઉપસ્થિત રહીને ઉમેદવારોને વિજયી ભવના આશીર્વાદ પાઠવ્યા હતા.

કાર્યાલયના ઉદ્ઘાટન પ્રસંગે ઉપસ્થિત મેદનીને સંબોધતા રાજેન્દ્રસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, આજે જે પ્રકારે જનસૈલાબ ઉમટ્યો છે તે જોતા સ્પષ્ટ થાય છે કે વોર્ડ નંબર ૭ના લોકોએ ભારતીય જનતા પાર્ટી પર સંપૂર્ણ વિશ્વાસ મૂક્યો છે. દરેક ગલી અને મહોલ્લામાંથી મોટી સંખ્યામાં લોકો સ્વયંભૂ રીતે ચારેય ઉમેદવારોના આમંત્રણને માન આપીને અહીં પહોંચ્યા છે. તેમણે વધુમાં ઉમેર્યું કે આ વોર્ડ હંમેશા ભારતીય જનતા પાર્ટીના આદર્શોને સમર્પિત રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં દેશને મજબૂત બનાવવા માટે આ વોર્ડના મતદારોએ હંમેશા અગ્રીમ ફાળો આપ્યો છે. સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં જ્યારે ભાજપ મજબૂત બનશે ત્યારે જ નરેન્દ્રભાઈ મોદીના હાથ મજબૂત થશે અને ભારતને વિશ્વગુરુ બનતા કોઈ રોકી શકશે નહીં તેવી દ્રઢ માન્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વોર્ડમાં થયેલા અને થનારા વિકાસ કામોનો ચિતાર આપતા રાજેન્દ્રસિંહ જાડેજાએ વિગતે માહિતી આપી હતી કે છેલ્લા પાંચ વર્ષના શાસન દરમિયાન વોર્ડ નંબર ૭માં અંદાજે ૮ થી ૯ કરોડ રૂપિયાના વિકાસલક્ષી કાર્યો પૂર્ણ કરવામાં આવ્યા છે. જેમાં પાંચ થી સાત કરોડ રૂપિયાના કામો ગ્રાન્ટ અંતર્ગત થયા છે અને અન્ય દોઢ થી બે કરોડના કામો પણ સફળતા પૂર્વક સંપન્ન થયા છે. આટલેથી જ અટક્યા વગર, તેમણે આગામી આયોજન વિશે ખુશખબરી આપતા જણાવ્યું હતું કે, વોર્ડની જનતા માટે સાડા આઠ કરોડ રૂપિયાના નવા કામોની ટેન્ડર પ્રક્રિયા પણ પૂર્ણ કરી દેવામાં આવી છે. ખાસ કરીને વોર્ડનો વર્ષો જૂનો અને મુખ્ય પ્રશ્ન ગટર અને વરસાદી પાણીના નિકાલનો હતો. વરસાદી પાણી ગટરના પાણી સાથે મિક્સ થઈને લોકોના ઘરો સુધી પહોંચતું હતું, જે ખૂબ જ ગંભીર સમસ્યા હતી. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે ધારાસભ્ય અને સાંસદ વિનોદભાઈ ચાવડાના અથાગ પ્રયત્નો તેમજ નગરપાલિકાના સહયોગથી સાડા આઠ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે. હવે આ પાણીને બાયપાસ કરવાની યોજના નક્કી થઈ ગઈ હોવાથી ભવિષ્યમાં રહીશોને આ મુસીબતમાંથી કાયમી છુટકારો મળશે.

ચૂંટણી પ્રચારના અનુભવો શેર કરતા તેમણે જણાવ્યું હતું કે, જ્યારે અમે ચારેય ઉમેદવારો વોર્ડના વિવિધ વિસ્તારોમાં ડોર-ટુ-ડોર પ્રચાર માટે ફરી રહ્યા છીએ, ત્યારે અમને ક્યાંય પણ લોકોના રોષ કે મોટી સમસ્યાનો સામનો કરવો પડ્યો નથી. સફાઈમાં ક્યારેક કમી, પાણીના વિતરણમાં અનિયમિતતા કે બંધ સ્ટ્રીટ લાઈટ જેવી નાની-મોટી ફરિયાદો ચોક્કસ સામે આવે છે, પરંતુ તેનું નિરાકરણ પણ તંત્ર દ્વારા તાત્કાલિક ધોરણે કરી દેવામાં આવે છે. પૂર્વ નગરસેવકો રશ્મીબેન સોલંકી, મહિદીપસિંહ જાડેજા, કમલભાઈ ગઢવી અને સાવિત્રીબેન જાટની કામગીરીને બિરદાવતા તેમણે કહ્યું હતું કે, અગાઉની ટીમે ખૂબ જ પ્રશંસનીય કામ કર્યું છે જેના કારણે આજે એક જ વોર્ડમાં ૧૫ થી ૧૭ કરોડ રૂપિયા જેટલા માતબર રકમના કામો શક્ય બન્યા છે. આટલી મોટી રકમના વિકાસ કામો થતા હવે અમારી ચારેય નવા ઉમેદવારોની જવાબદારી વિશેષ બની જાય છે. અમે દ્રઢ સંકલ્પ કર્યો છે કે આગામી સમયમાં જે કોઈ પણ કામો બાકી હશે તેને પ્રાધાન્ય આપીને પૂર્ણ કરવામાં આવશે. જનતા સાથેના સીધા સંવાદ અને પારદર્શિતા પર ભાર મૂકતા રાજેન્દ્રસિંહ જાડેજાએ એક અનોખી જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, ભાજપની આખી પેનલ જેમાં રાજેન્દ્રસિંહ હકુમતસિંહ જાડેજા, મયંકભાઈ રૂપારેલ, સાવિત્રીબેન જગાણી અને મીનાબેન ગઢવીનો સમાવેશ થાય છે, તેઓ જે પણ પ્રચાર પત્રિકા કે પેમ્પ્લેટ મતદારોને આપી રહ્યા છે, તેમાં ઉમેદવારોના અંગત મોબાઈલ નંબર લખેલા હશે. આ નંબર દરેક ઘર સુધી પહોંચાડવામાં આવશે જેથી પ્રજા સીધો સંપર્ક કરી શકે. તેમણે ખાતરી આપતા કહ્યું હતું કે, એવું ક્યારેય નહીં બને કે કોઈ નાગરિક ફોન કરે અને અમે ઉપાડીએ નહીં. અમે ૨૪ કલાક અને સાતેય દિવસ જનતાની સેવા માટે તત્પર રહીશું. અગાઉ પણ અમે લોકસેવામાં કાર્યરત રહ્યા છીએ અને ભવિષ્યમાં પણ ચૂંટાયા બાદ પ્રજાના પ્રતિનિધિ તરીકે સૌથી શ્રેષ્ઠ કામગીરી કરીશું તેવો વિશ્વાસ તેમણે ભારતીય જનતા પાર્ટીના એક નિષ્ઠાવાન સૈનિક તરીકે વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે વોર્ડ નંબર ૭ ના રસ્તાઓ કેસરીયા માહોલથી રંગાયા હતા અને ભાજપના કાર્યકરોમાં ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો. સ્થાનિક રહેવાસીઓ ઉપરાંત ભાજપના કાર્યકર્તાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# મુંદરા ગ્રા.પં.ના સાત સફાઈ કામદારોને કાયમી કરવાના આદેશ વિરુદ્ધની અરજી ઔદ્યોગિક ન્યાયપંચે ફગાવી

મુંદરા - કચ્છઉદય : રાજકોટ સ્થિત ઔદ્યોગિક ન્યાયપંચે મુંદ્રા ગ્રામ પંચાયતના સાત સફાઈ કામદારોના હિતમાં એક મહત્વપૂર્ણ ચુકાદો આપતા પંચાયત દ્વારા દાખલ કરવામાં આવેલી વિલંબ માફીની અરજીને નામંજૂર કરી દીધી છે. આ કેસની વિગત મુજબ, કચ્છ જિલ્લા મજૂર વિકાસ મંચ ટ્રેડ યુનિયન દ્વારા વર્ષોથી રોજમદાર અને ફિક્સ પગારમાં શોષણનો ભોગ બનતા સાત સફાઈ કામદારો વતી કાયમી થવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. જે સંદર્ભે અગાઉ તારીખ ૨૦ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ અદાલતે આ કામદારોને તેમની નિમણૂક તારીખથી કાયમી ગણીને તે મુજબના ગ્રેડ, મોંઘવારી ભથ્થું અને અન્ય લાભો ચૂકવવાનો આદેશ કર્યો હતો. આ હુકમનો અમલ કરવાને બદલે સામાવાળા દ્વારા વિલંબ માફીની અરજી સાથે કેસને ફરી ચલાવવા દાદ માંગવામાં આવી હતી.

આ મામલે યુનિયનના એડવોકેટ યોગેશ એમ. મહેતાએ ધારદાર દલીલો રજૂ કરતા જણાવ્યું હતું કે આ અરજી માત્ર કામદારોને ન્યાયથી વંચિત રાખવાના ઈરાદાથી કરવામાં આવી છે. ન્યાયપંચે આ દલીલો ગ્રાહ્ય રાખીને વિલંબ માફીની અરજી રદ કરી છે, જેનાથી સફાઈ કામદારોને કાયમી ધોરણે મળવાપાત્ર હક મળવાનો માર્ગ મોકળો થયો છે.




હાજીપીર ખાતે આજથી મુબારક પીરનો મેળો યોજાશે. આ મેળામાં આજુબાજુ ગામડાની પ્રજા મેળો માણવા ઊમટે છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ હાજીપીરનો મેળો પૂર્ણ થયા બાદ અઠવાડિયા મેળા તરીકે ઓળખાતો આ મેળો માણવા મોટી સંખ્યામાં લોકો ઉમટી પડશે.

# ચેક પરતના કેસમાં મુંબઈના વેપારીને એક વર્ષની સજા

ભુજ - કચ્છઉદય : માટુંગા મુંબઈના વેપારીને ચેક પરતના કેસમાં ૫.૧૦ લાખના વળતર તેમજ એક વર્ષની કેદની સજાનો ભુજની કોર્ટે આદેશ કર્યો છે. આ કેસની વિગતો મુજબ મુંદરા તાલુકાના નાની તુંબડીના ફરિયાદી પરેશ કરમશી દેઢિયાએ આરોપી કીર્તિ લાલજી વિસરિયા (રહે. માટુંગા, મુંબઈ)ને તેના ધંધાના વિકાસ માટે નાણાંની જરૂર થતાં ફરિયાદીએ ૫ લાખ સંબંધના નાતે આપ્યા હતા. આ રકમની ચૂકવણી માટે આરોપીએ આપેલ રૂા.૫ લાખનો ચેક અપૂરતા ભંડોળના કારણે પરત ફરતા ફરિયાદી દ્વારા કેસ દાખલ કરાયો હતો. અદાલતે બન્ને પક્ષની દલીલો સાંભળી આરોપીને ૫.૧૦ લાખના વળતર તેમજ એક વર્ષની કેદની સજા ફટકારી હતી. વળતર ન ચૂકવે તો વધુ ત્રણ માસની કેદનો હુકમ કર્યો હતો. ફરિયાદી પક્ષે એડવોકેટ અવનિશ જે. ઠક્કર અને સલીમ ચાકીએ હાજર રહી દલીલો કરી હતી.

# કચ્છમાં ગરમીનો પ્રકોપ યથાવત : જનજીવન પ્રભાવિત

**રાજ્યના પાંચ સૌથી ગરમ શહેરોમાં ભુજનો સમાવેશઃ આગામી એક સપ્તાહ સુધી અકળાવનારો તાપ યથાવત રહેવાની હવામાન વિભાગની આગાહી**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં છેલ્લા કેટલાક સમયથી તાપમાનમાં સતત ફેરફાર જોવા મળી રહ્યો છે, તેમ છતાં ગરમીનું જોર ઘટવાનું નામ લેતું નથી. ખાસ કરીને જિલ્લા મથક ભુજમાં સૂર્યદેવના તેવર આકરા જણાતા તાપમાનમાં એક ડિગ્રીનો વધારો નોંધાયો હતો, જેના પગલે પારો ફરી એકવાર ૪૦ ડિગ્રી પાર પહોંચી ગયો છે. આ સાથે જ ભુજ શહેર રાજ્યના પાંચ સર્વાધિક ગરમ મથકોની યાદીમાં સ્થાન પામ્યું છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આગામી એક સપ્તાહ સુધી વાતાવરણમાં ખાસ કોઈ મોટો પલટો આવવાની શક્યતા નથી અને ગરમીનું આ પ્રમાણ જળવાયેલું રહેશે. જિલ્લાના અન્ય વિસ્તારોની વાત કરીએ તો ભુજ સિવાયના મથકો પર મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી ઓછું નોંધાતા નાગરિકોને ગરમીમાં આંશિક રાહત મળી હતી. કંડલા એરપોર્ટ વિસ્તારમાં તાપમાન ૩૭.૪ ડિગ્રી નોંધાયું હતું, જ્યારે નલિયા અને કંડલા પોર્ટમાં પારો ૩૪ ડિગ્રીની આસપાસ સ્થિર રહ્યો હતો. દિવસે અનુભવાતી ભારે ગરમી અને અકળામણ સામે રાત્રિના સમયે વાતાવરણમાં પ્રસરેલી શીતળતાએ લોકોને થોડો હાશકારો આપ્યો હતો. બીજી તરફ, રાજ્યના કેટલાક ભાગોમાં હવામાન વિભાગે કમોસમી વરસાદની આગાહી વ્યક્ત કરી છે, પરંતુ કચ્છના સંદર્ભમાં હાલ પૂરતી માવઠાની કોઈ સંભાવના ન હોવાનું હવામાન વિભાગના વર્તારામાં સ્પષ્ટ કરવામાં આવ્યું છે.

**કચ્છ મેનેજમેન્ટ એસોસીએશન (KMA), આદિપુર-ગાંધીધામ**

**અનુભવી સ્ટાફ માટે જરૂરી જાહેરાત**

અંગ્રેજી તેમજ કમ્પ્યુટર જ્ઞાન ધરાવતા અને સારો પત્રવ્યવહાર કરી શકતા અનુભવી સ્ટાફની જરૂર છે.

**લાયકાતઃ** અંગ્રેજી, ગુજરાતી, હિન્દી ભાષા પર પકડ, કમ્પ્યુટર જ્ઞાન (MS Office/Email) ઓફિસ કાર્યનો અનુભવ જરૂરી. **"નિવૃત વ્યક્તિઓને પ્રથમ પસંદગી આપવામાં આવશે".**

રસ ધરાવતા ઉમેદવારોએ જાહેરાત પ્રસિદ્ધ થયાની તારીખથી, 7 **દિવસની અંદર** પોતાની અરજી (બાયોડેટા સાથે) નીચેના સરનામે પોસ્ટ દ્વારા અથવા ઈમેઈલ દ્વારા મોકલવી.

**સરનામુંઃ**

C/O: ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી, ચેમ્બર ભવન, પ્લોટ નં. ૭૧, સે-૮, ગાંધીધામ

ફોનઃ ૦૨૮૩૬ - ૨૨૦૭૩૫ મો. નં. ૯૯૨૫૦ ૩૭૮૧૪

ઈ-મેઈલઃ info@gccikandla.com

- **મહેશ તીર્થાણી,** માનદ મંત્રી-KMA

॥ શ્રી ઉમિયા માતાય નમઃ ॥ ॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી લક્ષ્મીનારાયણ નમઃ ॥

પધારો ગઢશીશા પધારો ગઢશીશા

**શ્રી ગઢશીશા વિસ્તાર કડવા પાટીદાર સમાજ આયોજિત સમૂહલગ્ન**

**॥ અઢારમો સમૂહલગ્ન સમારોહ ॥**

કુળદેવી શ્રી ઉમિયા માતાજીની અસીમ કૃપાથી અને સર્વે જ્ઞાતિજનોના સંપ અને સહકારથી શ્રી ગઢશીશા વિસ્તાર કડવા પાટીદાર સમાજ સમૂહલગ્ન આયોજન સમિતિના નેજા હેઠળ સર્વે જ્ઞાતિજનોને એક તાંતણે બાંધી રાખવા તથા આર્થિક સદ્ધરતાના હેતુસર સતત અઢારમાં વર્ષે પણ સમૂહલગ્નનું સફળ આયોજન કરેલ છે, જેમાં ૧૨ (બાર) યુગલો હિન્દુ શાસ્ત્રોકત વિધિથી પ્રભુતામાં પગલાં પાડશે, જેમાં સર્વે જ્ઞાતિજનો અને આમંત્રિતોએ નવદંપતીને શુભાશિષ પાઠવવા ઉપસ્થિત રહેવા ભાવભર્યું નિમંત્રણ.

**શુભ દિન : અખાત્રીજ (અક્ષય તૃતીયા) તા. ૧૯/૪/૨૦૨૬, રવિવાર, સંવત ૨૦૮૨**

**માંગલિક પ્રસંગો**

| મંડપમુહૂર્ત (કન્યાપક્ષ) | જાન સામૈયું - આગમન | હસ્ત મેળાપ | જાન વિદાય |
|---|---|---|---|
| સવારે ૭:૦૦ કલાકે | સવારે ૮:૦૦ કલાકે | સવારે ૯:૩૦ કલાકે | બપોરે ૨:૦૦ કલાકે |

**આશીર્વચન સમારંભ : સમાજના અગ્રણીઓ તથા નિમંત્રિત મહાનુભાવો દ્વારા ૧૧: ૩૫ કલાકે**

**શુભ લગ્નસ્થળ : ગઢશીશા હાઈસ્કૂલ, તા. માંડવી**

**નિમંત્રક : શ્રી ગઢશીશા વિસ્તાર કડવા પાટીદાર સમાજ**

મહામંત્રીશ્રી જયેશભાઈ એસ. છાભૈયા

પ્રમુખશ્રી શામજીભાઈ નારણભાઈ નાકરાણી

તમામ ટ્રસ્ટીશ્રીઓ, હોદેદારશ્રીઓ અને કારોબારી સભ્યશ્રીઓ

**::: જાહેર ટેકો :::**




તારીખ ૧૬/૪/૨૦૨૬ ના રોજ પિથોરાદાદા ના ધામ માં રાજપૂત ક્ષત્રિય સમાજ કિડાણા ના પ્રમુખશ્રી હર્ષદસિંહ જાડેજા ની આગેવાની માં બેઠકનું આયોજન કરવામાં આવેલ બેઠકમાં ગાંધીધામ મહાનગર પાલિકા વોર્ડ નંબર -૬ ના ઉમેદવાર શ્રી નવીનભાઈ જરૂ, શ્રીમતિ સતીબેન મ્યાત્રા , શ્રીમતી હંસાબેન ફફલ અને વિશાલભાઈ સાથે ગાંધીધામ તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખશ્રી દેવેન્દ્રસિંહ જાડેજા, મહામંત્રીશ્રી બધાભાઈ મ્યાત્રા ઉપસ્થિત રહી આવનાર ચૂંટણી માં પેનલ ટુ પેનલ મતદાન કરી સમાજનું સાથ અને સહયોગ માગ્યો હતો .

સમાજના આગેવાન ગણપતસિંહ સોઢા, સ્વરૂપસિંહ સોઢા, મોહનસિંહ જાડેજા, સિધરાજસિંહ જાડેજા, પરબતસિંહ જાડેજા, ઘનશ્યામસિંહ ઝાલા, શિવુભા સોઢા, નારણસિંહ સોઢા તેમજ મોટી સંખ્યામાં વડીલો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

સમગ્ર રાજપૂત ક્ષત્રિય સમાજ કિડાણા ગાંધીધામ મહાનગરપાલિકા ચૂંટણીમાં વોર્ડ નંબર ૬ ભાજપ પક્ષ ના ઉમેદવારો ને કોઈ પણ લોભ કે લાલચ વગર જાહેર ટેકો આપેલ છે.

**ક્ષત્રિય સમાજ કિડાણા**
**પ્રમુખશ્રી હર્ષદસિંહ જાડેજા**

PGVCL

**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ**

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમિટેડનાના માવા મેન રોડ-રાજકોટ CIN: U40102GJ 2003 SGC042908ગાંધીધામ વિભાગીય કચેરી,રામબાગ રોડ, આનંદમાર્ગ સ્કુલની બાજુમાં ડી.સી.-૨ ગાંધીધામ

**વીજપૂરવઠો બંધ રહેવા અંગેની જાહેર નોટીસ**

આથી અમારા માનવંતા વીજ ગ્રાહકોને જણાવવાનુ કે વીજ લાઈન ઉપર ફીડર અગત્યની મેન્ટેનન્સની અગત્યની કામગીરી કરવાની હોવાથી નીચેના જણાવેલ વિસ્તારોમાં સવારના ૦૯:૦૦ થી સાંજના ૦૫:૦૦ સુધી વીજ પુરવઠો બંધ રહેશે.

**વીજ વિક્ષેપ ફરિયાદ નિવારણ નોંધવા માટે પેટા વિભાગીય કચેરી ફોલ્ટ સેન્ટર નં.-**

- આદિપુર- ૯૬૮૭૬૩૩૬૪૬, ૦૨૮૩૬-૨૬૦૧૨૩
- રામબાગ- ૯૯૭૮૯૩૬૨૭૯, ૦૨૮૩૬-૨૬૧૧૨૩
- ગાંધીધામ- ૯૮૭૯૨૦૨૨૬૩, ૦૨૮૩૬-૨૨૧૭૨૮
- કાસેઝ- ૯૮૭૯૨૦૨૨૮૮,૦૨૮૩૬-૨૫૨૧૧૧

| તારીખ | ફીડરનું નામ | સમાવેશ થતો વિસ્તાર |
|---|---|---|
| ૧૯-૦૪-૨૦૨૬ | એરોડ્રામ | સેક્ટર-૯ (એન.એચ.), પ્લોટ નં.-૪૬ થી ૧૨૩ ખોડીયાર નગર, એફસીઆઈ કોલોની, કેડીએલબી કોલોની, કસ્ટમ કોલોની, રેલ્વે સ્ટેશન, બસ સ્ટેશન, ટ્રક એસોસિએશન તેમજ ફીડરમાં આવતો તમામ વિસ્તાર. |

કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ગાંધીધામ



**ભારતીય જનતા પાર્ટી**
**ગાંધીધામ મહાનગરપાલિકા**

**વોર્ડ નં. ૧૧, ચૂંટણી મધ્યસ્થ કાર્યાલય ઉદ્‌ઘાટન**



સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી અન્વયે વોર્ડ નંબર ૧૧ ના કાર્યાલયનું ઉદ્દઘાટન ગાંધીધામના લોકપ્રિય ધારાસભ્ય શ્રીમતી માલતીબેન મહેશ્વરી ની વિશેષ ઉપસ્થિતિમાં થવાનું છે તો આપ સૌ વોર્ડ ૧૧ ના તમામ મતદાતાઓ અને વ્યાપારી મિત્રો તથા પાર્ટી ના હોદેદારો આગેવાનો અને સર્વે કાર્યકર્તાઓ ને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહેવા હાર્દિક આમંત્રણ છે.

કાર્યાલયના ઉદઘાટાઃ- **શ્રીમતી માલતીબેન મહેશ્વરી**

ધારાસભ્યશ્રી ગાંધીધામના વરદ હસ્તે, તારીખ : ૧૮-૦૪-૨૦૨૬, સમય : રાત્રે ૮-૦૦ કલાકે, સ્થળ : પ્લોટ નં. ૬૦૩, વોર્ડ ૧૨/સી, ડો. અશોક ઠક્કરની બાજુમાં, લીલાશાહ સર્કલ,ગાંધીધામ.

::: પ્રેરક ઉપસ્થિત :::


ગયાપ્રસાદજી શુકલા : પુજારી શ્રી નર-નારાયણેશ્વર મંદિર, લીલાશાહ

::: અતિથિ વિશેષ :::

ધવલભાઈ આચાર્ય, કચ્છ જીલ્લા મહામંત્રી | મોમાયાભા ગઢવી, ચૂંટણી ઈન્ચાર્જ | મધુકાંત શાહ, ચૂંટણી સહ ઈન્ચાર્જ | બાબુભાઈ ગુજરીયા, ચૂંટણી સહ ઈન્ચાર્જ

વિજયભાઈ પરમાર, પ્રમુખ ગાંધીધામ શહેર ભાજપ

દેવેન્દ્રસિંહ જાડેજા, પ્રમુખ ગાંધીધામ તાલુકા ભાજપ




શ્રી ઘેલાભાઈ નથુભાઈ ભરવાડ | શ્રી તેજસભાઈ પ્રભુલાલ શેઠ | શ્રીમતી દિપીકાબેન મિતુલ નાયક | શ્રીમતી પુજાબેન વિનોદભાઈ લાલવાણી

કમળ ખીલશે | વિકાસ જીતશે

# વેકેશન-લગ્નગાળા માટે એસટી તંત્ર સજ્જ : ૧-હજાર બસો દોડાવાશે

**૧૦ હજારથી વધુ ટ્રીપોનું સંચાલન થશે : પાવાગઢ, અંબાજી, સોમનાથ, દ્વારકા રૂટો માટે સૌથી વધુ બસોઃ રવિવારે અખાત્રીજે પણ ૬૦૦થી વધુ વધારાની બસો દોડશેઃ રાજકોટ વિભાગ-૫૦ દોડાવશેઃ વેકેશનમાં ૧૦૦થી વધુ એક્સ્ટ્રા બસો મુકાશે**

(એજન્સી દ્વારા)

ગાંધીનગર : વેકેશન અને લગ્નગાળાનો સમય હવે ખુબજ નજીક આવી ગયો છે. ત્યારે એસટી નિગમ પણ આ સીઝનનો ભરપૂર લાભ લેવા માટે સજ્જ બની ગયું છે. અને દર વર્ષની જેમ ચાલુ વર્ષે પણ વેકેશન અને લગ્નગાળા અનુસંધાને રાજયવ્યાપી એક્સ્ટ્રા બસો રાજયનાં અને આંતરરાજય રૂટો ઉપર દોડાવવાનું આગોતરૂ આયોજન કરી લીધુ છે. ખાસ કરીને રાજયનાં ફરવાનાં અને ધર્મસ્થાનો માટે સોથી વધુ એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવનાર છે.

નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ને રવિવારે પણ અખાત્રીજનાં દિવસે વ્યાપક લગ્નગાળો છે ત્યારે રવિવારે પણ રાજકોટ સહિત રાજયનાં ૧૬ ડીવીઝનોમાંથી એક્સ્ટ્રા બસો દોડાવવામાં આવશે. વેકેશન અને લગ્નગાળાનાં તા.૧ મેથી શરૂ થનારા એક્સ્ટ્રા સંચાલન અંગે એસ.ટી. નિગમની વડી કચેરીનાં જણાવ્યા મુજબ ઉનાળુ વેકેશન દરમિયાન નિગમ દ્વારા સમગ્ર રાજયના વિવિધ ડેપો ખાતેથી મુસાફર ટ્રાફિક પ્રમાણ ધ્યાને લઈ એક્સ્ટ્રા સંચાલન કરવામાં આવે છે. જેમાં મુખ્યત્વે અમદાવાદ, રાજકોટ, સુરત, વડોદરા, ગોધરા જેવા વિભાગો ખાતેથી સોમનાથ દ્વારકા, પાવાગઢ, અંબાજી વગેરે જેવા ધાર્મિક સ્થળો પ્રવાસન સ્થળોએ જવા આવવા માટે એક્સ્ટ્રા ટ્રીપોનું આયોજન કરવામાં આવશે.

વર્ષ ૨૦૨૫ના ઉનાળુ વેકેશન દરમિયાન ૨૭૬૫૦ જેટલી ટ્રીપો સંચાલીત કરી ૧૨ લાખથી વધુ મુસાફરોને પરિવહન સેવાનો લાભ આપવામાં આવેલ. ચાલુ વર્ષના ઉનાળુ વેકેશન ૨૦૨૬ દરમિયાન પણ રાજયના વિવિધ ધાર્મિક સ્થળો જેવા કે પાવાગઢ, અંબાજી, સોમનાથ, દ્વારકા ખાતે અંદાજીત કુલ ૧૦,૦૦૦થી વધુ ટ્રીપો સંચાલીત કરવાનું આગોતરૂ આયોજન કરેલ છે. વધુમાં નિગમના સૂત્રોના જણાવ્યા મુજબ વેકેશન- લગ્નગાળા દરમ્યાન એસટીની અંદાજે એક હજાર જેટલી વધારાની બસો વિવિધ રૂટો ઉપર દોડાવવામાં આવશે. જયારે આવતા રવિવારે અખાત્રીજના દિવસે ૬૦૦થી ૭૦૦ જેટલી વધારાની બસો રાજયભરમાંથી દોડાવવામાં આવનાર છે. આ ઉપરાંત રાજકોટ એસટી વિભાગના અધિકારીક સૂત્રોના જણાવ્યા મુજબ તા.૧૯ને રવિવારે વિભાગ દ્વારા લગ્નગાળા અનુસંધાને ૫૦થી ૬૦ જેટલી એક્સ્ટ્રા બસો દોડાવાશે તેમજ લગ્નગાળો અને વેકેશન અનુસંધાને રાજકોટ વિભાગ ૧૦૦થી વધુ વધારાની બસો દોડાવશે.

# અમેરિકામાં ખળભળાટ ! ૩ વર્ષમાં ૫ પરમાણુ વિજ્ઞાની ગાયબ અને ૫ના રહસ્યમય મોત, સુરક્ષા એજન્સીઓમાં દોડધામ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : અમેરિકામાં છેલ્લા ત્રણ વર્ષમાં પરમાણુ અને અંતરિક્ષ કાર્યક્રમ સાથે જોડાયેલા ૧૦ વિજ્ઞાનીઓ સાથે રહસ્યમય ઘટના બનતા ખળભળાટ મચી ગયો છે. રિપોર્ટ મુજબ, આમાંથી પાંચ વિજ્ઞાનીઓ ગુમ થયા છે, તો પાંચ વિજ્ઞાનીઓના મોત થયા છે. આમ તો વિશ્વભરમાં અમેરિકાનો પરમાણુ કાર્યક્રમ પ્લાન સૌથી વધુ સુરક્ષિત માનવામાં આવે છે, તેમાં કોઈપણ દેશ દખલગીરી કરવાનું વિચારી શકતું નથી. જોકે આ મામલો સામે આવ્યા બાદ હવે અમેરિકાના પરમાણુ કાર્યક્રમમાં સામેલ વિજ્ઞાનીઓની સુરક્ષા પર સવાલો ઉઠી રહ્યા છે. અમેરિકામાં આ ૧૦ વિજ્ઞાનીઓ મામલે તાત્કાલીક તપાસ કમિટી બનાવાવમાં આવી છે.

જે ૧૦ વૈજ્ઞાનિકો સાથે રહસ્યમય ઘટના બની છે, તેઓ અમેરિકાની સૌથી સુરક્ષિત કહેવાતી લેબમાં કામ કરતા હતા. આમાં અમેરિકાની ખૂબ જ મહત્વની વૈજ્ઞાનિક સંસ્થાઓ નાસા, લોસ એલામોસ, અને મેસેચ્યુસેટ્સ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેકનોલોજીના વિજ્ઞાનિઓ પણ સામેલ છે. ગુમ કે મોત થયેલા વૈજ્ઞાનિકોમાંથી કેટલાક રૉકેટના ધાતુ અને ન્યૂક્લિયર ફ્યૂજન જેવા સંવેદનશીલ પ્રોજેક્ટ પર કામ કરતા હતા. ચોંકાવનારી વાત એ છે કે, ગુમ થયેલા કે મૃત્યુ પામેલા વિજ્ઞાનીઓના વ્યવહારમાં એક જેવી પેટર્ન જોવા મળી છે.

# કરંટ કે દુર્ઘટનાથી વ્યક્તિનું મોત થાય તો વીજ કંપની વળતર ચૂકવવા જવાબદાર : ગુજરાત હાઈકોર્ટ

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : ગુજરાત હાઈકોર્ટે વીજ કરંટના કારણે થતા મોતના કિસ્સામાં એક સીમાચિહ્નરૂપ ચુકાદો આપ્યો છે. કોર્ટે સ્પષ્ટ કર્યું છે કે, વીજળી જેવી જોખમી સેવા પૂરી પાડતી કંપનીઓનીએ જવાબદારી છે કે તેઓ નાગરિકોની સુરક્ષાનું ધ્યાન રાખે. જો કોઈ દુર્ઘટના સર્જાય, તો વીજ કંપની વળતર ચૂકવવાની પોતાની નૈતિક અને કાયદાકીય જવાબદારીમાંથી મુક્ત થઈ શકતી નથી.

આ કેસ વર્ષ ૧૯૮૮નો છે, જ્યારે સુરતના રાંદેર રોડ વિસ્તારમાં બે સગા ભાઈઓ મકાનની છત પર ટીવી એન્ટેના રિપેર કરી રહ્યા હતા. આ દરમિયાન એન્ટેનાનો લોખંડનો પાઈપ નજીકથી પસાર થતી હાઈ-ટેન્શન લાઈનના સંપર્કમાં આવતા બંને ભાઈઓના કરુણ મોત નીપજ્યા હતા. આ મામલે ટ્રાયલ કોર્ટે મૃતકના પરિવારને ૬ ટકા વ્યાજ સાથે રૂ. ૩ લાખનું વળતર ચૂકવવા હુકમ કર્યો હતો, જેને વીજ કંપનીએ હાઈકોર્ટમાં પડકાર્યો હતો.

જસ્ટિસ જે.સી.દોશીએ વીજ કંપનીની અપીલ ફગાવતા મહત્વના મુદ્દાઓ નોંધ્યા હતા. જેમાં તેમણે જણાવ્યું કે, મકાન ઉપરથી પસાર થતી હાઈ-ટેન્શન લાઈન પોતે જ એક જોખમ હતું. આ કિસ્સામાં મૃતકોની કોઈ બેદરકારી નહોતી. જો વીજ કંપનીએ લાઈન પૂરતા સલામતી અંતરે રાખી હોત, તો આ દુર્ઘટના નિવારી શકાઈ હોત. વીજળીનું ટ્રાન્સમિશન કરતી સંસ્થાઓએ ઉચ્ચ સ્તરની કાળજી રાખવી ફરજિયાત છે જેથી નિર્દોષ નાગરિકોના જીવ ન જાય.

વીજ કંપનીએ દલીલ કરી હતી કે, લાઈન નિયમ મુજબ જ હતી અને મૃતકોની બેદરકારી હતી, પરંતુ હાઈકોર્ટે આ તમામ દલીલો ફગાવી દીધી છે. કોર્ટે ટ્રાયલ કોર્ટના વળતરના હુકમને બહાલ રાખતા મૃતકોના પરિવારજનોને તાત્કાલિક વળતર ચૂકવવા આદેશ આપ્યો છે. આ ચુકાદો ભવિષ્યમાં વીજ કરંટને કારણે થતા અકસ્માતોમાં જવાબદારી નક્કી કરવા માટે એક માર્ગદર્શક મિસાલ બનશે.

# ભાજપ નેતાઓના સુચારુ શાસનના દાવા વચ્ચે રેશનિંગ દુકાનદારોની હડતાલનું એલાન

**ચૂંટણી સમયે જ કરોડો લાભાર્થી અનાજ વિતરણથી વંચિત રહે તેવી સ્થિતિ - રેશનિંગ દુકાનદારો ૧૯ એપ્રિલથી અચોક્કસ મુદતની હડતાલ પર**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીઓમાં એક તરફ ભાજપના પ્રતિનિધિઓ પ્રચાર દરમિયાન સરકાર દ્વારા સુચારૂ શાસનના દાવા કરી રહ્યા છે ત્યારે રેશનિંગની દુકાનદારોના એસોસિએશન દ્વારા ૧૯ એપ્રિલ-અખાત્રીજથી જ અચોક્કસ મુદતના આંદોલનની જાહેરાત કરી દેવાઇ છે. એપ્રિલ માસમાં હજુ રેશનિંગ કાર્ડધારકોને અનાજનો વિતરણનો જથ્થો હજુ મોટાભાગની દુકાનોમાં પૂરેપૂરો વહેંચાયો નથી ત્યારે હડતાલના કારણે કરોડો લાભાર્થીઓને અનાજ મેળવવામાં હાલાકી પડે તેવી સ્થિતિ સર્જાઇ શકે છે. સ્થાનિક સ્વરાજની ચૂંટણીના મતદાન પૂર્વે માંડ નવ દિવસ બાકી રહ્યા છે તે પૂર્વે જ ગુજરાત રાજ્ય ફેર પ્રાઈઝ શોપ્સ એન્ડ કેરોસીન લાયસન્સ હોલ્ડર એસોસિએશને પુરવઠા વિભાગ દ્વારા મનઘડંત નિર્ણયો રેશનિંગની દુકાનના સંચાલકો ઉપર લાગુ કરી દેવાયાનો દાવો કરીને રવિવારથી અસહકારના આંદોલનની જાહેરાત કરી છે. એસોસિએશનના પ્રમુખ પ્રહલાદ મોદીએ પુરવઠા વિભાગના અધિકારીઓને અગાઉ રજૂઆતો કરી હતી તે પછી પણ પડતર પ્રશ્નોનો કોઇ હકારાત્મક ઉત્તર ના મળતા આંદોલન કરવાનું એલાન અપાયું છે.

# નવા લેબર કોડથી પગારદારોને ઝટકો, ચાલુ મહિનાથી ઇન હેન્ડ સેલરી ઘટશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : કેન્દ્ર સરકાર દ્વારા ૧ એપ્રિલથી પ્રાઈવેટ સેક્ટરમાં કામ કરતા કર્મચારીઓ માટે નવા લેબર કોડ હેઠળ મોટા ફેરફારો કરવામાં આવ્યા છે. આ નવા નિયમોનો મુખ્ય હેતુ કર્મચારીઓના સેલરી સ્ટ્રક્ચર અને સોશિયલ સિક્યોરિટીને વધુ મજબૂત બનાવવાનો છે. નવા કાયદા મુજબ, હવે કર્મચારીઓની બેસિક સેલરી(મૂળ પગાર) અને મોંઘવારી ભથ્થું કુલ સેલરીના ઓછામાં ઓછા ૫૦% હોવા જોઈએ, જ્યારે બાકીના ૫૦% ભાગમાં અન્ય એલાઉન્સ સામેલ રહેશે. અગાઉ ઘણી કંપનીઓ બેસિક સેલરી ઓછી રાખીને ભથ્થાં વધારે આપતી હતી, પરંતુ હવે નવા નિયમથી પીએફ અને ગ્રેચ્યુઈટીમાં વધારો થશે, જેના કારણે કર્મચારીઓની દર મહિને હાથમાં આવતી રોકડમાં ઘટાડો થઈ શકે છે.

સરકારે સ્પષ્ટ કર્યું છે કે આ નવું સેલરી સ્ટ્રક્ચર માત્ર એવા કર્મચારીઓ પર લાગુ થશે જેમની બેસિક સેલરી ૧૫,૦૦૦ રૂપિયાથી વધુ છે. જે કર્મચારીઓની બેસિક સેલરી ૧૫,૦૦૦ રૂપિયા કે તેથી ઓછી છે, તેમના પગાર માળખામાં કોઈ ફેરફાર કરવામાં આવશે નહીં અને તેમની ઈન-હેન્ડ સેલરી ઘટશે નહીં. જોકે, જે કર્મચારીઓનો બેસિક પગાર ૧૮,૦૦૦ કે ૨૦,૦૦૦ રૂપિયાથી વધુ છે, તેમને આ ૫૦%ના નિયમની અસર જોવા મળશે.

જો તમારી કુલ સેલરી ૫૦,૦૦૦ રૂપિયા છે, તો અત્યાર સુધીના ગણિત મુજબ જો તમારી બેસિક સેલરી ૨૦,૦૦૦ રૂપિયા હોય, તો ૧૨% લેખે ૨,૪૦૦ રૂપિયા પીએફ કપાતો હતો અને તમને ૪૭,૬૦૦ રૂપિયા ઈન-હેન્ડ મળતા હતા. પરંતુ નવા નિયમ મુજબ, હવે તમારી બેસિક સેલરી ફરજિયાત ૨૫,૦૦૦ રૂપિયા(કુલ પગારના ૫૦%) થઈ જશે. આ સ્થિતિમાં ૧૨% લેખે પીએફ કપાત વધીને ૩,૦૦૦ રૂપિયા થશે, પરિણામે તમારી ઈન-હેન્ડ સેલરી ૬૦૦ રૂપિયા ઘટીને ૪૭,૦૦૦ રૂપિયા થઈ જશે.

ભલે દર મહિને મળતા પગારમાં થોડો ઘટાડો જણાય, પરંતુ આ ફેરફાર કર્મચારીઓના ભવિષ્ય માટે અત્યંત ફાયદાકારક છે. પીએફમાં વધુ રકમ જમા થવાથી નિવૃત્તિ સમયે મોટું ભંડોળ એકઠું થશે અને તેના પર સરકાર દ્વારા મળતું વાર્ષિક વ્યાજ પણ વધારે મળશે. આ ઉપરાંત, બેસિક સેલરી વધવાને કારણે કર્મચારીઓને મળતી ગ્રેચ્યુઈટીની રકમમાં પણ મોટો ઉછાળો આવશે, જે લાંબાગાળે આર્થિક સુરક્ષા પૂરી પાડશે.

# જાપાનના વિજ્ઞાનીઓએ કરી એવી કમાલ કે હવે પેટ્રોલ-ડીઝલનું ટેન્શન ખતમ! અબજો રૂપિયા બચશે

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : દુનિયાભરમાં જ્યારે ક્લીન એનર્જીની શોધ તેજ બની છે, ત્યારે જાપાનના વિજ્ઞાનીઓએ ભવિષ્યના સૌથી સ્વચ્છ ઈંધણ એટલે કે હાઇડ્રોજનને બનાવવાની એક અત્યંત સરળ અને સસ્તી રીત શોધી કાઢી છે. અત્યાર સુધી હાઇડ્રોજન બનાવવાની પ્રક્રિયા ખૂબ જ જટિલ અને ખર્ચાળ રહી છે, પરંતુ ક્યુશુ યુનિવર્સિટીના એસોસિયેટ પ્રોફેસર તાકાહિરો માત્સુમોતો અને તેમની ટીમે માત્ર લોખંડના આયન અને અલ્ટ્રાવાયોલેટ(UV) પ્રકાશનો ઉપયોગ કરીને હાઇડ્રોજન તૈયાર કરવામાં સફળતા મેળવી છે.

એક પ્રયોગ દરમિયાન જ્યારે મીથેનોલ, આયર્ન અને સોડિયમ હાઇડ્રોક્સાઇડના મિશ્રણ પર UV લાઈટ ફેંકવામાં આવી, ત્યારે તેમાંથી મોટી માત્રામાં હાઇડ્રોજન ગેસ છૂટો પડવા લાગ્યો હતો. પ્રોફેસર માત્સુમોતો આ સફળતાને એક સુખદ સંજોગ ગણાવે છે, જેણે વિજ્ઞાન માટે નવી આશા જગાવી છે. સામાન્ય રીતે હાઇડ્રોજન બનાવવા માટે અશ્મીભૂત ઈંધણ(ફોસિલ ફ્યુઅલ)નો ઉપયોગ થાય છે, જે પર્યાવરણને નુકસાન પહોંચાડે છે. જો આલ્કોહોલમાંથી હાઇડ્રોજન મેળવવો હોય તો અત્યાર સુધી ખૂબ જ મોંઘા અને દુર્લભ ધાતુના કેટાલિસ્ટની જરૂર પડતી હતી. જોકે, આ નવા સંશોધન મુજબ પૃથ્વી પર વિપુલ પ્રમાણમાં ઉપલબ્ધ એવા સસ્તા લોખંડનો ઉપયોગ કરીને મોંઘા કેટાલિસ્ટ જેટલી જ ઝડપે હાઇડ્રોજન મેળવી શકાય છે. આ પ્રક્રિયામાં હાઇડ્રોજન ઉત્પાદનનો દર પ્રતિ કલાક ૯૨૧ મિલીમોલ નોંધાયો છે, જે અત્યાર સુધીની શ્રેષ્ઠ સિસ્ટમની બરાબર છે. આ પદ્ધતિની ખાસિયત એ છે કે તે માત્ર મીથેનોલ પૂરતી મર્યાદિત નથી; ઈથેનોલ, પ્રોપેનોલ તેમજ ગ્લુકોઝ અને સ્ટાર્ચ જેવા બાયોમાસમાંથી પણ હાઇડ્રોજન બનાવી શકાય છે, જે ભવિષ્યમાં કચરામાંથી ઉર્જા પેદા કરવાની દિશામાં મહત્ત્વનું ડગલું સાબિત થશે. જોકે, આ નવી ટેક્નોલોજી સામે કેટલાક પડકારો પણ છે. વૈજ્ઞાનિકો હજુ સુધી આ પ્રતિક્રિયાના ચોક્કસ મીકેનિઝમ એટલે કે આ પ્રક્રિયા અંદરથી કેવી રીતે કામ કરે છે તેની સંપૂર્ણ વિગતો જાણી શક્યા નથી. આ ઉપરાંત, અન્ય પદાર્થો સાથે તેની કાર્યક્ષમતા વધારવી પણ એક મોટું લક્ષ્ય છે. તેમ છતાં, આ પદ્ધતિ એટલી સરળ છે કે પ્રોફેસર માત્સુમોતો ઈચ્છે છે કે બાળકો પણ આ પ્રયોગ કરીને વિજ્ઞાન તરફ પ્રેરાય. હાઇડ્રોજન ઈંધણ તરીકે બળે ત્યારે કાર્બન ડાયોક્સાઇડને બદલે માત્ર પાણીની વરાળ છોડે છે, તેથી જો આ સસ્તી પદ્ધતિ મોટા પાયે અમલમાં આવશે તો હાઇડ્રોજન કાર અને પાવર પ્લાન્ટ ચલાવવાનું અત્યંત સસ્તું થઈ જશે. આ શોધ ગ્લોબલ વોર્મિંગ સામેની લડાઈમાં અને અશ્મીભૂત ઈંધણ પરની નિર્ભરતા ઘટાડવામાં મહત્ત્વનો ભાગ ભજવશે.

# તમિલનાડુમાં વેકેશન માણવા જતા શિક્ષકોની વાન ખીણમાં ખાબકી, ૯ના કરૂણ મોત

(એજન્સી દ્વારા)

નવીદિલ્હી : તમિલનાડુના વાલપરાઈમાં શુક્રવારે એક ગોઝારો અકસ્માત સર્જાયો હતો. કેરળથી પ્રવાસે આવેલા શિક્ષકો અને તેમના પરિવારજનોની વાન ઉંડી ખીણમાં ખાબકતા ૯ લોકોના ઘટનાસ્થળે જ મોત નીપજ્યા છે. આ દુર્ઘટનામાં અન્ય કેટલાક લોકો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા છે, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે.

મળતી માહિતી મુજબ, કેરળની એક શાળાના શિક્ષકો, અન્ય સ્ટાફ અને તેમના પરિવારના સભ્યો મળીને કુલ ૧૬ લોકો વેકેશન મનાવવા તમિલનાડુના પ્રવાસે આવ્યા હતા. તેઓ પ્રસિદ્ધ અતિરાપલ્લી વોટરફોલ જોઈને વાલપરાઈ તરફ જઈ રહ્યા હતા, ત્યારે ચાલકે વાન પરથી કાબૂ ગુમાવતા વાન સીધી ઉંડી ખીણમાં ખાબકી હતી.

અકસ્માતની જાણ થતા જ સ્થાનિક તંત્ર અને પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચી ગયો હતો. ખીણમાંથી ઈજાગ્રસ્તોને બહાર કાઢી તાત્કાલિક હોસ્પિટલ ખસેડાયા હતા. કેરળ પોલીસ આ મામલે તમિલનાડુ પોલીસના સતત સંપર્કમાં છે. દુર્ઘટનાના સમાચાર મળતા જ શાળાના વાલીઓ અને સ્થાનિક લોકો મોટી સંખ્યામાં શાળાએ ઉમટી પડ્યા હતા, સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે.

# ભારતની સોનાની આયાત પાંચ વર્ષની સૌથી નીચી સપાટીએ

(એજન્સી દ્વારા)

નવી દિલ્હીતા : ભારતીય બેંકો દ્વારા વિદેશમાંથી મંગાવાયેલ સોના અને ચાંદીના કલીયરન્સ લાંબા સમયથી કસ્ટમમાં અટકયા છે અને ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ દ્વારા સરકારની માન્યતા પેન્ડીંગ હોવાથી બેંકોએ હવે સોના-ચાંદીની નવી આયાત બંધ કરી દીધી છે અને હાલ પણ આયાત કરેલ સોના અને ચાંદીનો મોટો જથ્થો કસ્ટમના ગોડાઉનમાં પડયો છે.જો તાત્કાલીક આ અંગે કોઈ નિર્ણય લેવામાં ન આવે તો ભારતમાં સોના અને ચાંદીની અછત પણ ઉભી થઈ શકે છે. ભારત એ દુનિયામાં સોનાનું બીજુ સૌથી મોટુ આયાતકાર દેશ છે અને ચાંદીની આયાતમાં પણ તે બહુ ઝડપથી નંબર ટુ થઈ રહ્યું છે તે સમયે આ પ્રકારની અનિશ્ચિતતા એ પરીસ્થિતિ ભવિષ્યમાં વણસાવે તો આશ્ચર્ય થશે નહી.

ખાસ કરીને રૂપિયા પર જે ભારે દબાણ છે તેને હળવુ કરવા હાલ સોના અને ચાંદીની આયાતને બ્રેક લાગી જાય તેવા ઉપાયો સરકારે શરુ કર્યા છે અને તેથી ડાયરેકટર જનરલ ઓફ ફોરેન ટ્રેડ એ બેંકો દ્વારા જે સોના-ચાંદીની આયાત થાય છે તેના કલીયરન્સમાં પણ ધીમી ગતિ અપનાવી છે જેના કારણે અગાઉ આયાત થયેલ પુરવઠો પણ કસ્ટમના ગોડાઉનમાં પડયો છે.

# ૨૦૨૧માં સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મહિલા પ્રતિનિધિઓનું પ્રમાણ ૫૨.૨૬%, પુરુષોનું ૪૭.૭૪%

**મહિલા પ્રતિનિધિઓ વધુ ચૂંટાતી હોવા છતાં તેમને મહોરું બનાવી પતિ દ્વારા કરાતો વહીવટ**

(પ્રતિનિધિ દ્વારા)

ગાંધીનગર : સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચૂંટણીમાં મહિલાઓને ૫૦ ટકા અનામતના કારણે છેલ્લી ચૂંટણી પ્રમાણે પુરુષ કરતા ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિઓની સંખ્યા વધુ છે. મહિલા ઉમેદવારો કરતા પુરુષ ઉમેદવારોની સંખ્યા વધુ હોવા છતાં તેઓ ઓછી સંખ્યામાં ચૂંટાય છે. ૨૦૨૬ની ચૂંટણીમાં રાજકીય પક્ષો દ્વારા વિવિધ ક્ષેત્રની અને યુવા મહિલાઓને ઉમેદવાર બનાવાઇ છે ત્યારે મતદારો કેવો પ્રતિસાદ આપશે તેની પર તમામની નજર રહેશે.

૨૦૨૧માં યોજાયેલી સ્થાનિક સ્વરાજ્યની નગરપાલિકા-મહાનગરપાલિકા અને તાલુકા-જિલ્લા પંચાયતોની તમામ ચૂંટણીમાં કુલ ૧૨,૪૯૮ પુરુષ ઉમેદવારો ચૂંટણી જંગમાં હતા તેમાંથી ૪૨૦૫ની જીત થઇ હતી જ્યારે ૧૧,૯૪૦ મહિલા ઉમેદવારો ચૂંટણી મેદાનમાં હતી તેમાંથી ૪૬૦૪ની જીત થવા પામી હતી. ચૂંટાયેલી મહિલા પ્રતિનિધિની ટકાવારી ૫૨.૨૬ ટકા અને ચૂંટાયેલા પુરુષ પ્રતિનિધિઓની ટકાવારી ૪૭.૭૪ ટકા થવા જાય છે. સ્થાનિક કક્ષાએ મહિલાઓનું પ્રતિનિધિત્વ વધે અને લોકોના પ્રશ્નોને ન્યાય મળે તે માટે મહિલાઓ માટે ૫૦ ટકા બેઠકો અનામત હોય છે તેમ છતાં મહિલા મતદારોનું વોટિંગ ખૂબ ઓછું હોય છે. મહાનગરોમાં મહિલા મતદારોએ ૨૦૨૧માં ફક્ત ૪૨.૬૦ ટકા, જિલ્લા પંચાયતોમાં ૬૪.૨૬ ટકા, તાલુકા પંચાયતોમાં ૬૬.૮૪ ટકા અને નગરપાલિકામાં ૫૦.૦૫ ટકા મતદાન કર્યું હતું. એપ્રિલ-૨૦૨૬માં યોજાનારી ચૂંટણીમાં રાજકીય પક્ષોએ એન્ફ્લુએન્સરથી લઇને યુવા ગાયિકાઓને પણ તક આપી છે. તો વિવિધ પ્રકારના વ્યવસાયમાં હોય તેવી મહિલાઓને પણ ઉમેદવાર બનાવાઇ છે. જેથી યુવા મહિલાઓના પ્રશ્નોની રજૂઆત યોગ્ય રીતે થઇ શકે અને ઉકેલાઇ શકે.

# નેપાળના તમામ પૂર્વ રાષ્ટ્રપતિ, પીએમ, મંત્રી, રાજાની સંપત્તિની તપાસના આદેશ

(એજન્સી દ્વારા)

કાઠમાંડુ : નેપાળમાં નવી સરકારે એક ઐતિહાસિક પગલુ ભરતા અગાઉના સત્તાધારી નેતાઓની સંપત્તિની તપાસ માટે પાંચ સભ્યોના ન્યાયિક પંચનુ ગઠન કર્યું હતું. આ પંચ વર્ષ ૨૦૦૬થી નાણાકીય વર્ષ ૨૦૨૫-૨૬ સુધી જાહેર હોદ્દા પર રહેલા લોકોની સંપત્તિની તપાસ કરશે. જેમાં પૂર્વ રાજા જ્ઞાનેન્દ્ર શાહ, ત્રણ પૂર્વ રાષ્ટ્રપતિઓ, તમામ વડાપ્રધાનો, મંત્રીઓ અને વરીષ્ઠ અધિકારીઓ, બંધારણીય પદ ધરાવનારા તમામ લોકો સામેલ છે.

આ વિશેષ પંચની તપાસ હેઠળ આવનારા મુખ્ય નામો કે જે હાલ નેપાળના મીડિયામાં ચર્ચામાં છે તેમાં પૂર્વ રાષ્ટ્રપતિ રામ બરન યાદવ, વિદ્યા દેવી ભંડારી, વર્તમાન રાષ્ટ્રપતિ રામ ચંદ્ર પૌડેલ, પૂર્વ વડાપ્રધાન ગિરિજા પ્રસાદ કોઇરાલા, પુષ્પ કમલ દહલ પ્રચંડ, માધવ કુમાર નેપાલ, ઝલનાથ ખનાલ, આ પહેલાના વડાપ્રધાન કે. પી. ઓલી અને શેર બહાદુર દેબવા સામેલ છે. આ સાથે જ બે વચગાળાના વડાપ્રધાન ખિલરાજ રેગ્મી અને સુશીલા કાર્કીને પણ તપાસમાં આવરી લેવાયા છે.

નેપાળમાં સત્તા પરિવર્તન બાદ વડાપ્રધાન બનેલા અને જેન ઝીની પસંદ એવા બાલેન્દ્ર શાહે આ તપાસના આદેશ આપ્યા છે. તેમણે જે તપાસના આદેશ આપ્યા છે તેમાં પૂર્વ સરકારના મંત્રીઓ તો સામેલ છે જ બાલેન્દ્ર શાહની વર્તમાન સરકારમાં પણ જે લોકો છે તેમની સંપત્તિની પણ તપાસ કરવામાં આવશે, જેમાં વર્તમાન સ્પીકર ડોલ પ્રસાદ અર્યાલ, કેટલાક વર્તમાન મંત્રીઓ અને રાષ્ટ્રીય સ્વતંત્ર પાર્ટીના અધ્યક્ષ રવિ લામિછાન પણ સામેલ કરાયા છે. જે નેતાઓ હયાત નથી તેમની સંપત્તિની પણ તપાસ કરવામાં આવી શકે છે.

# ભારતે એક પછી એક મિસાઇલ્સનું પરીક્ષણ શરૂ કરતાં પાકિસ્તાન હવે ગભરાઈ ગયું

(એજન્સી દ્વારા)

નવી દિલ્હી : ઈઝરાયેલ-અમેરિકા વિરૂદ્ધ ઈરાનનું યુદ્ધ આ તબક્કે તો બંધ થવાનું નામ લેતું નથી, ઉલટાનું તીવ્ર બનતું જાય છે. આ સાથે વૈશ્વિક અનિશ્ચિતતા વધતી જાય છે. તેવામાં પાકિસ્તાને પોતાની તાકાત દેખાડવા મિસાઈલ્સ પરીક્ષણો શરૂ કરી દીધા હતા, તેણે અરબી સમુદ્રમાં 'નો-ફ્લાઈ-ઝોન' નિયમાનુસાર જાહેર કરવો પડે તેમ તે પરીક્ષણો પહેલાં ૨૦૦ કીમીનો 'નોફલાઈ ઝોન' જાહેર કરી મિસાઈલ પરીક્ષણો કરી મનમાં ફુલાઈ રહ્યું હતું. તે પછી તુર્તજ થોડા સમયમાં જ ભારતે તેના પ્રબળ પ્રક્ષેપાસ્ત્રોનું પરીક્ષણ કરવા નિર્ણય કરતાં અરબી સમુદ્રમાં ૪૦૦ કીલો મીટરનો 'નો-ફ્લાઈ-ઝોન' જાહેર કરતાં પાકિસ્તાન ગભરાટમાં આવી ગયું છે. બંને દેશોએ 'નોટિસીઝ-ટુ-એરમેન' જાહેર કરી છે.

અહેવાલો વધુમાં જણાવે છે કે, પાકિસ્તાને એપ્રિલ ૩૦ દિવસે સવારે ૩ વાગ્યાથી, એપ્રિલ ૨૧ (બપોરના ૩ વાગ્યા સુધી) 'નો-ફલાય-ઝોન' જાહેર કરી મનમાં તેની તાકાત માટે ફુલાતું હતું ત્યાં જ ભારતે પણ તેનું મિસાઈલ્સ પરીક્ષણ જાહેર કર્યું.

# ટ્રમ્પ સરકારનો યુ-ટર્ન, ભારત માટે ગુડ ન્યૂઝ, રશિયાના ઓઈલની ખરીદી પર ૧૬મે સુધી છૂટ

વોશિંગ્ટન : વૈશ્વિક ઓઈલ બજારમાં વધતા ભાવ અને ઈરાન સાથેના તણાવ વચ્ચે અમેરિકાએ એક મોટો અને આશ્ચર્યજનક નિર્ણય લીધો છે. ટ્રમ્પ પ્રશાસને રશિયન ઓઈલની ખરીદી પર લાદવામાં આવેલા પ્રતિબંધોમાં ફરી એકવાર કામચલાઉ છૂટ આપી દીધી છે. નોંધનીય છે કે માત્ર બે દિવસ પહેલા જ અમેરિકાના ટ્રેઝરી વિભાગે આ છૂટ લંબાવવાની ના પાડી દીધી હતી, પરંતુ બદલાતા સંજોગોમાં અમેરિકાએ પોતાનો નિર્ણય બદલવો પડ્યો છે.અમેરિકાના ટ્રેઝરી વિભાગના નવા નોટિફિકેશન મુજબ, હવે દેશો ૧૬ મે, ૨૦૨૬ સુધી રશિયન ઓઈલ અને પેટ્રોલિયમ ઉત્પાદનોની ખરીદી કરી શકશે. અગાઉ આ છૂટ ૧૧ એપ્રિલે પૂરી થઈ ગઈ હતી.

# પુતિનનો 'સ્પેસ વોર' પ્લાન, સેટેલાઈટ્સ ઉડાવી દેશે રશિયાઃ અમેરિકાના સૈન્ય પ્રમુખનો ગંભીર આરોપ

(એજન્સી દ્વારા)

વોશિંગ્ટન : આપણે પરંપરાગત યુદ્ધ, પરમાણુ યુદ્ધ, સાયબર યુદ્ધ સહિતના અનેક પ્રકારના યુદ્ધ સાંભળ્યા હશે, જોકે હવે અંતરિક્ષમાં પણ યુદ્ધનું સંકટ મંડરાઈ રહ્યું છે. વાસ્તવમાં અમેરિકન સેનાના એક મોટા અધિકારીએ રશિયાને લઈને સનસનાટીભર્યો દાવો કર્યો છે. તેમણે ચેતવણી આપી છે કે, રશિયાના રાષ્ટ્રપ્રમુખ વ્લાદિમીર પુતિન અંતરિક્ષમાં મોટો હુમલો કરવાની યોજના બનાવી રહ્યા છે. અમેરિકન સ્પેસ કમાન્ડના પ્રમુખ જનરલ સ્ટીફને વ્હાઈટિંગે દાવો કર્યો છે કે, રશિયાએ અંતરિક્ષમાં પરમાણુ હથિયાર લઈ જવા યોજના બનાવી રહ્યું છે. જો તેનો અંતરિક્ષમાં ઉપયોગ કરાશે તો પૃથ્વીની આસપાસ નિચલી કક્ષામાં ફરતા અનેક દેશોના સેટેલાઈટ ખતરામાં પડી જશે. તેના કારણે સંચાર વ્યવસ્થા, હવામાનની માહિતી આપતા અને સેના માટે ઉપયોગી સેટેલાઈટ બરબાદ થઈ જશે.

# સોમવારે અમેરિકા-ઈરાન વચ્ચે વાટાઘાટોનો નવો રાઉન્ડ પાકિસ્તાનમાં યોજાશે

**બંને દેશોના પ્રતિનિધિઓ રવિવાર સુધીમાં પાકિસ્તાન પહોંચે તેવી અપેક્ષાઃ પરમાણુ મુદ્દા પર વાટાઘાટોનો નવો રાઉન્ડ**

વોશિંગ્ટન/તેહરાન : મધ્ય પૂર્વમાં ચાલી રહેલા તણાવ વચ્ચે, રાજદ્વારી ઉકેલ શોધવાના પ્રયાસો ફરી એકવાર તેજ બન્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે પરમાણુ મુદ્દા પર વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ થવાનો છે, અને પાકિસ્તાનની રાજધાની ઈસ્લામાબાદ ફરી એકવાર આ અંગે ચર્ચા કરી રહી છે. અહેવાલો અનુસાર, બંને દેશોના પ્રતિનિધિઓ રવિવાર સુધીમાં પાકિસ્તાન પહોંચે તેવી અપેક્ષા છે, અને સોમવારથી ઔપચારિક વાટાઘાટો શરૂ થઈ શકે છે.

વોશિંગ્ટન કે તેહરાન બંનેમાંથી કોઈએ સત્તાવાર રીતે આ બેઠકની પુષ્ટિ કરી નથી, પરંતુ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે પહેલાથી જ સંકેત આપી દીધા છે કે ટૂંક સમયમાં વાતચીત થઈ શકે છે. આ સ્પષ્ટપણે દર્શાવે છે કે પડદા પાછળની તૈયારીઓ ચાલી રહી છે. વધુમાં, સીએનએન, ઈરાની સૂત્રોને ટાંકીને અહેવાલ આપે છે કે વાતચીતનો આગામી રાઉન્ડ સોમવારે ઈસ્લામાબાદમાં યોજાવાનો છે.સોમવારે અમેરિકા અને ઈરાન વચ્ચે વાટાઘાટોનો નવો રાઉન્ડ શરૂ થશે. એક ઈરાની અધિકારીએ સીએનએનને આ વાતની પુષ્ટિ કરતા કહ્યું કે વાટાઘાટો પાકિસ્તાનમાં થશે, જેમ કે ગયા વખત થઈ હતી.


# ૧૦૦ રૂપિયાથી વધુના ભારતીય સામાન પર ડ્યુટી : નેપાળમાં નવી સરકારના ફતવાથી ફરી આંદોલન




કાઠમંડુ : ભારત અને નેપાળ વચ્ચેના સદીઓ જૂના 'બેટી-રોટી'ના સંબંધોમાં નવી નેપાળ સરકારના એક કડક નિયમે વિવાદ જન્માવ્યો છે. નેપાળના બિરગંજમાં સક્રિય સંગઠનએ ભારતથી લાવવામાં આવતા માત્ર ૧૦૦ રૂપિયાથી વધુના માલ પર કસ્ટમ ડ્યુટી લાદવાના નિર્ણયનો સખત વિરોધ કર્યો છે.સંગઠને આ નિયમને 'અવ્યવહારૂ' ગણાવીને ચેતવણી આપી છે કે જો તેને તાત્કાલિક રદ કરવામાં નહીં આવે તો સરહદી નાકાબંધી સહિતના આંદોલનાત્મક પગલાં લેવામાં આવશે.નેપાળમાં નવી વહીવટી રચના બાદ જારી કરાયેલા નિર્દેશો મુજબ, બિરગંજ સહિતની સરહદી ચોકીઓ પર કસ્ટમ અધિકારીઓ અને સુરક્ષાકર્મીઓ હવે અત્યંત કડક તપાસ કરી રહ્યા છે. જો કોઈ નેપાળી નાગરિક ભારતીય બજારોમાંથી પોતાના અંગત ઘરવપરાશ માટે ૧૦૦ રૂપિયાથી વધુની વસ્તુઓ લાવે, તો તેના પર કસ્ટમ ડ્યુટી વસૂલવામાં આવી રહી છે.

# નખત્રાણા ખાતે મતદાન જાગૃતિ માટે ભવ્ય રેલી યોજાઈ



નખત્રાણા - કચ્છઉદય : જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી, ભુજ-કચ્છ દ્વારા સ્વીપ પ્રોજેક્ટ અંતર્ગત સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીને ધ્યાનમાં રાખી નખત્રાણા ખાતે મતદાન જાગૃતિ માટે ભવ્ય રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

આ રેલીનો પ્રારંભ કુમારી ટી.ડી. વેલાણી કન્યાશાળા, નખત્રાણા ખાતેથી કરવામાં આવ્યો હતો. રેલીનો પ્રારંભ ઉત્કર્ષ ઉજ્જવલ, રાકેશભાઈ પટેલ, શિવજી પાયણ તેમજ બંને શાળાના પ્રિન્સિપાલના હસ્તે કરવામાં આવ્યો હતો. આ રેલીમાં કુમારી ટી.ડી. વેલાણી કન્યાશાળાની ૨૭૦ વિદ્યાર્થીનીઓ ડૉ. ચંદ્રિકાબેન ચુડાસમા (પ્રિન્સિપલ) તથા સ્ટાફના માર્ગદર્શન હેઠળ અને શેઠ કે.વી. સરકારી શાળા, નખત્રાણાના ૭૫ વિદ્યાર્થીઓ પ્રેમજીભાઈ ડુંગરીયા, વિરેનસિંહ જે. ધલ (એસવીએસ કન્વીનર) તથા સ્ટાફ સભ્યો ખુશાલ ગઢવી, ડિમ્પલબેન પાટડીયા, મિતલબેન ગુસાઈ, દિનેશભાઈ દેસાઈ, નિશાબેન ભાલીયા અને રાજેશભાઈ જાદવના માર્ગદર્શન હેઠળ ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

રેલી દરમિયાન વિદ્યાર્થીઓ દ્વારા મતદાન અંગે જાગૃતિ ફેલાવવા માટે ઉત્સાહભેર સૂત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા. "મતદાન મહાદાન", "મતદાન અચૂક કરીએ", "મતદાન લોકશાહીનો પ્રાણ", "લોકશાહીનો ભાગ્યવિધાતા હોય છે જાગૃત મતદાતા", "મત આપો લોકશાહી બચાવો", "તમારો મત લોકશાહીનો પ્રાણ" અને "વધુ મતદાન મજબૂત લોકશાહી" જેવા સૂત્રોથી સમગ્ર નખત્રાણા શહેરમાં, બજારમાં જાગૃતિનો સંદેશ પ્રસરી ગયો હતો.

રેલીનો માર્ગ કુમારી ટી.ડી. વેલાણી હાઈસ્કૂલથી મેન બજાર, વથાણ ચોક, બસ સ્ટેશન સુધી જઈ ફરી શાળા સુધીનો રહ્યો હતો, જ્યાં વિદ્યાર્થીઓએ નાગરિકોને મતદાન માટે પ્રેરિત કર્યા હતા. આ પ્રસંગે પ્રાંત કચેરી અને મામલતદાર કચેરીના સ્ટાફ સભ્યો પણ હાજર રહ્યા હતા. રેલીની વ્યવસ્થા નખત્રાણા પોલીસ સ્ટેશનના પોલીસ સ્ટાફના સહયોગથી સુવ્યવસ્થિત રીતે સંભાળવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમ દ્વારા મતદાનના મહત્ત્વ અંગે જનજાગૃતિ લાવવા માટે સફળ પ્રયાસ કરવામાં આવ્યો હતો અને નાગરિકોને આવનારી ચૂંટણીમાં અવશ્ય મતદાન કરવા માટે પ્રેરણા મળી હતી.

## નરનારાયણ દેવનાં ૨૦૩માં પાટોત્સવ નિમિતે ભુજ સ્વામિનારાયણ મંદિરને ભવ્ય રીતે શણગારાયો





નરનારાયણ દેવનાં ૨૦૩માં પાટોત્સવ નિમિતે ભુજ સ્વામિનારાયણ મંદિરને ભવ્ય રીતે શણગારાયો હતો, જે ઉપરોક્ત તસવીરમાં દ્રશ્યમાન થાય છે.

# રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ દ્વારા મુન્દ્રા તાલુકામાં 'માતૃશક્તિ વંદના' કાર્યક્રમ ઉત્સાહભેર ઉજવાયો






**બહેનોની વિશાળ ઉપસ્થિતિ વચ્ચે નારી શક્તિનું ગૌરવપૂર્ણ સન્માન**

મુન્દ્રા - કચ્છઉદય : અખિલ ભારતીય રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ દ્વારા મુન્દ્રા તાલુકામાં ભવ્ય 'માતૃ શક્તિ વંદના' કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં મુંદરા તાલુકાની વિવિધ શાળાઓની શિક્ષિકા બહેનો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

કાર્યક્રમમાં અધ્યક્ષ સ્થાને વર્ગ-૨ આચાર્ય મેનાબેન મોઢા ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય વક્તા તરીકે મહાસંઘની ભૂતપૂર્વ મહિલા અધ્યક્ષ તૃપ્તિબેન ઠાકર દ્વારા પ્રેરણાદાયી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. અંજારના શાસન અધિકારી વર્ગ -૨ અધિકારી તેમજ મહાસંઘના પ્રાંત કોર ટીમ ઉપાધ્યક્ષ મુરજીભાઈ મીંઢાણી પણ ઉપસ્થિત રહ્યા હતા.

મુખ્ય અતિથિ તરીકે મુન્દ્રા પોલીસ સ્ટેશનની એએસઆઈ પીનાઝબેન, રાહીબેન અને જયશ્રીબેનની વિશેષ ઉપસ્થિતિ રહી હતી. શિશુમંદિરના પ્રધાન આચાર્ય ભારતીબેન વાળા તેમજ સરકારી માધ્યમિક જિલ્લા ઉપાધ્યક્ષ નિધિબેન દ્વારા પ્રાસંગિક પ્રવચન આપી ઉપસ્થિત સૌનું સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન શ્રેષ્ઠ કામગીરી માટે શિક્ષિકા બહેનો શબનમબેન, હેતલબેન, સોનલબેન ગઢવી, યોગ શિક્ષક નેહલ પંડ્યા અને વિદ્યાર્થીની માનસીબેન પરમારને સન્માનિત કરવામાં આવ્યા હતા.

મુન્દ્રા તાલુકાની ખાખર, ધ્રબ, ભુજપુર, ઝરપરા, નવીનાળ, લૂણી તેમજ કે.એમ. કન્યા વિદ્યાલય, શિશુમંદિર અને સંસ્કાર સ્કૂલ જેવી વિવિધ સંસ્થાઓની શિક્ષિકા બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. ભુજપુર હાઈસ્કૂલના આચાર્ય અલ્પાબેન પટેલ અને સંસ્કાર સ્કૂલના આચાર્ય નેહાબેન જોશી તેમના સ્ટાફ સાથે હાજર રહ્યા હતા. કાર્યક્રમ દરમિયાન રાષ્ટ્ર સેવિકા સમિતિની ઈરાબેન જાટીઆએ બૌદ્ધિક રમતો યોજી સહભાગીઓને જોડ્યા હતા. સરકારી ઉચ્ચતર માધ્યમિક રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘના પુનશીભાઈ ગઢવી અને કલ્યાણભાઈ ગિલવાએ માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ઉપરાંત જીયા જોશી દ્વારા તલવાર પ્રદર્શન કરી નારી શક્તિનું દ્રષ્ટાંત રજૂ કરવામાં આવ્યું હતું અને નવ કુમારિકાઓનું પૂજન પણ કરવામાં આવ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ જિલ્લા ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક મહિલા ઉપાધ્યક્ષ ડૉ. પૂજાબેન કેવડિયાએ કર્યું હતું, જ્યારે સરકારી ઉચ્ચતર માધ્યમિક સંવર્ગના અલ્પાબેન ગોરે આભારવિધિ કરી કાર્યક્રમનું સમાપન કર્યું હતું. એવું રાષ્ટ્રીય શૈક્ષિક મહાસંઘ કચ્છ ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક અધ્યક્ષ તેમજ પ્રાંત સહસંગઠન મંત્રી અલ્પેશભાઈ જાનીની યાદીમાં જણાવાયેલ હતું.

# પ્રા. શાળાના વિદ્યાર્થીઓને આપવાની થતી એલસી બાબતે રાજ્યસંઘ દ્વારા રજૂઆત

ભુજ - કચ્છઉદય : તાજેતરમાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા એક પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે. જેમાં રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં બાળકોને આપવામાં આવતા શાળા છોડ્યાના પ્રમાણપત્ર (એલ.સી.) માં સમગ્ર રાજ્યમાં એકસૂત્રતા જળવાય તે માટે ગુજરાતી અને અંગ્રેજીમાં એક સરખા ફોર્મેટમાં સર્ટિ. આપવા સૂચના આપવામાં આવી છે. આ સૂચનાને પગલે રાજ્યભરની પ્રાથમિક શાળાઓના મુખ્ય શિક્ષકો મૂંઝવણમાં મૂકાયા છે. હાલ મોટા ભાગની શાળાઓ પાસે જૂની પ્રમાણિત કરાવેલી સર્ટિ. બુક પડેલી છે. ત્યારે શિક્ષણ વિભાગ દ્વારા શૈક્ષણિક વર્ષના અંતિમ દિવસોમા આ સૂચના મળતાં તમામ શાળાઓને હવે નવી સર્ટિબુક ખરીદવી પડશે. જૂની સર્ટિ. બુક હવે કોઈ કામની નહીં રહે. એક બાજુ શાળાઓમાં આવતી કન્ટી. ગ્રાન્ટ પણ બંધ થઈ ગઈ છે ત્યારે મુખ્ય શિક્ષકો પર વધારાનું ભારણ પડશે. શાળા છોડયાના પ્રમાણપત્ર બાબતે શિક્ષણ વિભાગ દ્વારા સૂચનાઓ સાથે નમૂનાનું પ્રમાણપત્ર પણ આપવામાં આવેલ છે. પરંતુ તેમાં ઘણી બધી વિસંગતતાઓ ઉદભવે છે ,તો દરેક જિલ્લામાં એકસરખું અર્થઘટન થાય તે માટે ચોક્કસ સૂચનાઓ બહાર પાડવામાં આવે તેવી માંગ ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષક સંઘના પ્રમુખ દિગ્વિજયસિંહ જાડેજા અને મહામંત્રી જૈમિન પટેલ દ્વારા રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક પાસે કરવામાં આવી છે. આ વિસંગતતાઓ બાબતે રાજ્યસંઘ દ્વારા કરવામાં આવેલ રજૂઆતની વિગતો આપતા રાજ્યસંઘના કાર્યાધ્યક્ષ હરિસિંહ જાડેજામાં જણાવ્યા અનુસાર શાળાના વયપત્રકમાં માત્ર ગુજરાતીમાં જ માહિતીની નોંધ થયેલ છે.

અંગ્રેજીમાં માહિતી લખવા માટે આધારભૂત બાબત કઈ ગણવી ? તે પ્રશ્નાર્થ છે. વળી, જનરલ રજીસ્ટરમાં વતનની માહિતી નોંધવામાં આવતી નથી. જે માટેના આધાર પુરાવા તરીકે શું માન્ય રાખવું? અંગ્રેજીની માહિતી જનરલ રજીસ્ટરમાં નોંધવાની કે કેમ?, બાળકોના જન્મના દાખલા ગુજરાતીમાં જ લીધેલ છે. તો અંગ્રેજીમાં નોંધ કરવા અંગ્રેજીમાં જન્મનો દાખલો વાલી પાસે મેળવવો કે કેમ? આધારકાર્ડમાં બાળકનું નામ અંગ્રેજીમાં છે અને તેના કરતા વાલીઓ દ્વારા આપવામાં આવેલ નામ અલગ હશે તો આપાર આઈ.ડી. અને બેક્નના ખાતામાં વિસંગતતા આવવાની શક્યતાઓ છે, વાલીઓ દ્વારા નોટરી પાસે એફિડેવિટ કરાવી એને આધારભૂત ગણવું કે કેમ? આવા અનેક પ્રશ્નો આચાર્યોને ઉદભવ્યા છે. આ ઉપરાંત નમૂનાની સર્ટિ. આપેલી છે તેમાં હાજર દિવસોની કોલમ જ નથી. આ તમામ બાબતો જોતાં સાથે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર એક અગત્યની અને સંવેદનશીલ બાબત હોઈ નિયામક કચેરી દ્વારા ચોક્કસ અને સ્પષ્ટ સૂચનાઓ થવા રજૂઆત કરવામાં આવી છે.

# મુંબઈ -ગાંધીનગર વંદે ભારતને વટવા ખાતે ટર્મીનેટ કરાતા મુસાફરો માટે એસી બસોની વ્યવસ્થા કરાઈ

અમદાવાદ - કચ્છ ઉદય : મુંબઈ -ગાંધીનગર વંદે ભારતને વટવા ખાતે ટર્મીનેટ કરાતા મુસાફરો માટે એસી બસોની વ્યવસ્થા કરાઈ હતી.

આ અંગે મળતી વિગતો મુજબ મુસાફરોની સુવિધા માટે બસોની વિશેષ વ્યવસ્થા ભારતીય રેલવે દ્વારા મુસાફરોની સુવિધાઓમાં સુધાર અને રેલવે ઈન્ફ્રાસ્ટ્રક્ચરને મજબૂત બનાવવા માટે બુલેટ ટ્રેન પ્રોજેક્ટ અંતર્ગત ગેરતપુર—અમદાવાદ ખંડ પર પ્રીકાસ્ટેડ પોર્ટલ બીમ લોંચનું કાર્ય હાથ ધરવામાં આવશે. આ કાર્ય માટે તા.૧૯/૪ ના રોજ ટ્રાફિક બ્લોક લેવામાં આવશે.

આ ટ્રાફિક બ્લોકને કારણે કેટલીક ટ્રેનો પ્રભાવી રહેશે. આ ક્રમમાં ટ્રેન નંબર ૨૦૯૦૧ મુંબઈ સેન્ટ્રલ - ગાંધીનગર કેપિટલ વંદે ભારત એક્સપ્રેસ વટવા સ્ટેશન પર સમાપ્ત (શોર્ટ ટર્મિનેટ) કરવામાં આવશે. મુસાફરોને નિરંતર અને સુગમ મુસાફરી સુવિધા પૂરી પાડવા માટે અમદાવાદ મંડળ દ્વારા તારીખ ૧૯ એપ્રિલ ના રોજ વિશેષ બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. વટવાથી અમદાવાદ માટે ૧૬ એસી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે, વટવાથી ગાંધીનગર માટે ૦૨ એસી બસોની વ્યવસ્થા કરવામાં આવી છે. આ વિશેષ વ્યવસ્થા મુસાફરોને સુરક્ષિત અને આરામદાયક પરિવહન સુવિધા પૂરી પાડવા માટે કરવામાં આવી છે, જેથી મુસાફરી દરમિયાન કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય.

# શંખેશ્વર તીર્થે જહાજ મંદિરે ૧૦૦૮ આહુતિ યુક્ત માણિભદ્ર વીર પૂજન-હવન યોજાયો

**મનોબળ અને આત્મવિશ્વાસ પૂજનથી મનમાં હિંમત અને શાંતિ આવે છે : મુનિ નયશેખર મ.સા.**






ભુજ - કચ્છ ઉદય : શંખેશ્વર તીર્થે જહાજ મંદિર એક્રવાલા ધામે માનવતાના મસીહા પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય રત્નશેખરસૂરીશ્વજી મહારાજાના દિવ્ય આશીર્વાદથી ૧૦૦૮ આહુતિ યુક્ત માણિભદ્ર વીર પૂજન-હવન યોજાયો.આ માણિભદ્ર વીર પૂજન-હવન મુનિશ્રી પૂણ્યરત્ન મ.સા,પૂ.મુનિ ધર્મરત્નચંદ્રજી મ.સા,પૂ. મુનિ નયશેખર મ.સા એવં સાધ્વીજી ભગવંતોના સાનિધ્યમાં યોજાયું.આ માણિભદ્ર વીર દાદાનું પૂજન હવનનો લાભ એક ગુરૂભક્ત પરિવારે લાભ લીધેલ.આ પૂજન-હવનમાં મંત્રોચ્ચાર સાથે આહુતિ આપવામાં આવેલ.જેમાં ચંદન-સુખડના લાકડા,વિશિષ્ટ ઔષધ યુક્ત ગોળી,સમીધા,ઘીની વિગેરેની આહુતિ આપવામાં આવેલ.આહુતિ બાદ મોટી શાંતિનો પાઠ સાથે નારિયેળનો ગોળો હોમવામાં આવેલ. આ પ્રસંગે મુનિ નયશેખર મ.સા.એ જણાવેલ કે, માણિભદ્ર વીર એક શક્તિશાળી યક્ષ દેવ છે, જે જૈન તીર્થંકરોના શાસનના રક્ષણ માટે નિમાયેલ છે. તેઓ ભક્તોની ભાવનાને સમજીને તેમને સંકટોમાંથી બહાર કાઢે છે અને સકારાત્મક શક્તિ પ્રદાન કરે છે.જૈન ધર્મ અનુસાર કોઈપણ દેવની પૂજા પાછળનો મુખ્ય હેતુ આત્મશુદ્ધિ અને સદાચાર છે. માણિભદ્ર વીરની પૂજા પણ આપણામાં સકારાત્મકતા, નિર્ભયતા અને ધર્મ પ્રત્યેની લાગણી વધારવાનું સાધન છે. વિધિકાર રાજુભાઈએ વિધિવિધાન કરાવેલ. સંગીતકાર જીતુભાઈ પાટણ વાળાએ સંગીતની રમઝટ જમાવેલ. આ પ્રસંગે શ્રીસંઘો, ગુરુભક્તો, રાજકીય, મહાનુભાવો સામાજિક,આધ્યાત્મિક અગ્રણીઓ સહિત પ્રશાસનના અધીકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે મુંબઈ, અમદાવાદ, કચ્છ, બનાસકાંઠા, ઉત્તર ગુજરાત વગેરેથી ગુરુભક્તો ઉપસ્થિત રહી આ પૂજન-હવન પ્રસંગ યોજાયો હતો.

## પુનિતવનમાં વડીલોએ ભોજન યોજ્યું



ભુજ-કચ્છઉદય : મુન્દ્રા-રી. સાઈટ, આશાપુરા સકુલ પાછલ આવેલ પુનીતવનમાં બપોરના સખત તાપમા ૬૦ થી ૮૦ વર્ષના વડીલોએ વન ભોજનનું આયોજન કરી ભોજનની મોજ માણી હતી. આયોજન દાતા પ્રદિપભાઈ શાહે કરેલ હતું. નટુભાઈ ઠક્કર, અમૃતભાઈ શાહ, રમેશભાઈ આહીર, બી. કે. જાડેજા, ભુપેન્દ્રભાઈ મહેતા, હીતેશભાઈ ચોથાણી, અમરસિંહ જાડેજા, ચીમનભાઈ ડેડકીયા, નરેન્દ્રભાઈ દાવડા, ઉપેન્દ્રભાઈ ભટ, મયુરભાઈ પુરોહીત, નીરજભાઈ રાચ્છ, પરેશભાઈ પોમલ, ગોસ્વામીભાઈ, જાડેજાભાઈ ઉપસ્થિત રહ્યા હતા. અપુભાઈ જોષી, દીગુભા જાડેજા, જગુભાઈ ચોકીદાર સહયોગી રહ્યા હતા.

## કચ્છ જિલ્લા કરણીસેનાના પ્રમુખ માધુભા જાડેજાનો આજે જન્મ દિવસ



નખત્રાણા - કચ્છ ઉદય : કચ્છ જિલ્લા રાજપૂત ક્ષત્રિય સમાજ કરણી સેનાના અધ્યક્ષ બિબ્બરના માજી સરપંચ ક્ષત્રિય સમાજના અગ્રણી માધુભા મનોહરજી જાડેજાનો આજે જન્મદિન છે. વિવિધ સંસ્થા સાથે સંકળાયેલા માધુભા જાડેજાનો જન્મદિને સવારે ગાયોને નિરણ, પંખીને ચણ, બટુક ભોજન, સાંજે સુંદરકાંડના પાઠ, રાત્રે ભજન સાથે ભક્તિભાવ પૂર્વક જન્મદિન ઉજવાશે. તેમના જન્મદિને સંતો, મહંતો, જગદંબા, વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓ, રાજકીય અગ્રણીઓ, શુભેચ્છકો શુભકામના પાઠવે છે. સાથે સાથે કચ્છ ઉદય પરિવાર પણ શુભેચ્છા પાઠવે છે.

# કચ્છમાં તાલુકા-જિલ્લા પંચાયત-નગરપાલિકાની ચૂંટણીઓ કોંગ્રેસ સામે ભાજપ નહીં પરંતુ પોલીસ લડી રહી છે

**પોલીસના અધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓ દ્વારા કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ પાછા ખેંચાવવાના પ્રયાસો કરાયા હોવાના કોંગ્રેસનો આક્ષેપ**



ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં તાલુકા - જિલ્લા પંચાયત તથા નગરપાલિકાઓની ચૂંટણીઓમાં ઉમેદવારી ફોર્મ ખેચવાના દિવસે કચ્છના પોલીસ અધિકારીઓ તેમજ ઉદ્યોગપતિઓના લોકો કોંગ્રેસના ઉમેદવારોને શોધી શોધીને ઉમેદવારી ફોર્મ પાછું ખેંચાવવાના પ્રયાશો કરેલા છે, એટલુજ નહિ પરંતુ જિલ્લા પંચાયતના બેઠકના કોંગ્રેસના ઉમેદવારોને ૩૦થી ૩૫ લાખ સુધીની ઓફરો કરેલ છે અને પોલીસ દ્વારા ઉમેદવારોના ઘર સુધી પહોંચી અને ઉમેદવારી ફોર્મ ખેંચવા માટે ભાજપની સૂચના મુજબ પોલીસ વિભાગે કામ કરેલ છે. ઘણી જગ્યાએ પીલીસ દ્વારા ભાજપને ફાયદો કરાવવા માટે મુસ્લિમ ઉમેદવારો પાસે અપક્ષ ફોર્મ પણ ભરાવવામાં આવેલ છે. સરકારના આદેશ મુજબ ઉદ્યોગપતિઓ દ્વારા મગળવારની રાત્રિએ ૩ થી ૪ વાગ્યા સુધી પ્રયાસો કરવામાં આવ્યા છે તેવો આક્ષેપ કચ્છ જિલ્લા કોંગ્રેસના પ્રમુખ વી.કે. હુંબલે કોંગ્રેસ દ્વારા યોજાયેલી પત્રકાર પરિષદમાં કર્યો હતો.

શ્રી હુંબલે આક્ષેપ કરતા વધુમાં જણાવ્યું હતું કે, ઘણા ઉદ્યોગપતિઓ સાથે તેઓએ ચર્ચા કરેલ કે તમે આવું શા માટે કરો છો ત્યારે તેમને જવાબ આપેલ કે અમને સરકારનું દબાણ છે અને મજબૂરી પણ છે જેથી અમારે આવું કરવું પડે છે. આમ આ લોકશાહી માટે શરમજનક ઘટના કહેવાય. અંજાર તાલુકાની વીરા તાલુકા પંચાયત બેઠક જિલ્લાના આહીર સેનાના પ્રમુખ દીપકભાઈ કોઠીવાડ તરફથી ઉમેદવાર આપવામાં આવેલ અને છેલ્લા દિવસે એમના તરફથી તેમને મુકાવેલ ઉમેદવારનું ફોર્મ પાછુ ખેચાવેલ આમ કરી કોંગ્રેસ સાથે વિશ્વાસઘાત કરવામાં આવેલ છે અને આહીર સમાજની ગરિમાને પણ ઠેસ પહોંચાડેલ છે. આહીર સમાજ વટ, વચન અને આસરા માટેની તેમની ઓળખ છે જે આ બાબતમા ક્યાંકને ક્યાંક ભંગ થયેલ છે. ભચાઉ તાલુકાની જિલ્લા પંચાયતની મોટી ચીરઈ અને તાલુકા પંચાયતની બેઠકો ભાજપે બિનફરીફ કરાવેલ છે, જેમાં પણ ૪૦ થી ૫૦ લાખ સુધીનો વહીવટ થયેલ છે. આમ ભાજપ વિકાસના બણગા ફુંકે છે તો કોંગ્રેસના ઉમેદવારોના ફોર્મ ખેચવાની કેમ જરૂર પડી. ભાજપના એટલા ધમપછાડા પછી પણ જ્યાં કોંગ્રેસ માટે નબળી બેઠકો હતી તેવીજ જગ્યાએ ઉમેદવારી ફોર્મ ખેચાવવાના પ્રયાસો કરેલ છે. આમ ભાજપે અનેક જગ્યાએ સત્તાનો દુરૂપયોગ કરી અને ઉમેદવારોને ડરાવવા - ધમકાવાનું કામ કરેલ છે, પરંતુ કચ્છ જિલ્લામાં કોંગ્રેસ તાલુકા - જિલ્લા પંચાયતો અને નગરપાલિકાઓમાં ખુબ સારો દેખાવ કરી અને સત્તા મેળવશે તેવું શ્રી હુંબલે પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું.

આ પત્રકાર પરિષદમાં જિલ્લાના આગેવાનો રામદેવસિંહ જાડેજા, લાખાજી સોઢા, ગનીભાઈ કુંભાર, પ્રગ્નેશ ચોથાણી, અંજલી ગોર, હરેશભાઈ આહીર, એચ.એસ. આહીર, વિભાભાઈ રબારી, ફકીરમામદ કુંભાર, ખેતશીભાઈ ગજરા, નારણભાઈ ભીલ સહીતના આગેવાનો હાજર રહ્યા હતા

# આજે આરસીબી અને ડીસી વચ્ચે ટક્કર




## બેંગલુરુની નજર ઘરઆંગણે સતત ચોથી જીત પર; અક્ષરની ટીમ ખરાબ ફોર્મ સામે ઝઝૂમી રહી છે

(એજન્સી દ્વારા)
બેંગલુરૂ : આઈપીએલ ૨૦૨૬નો એક મહિનો થવા આવશે. અત્યાર સુધીમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ ટુર્નામેન્ટની સૌથી સંતુલિત અને મજબૂત ટીમ બનીને ઉભરી છે. આજે પોતાના હોમ ગ્રાઉન્ડ એમ. ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં આરસીબીનો સામનો દિલ્હી કેપિટલ્સ સામે થશે. આરસીબીનો પ્રયાસ રહેશે કે તે પોતાના હોમ ગ્રાઉન્ડ પર સતત ચોથી જીત નોંધાવે.

આરસીબી પાસે જોશ હેઝલવુડની આગેવાનીમાં એક સક્ષમ બોલિંગ યુનિટ છે. ટીમના વાઈસ-કેપ્ટન જિતેશ શર્માએ જણાવ્યું કે ટીમ ચિન્નાસ્વામીની પીચ મુજબ વ્યૂહાત્મક રીતે કામ કરી રહી છે. આ જ કારણ છે કે તેઓ આ સીઝનમાં પોતાના ઘરમાં અજેય રહ્યા છે. જો દિલ્હીના બેટર્સ પોતાની ટેકનિકમાં સુધારો નહીં કરે, તો આ મુકાબલો પણ એકતરફી બની શકે છે. બીજી તરફ, બંને ટીમ વચ્ચે અત્યાર સુધીમાં ૩૩ મેચ રમાઈ છે, જેમાં રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરે ૧૯ મેચ જીતી છે. જ્યારે દિલ્હી કેપિટલ્સને ૧૨ મેચમાં જીત મળી છે. આ ઉપરાંત એક મેચ ટાઈ રહી છે અને એક મેચનું કોઈ પરિણામ આવી શક્યું નથી. ગયા વર્ષે બંને વચ્ચે રમાયેલી બે મેચમાંથી બંને ટીમે એક-એક મેચ જીતી છે. આરસીબીએ અરુણ જેટલી સ્ટેડિયમમાં અને ડીસીએ ચિન્નાસ્વામી સ્ટેડિયમમાં રમાયેલી મેચ પોતાના નામે કરી છે.

આ સીઝનમાં પણ સૌની નજર વિરાટ કોહલી પર ટકેલી છે અને તેણે પોતાના ફેન્સને નિરાશ કર્યા નથી. કોહલી અત્યારે 'ઓરેન્જ કેપ' હોલ્ડર છે. જોકે, આ વખતે ખાસ વાત એ છે કે આરસીબીની બેટિંગ માત્ર કોહલી પર નિર્ભર નથી. કેપ્ટન રજત પાટીદાર, દેવદત્ત પડિક્કલ, ફિલ સોલ્ટ અને ટિમ ડેવિડે શાનદાર ઈનિંગ્સ રમીને ટીમની જીતમાં મહત્વની ભૂમિકા ભજવી છે. કોહલી હવે વધુ ખુલીને રમી શકે છે કારણ કે તેને ખબર છે કે મિડલ ઓર્ડરમાં રન બનાવનારા ખેલાડીઓ હાજર છે.

દિલ્હી કેપિટલ્સની ટીમ હજુ સુધી પોતાની શ્રેષ્ઠ પ્લેઈંગ-૧૧ શોધવામાં વ્યસ્ત છે. ટીમમાં કેએલ રાહુલ, ડેવિડ મિલર અને પથુમ નિસાંકા જેવા અનુભવી ખેલાડીઓ હોવા છતાં સાતત્યનો અભાવ સ્પષ્ટ દેખાઈ રહ્યો છે. દિલ્હી અત્યારે ટેબલમાં પાંચમા નંબરે છે, પરંતુ છેલ્લી બે મેચમાં તેને હારનો સામનો કરવો પડ્યો છે. યુવા બેટર સમીર રિઝવીએ ચોક્કસપણે બે હાફ સેન્ચુરી ફટકારીને સંઘર્ષ બતાવ્યો છે, પરંતુ તેને બીજા છેડેથી સાથ મળી રહ્યો નથી.

દિલ્હી માટે સૌથી મોટી ચિંતા તેમના કેપ્ટન અક્ષર પટેલ અને સ્ટાર સ્પિનર કુલદીપ યાદવનું ફોર્મ છે. અક્ષરે ૪ મેચમાં માત્ર ૩ વિકેટ લીધી છે અને બેટથી પણ તે ફ્લોપ રહ્યો છે.

# નામ બડે દર્શન છોટે : ૧૦ કરોડથી વધારે પગારવાળા ૧૩ ખેલાડીઓ ફ્લોપ

(એજન્સી દ્વારા)
નવીદિલ્હી : આઈપીએલ ૨૦૨૬માં અનેક એવા ખેલાડીઓ છે. જેના પર ફ્રેન્ચાઈઝીએ ૧૦ કરોડથી વધારે રુપિયા ખર્ચ કર્યા હતા. પરંતુ તેના ખરાબ પ્રદર્શનના કારણે ખેલાડીએ અત્યારસુધી ટીમને પોઈન્ટ ટેબલમાં આગળ લઈ જઈ શક્યા નથી. આ ખેલાડીઓ પોતાની ટીમ માટે મેચ વિનર નહી પરંતુ સંઘર્ષ કરતા જોવા મળ્યા હતા. જેના પર ચાહકો અને એક્સપર્ટ બંન્ને હેરાન છે.

આ મોંઘા ખેલાડીઓના ફ્લોપ પ્રદર્શનની સીધી અસર ટીમના પ્રદર્શન પર પડી છે. એક ટીમ હજુ એવી છે કે, આઈપીએલ ૨૦૨૬ જીતવાની રાહ જોઈ રહી છે. તો કેટલીક ટીમ એવી છે કે, તે વધુ એક મેચ જીતવા માટે સંઘર્ષ કરી રહી છે. આઈપીએલ જેવી ટૂર્નામેન્ટમાં જ્યાં દરેક મેચ મહત્વની રહે છે. ત્યાં મોટા ખેલાડીઓ ફેલ થવા પર ટીમની રણનીતિ પર સવાલો ઉભા થતાં હોય છે.



### આઈપીએલ ૨૦૨૬: ૧૦ કરોડથી વધુ પગાર ધરાવતા ફ્લોપ ખેલાડીઓ

| ખેલાડી | ટીમ | આઈપીએલ - પગાર |
| --- | --- | --- |
| રિંકુ સિંહ | (કેકેઆર) | ૧૩.૦૦ કરોડ |
| ટ્રેન્ટ બોલ્ટ | (એમઆઈ) | ૧૨.૫૦ કરોડ |
| વરુણ ચક્રવર્તી | (કેકેઆર) | ૧૨.૦૦ કરોડ |
| ઋષભ પંત | (એલએસજી) | ૨૭.૦૦ કરોડ |
| કેમેરોન ગ્રીન | (કેકેઆર) | ૨૫.૨૦ કરોડ |
| નિકોલસ પૂરન | (એલએસજી) | ૨૧.૦૦ કરોડ |
| ઋતુરાજ ગાયકવાડ | (સીએસકે) | ૧૮.૦૦ કરોડ |
| અર્શદીપ સિંહ | (પંજાબ) | ૧૮.૦૦ કરોડ |
| જસપ્રીત બુમરાહ | (એમઆઈ) | ૧૮.૦૦ કરોડ |
| સૂર્યકુમાર યાદવ | (એમઆઈ) | ૧૬.૩૫ કરોડ |
| કાર્તિક શર્મા | (સીએસકે) | ૧૪.૨૦ કરોડ |
| પ્રશાંત વીર | (સીએસકે) | ૧૪.૨૦ કરોડ |
| રિયાન પરાગ | (આરઆર) | ૧૪.૦૦ કરોડ |

# આજે મજબૂત હૈદરાબાદ અને ફોર્મમાં આવી રહેલી ચેન્નાઈ વચ્ચે મુકાબલો



(એજન્સી દ્વારા)
હૈદરાબાદ: સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આઈપીએલની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની ૨૦૨૬ની સિઝનમાં રસાકસી વધી રહી છે ત્યારે શનિવારે તેનો અને ચેન્નાઈ સુપર કિંગ્સ વચ્ચે મુકાબલો થશે. એક તરફ હૈદરાબાદની ટીમ તેના નવા પેસ આક્રમણ સાથે ભરપુર આત્મવિશ્વાસ ધરાવે છે અને સંતુલિત ટીમ બની ગઈ છે તો ચેન્નાઈ તેની વ્યૂહરચના ફરીથી ગોઠવવા મથામણ કરી રહી છે પરંતુ સાથે સાથે તાજેતરના વિજયથી તે ફોર્મમાં પણ આવી રહી છે. શનિવારે સાંજે ૭.૩૦ કલાકે મેચનો પ્રારંભ થશે. સનરાઈઝર્સ હૈદરાબાદે હર્ષલ પટેલ અને જયદેવ ઉનડકટ જેવા અનુભવી બોલર્સને સ્થાને પ્રફુલ હિંગે અને સાકિબ હુસૈન જેવા યુવા બોલરને અજમાવીને મોટો જુગાર ખેલ્યો હતો જે અત્યંત સફળ રહ્યો હતો. અગાઉની મેચમાં આ બંનેએ રાજસ્થાન રોયલ્સ જેવી મજબૂત ટીમને પોતાની બોલિંગથી વિખેરી નાખી હતી. ખાસ કરીને વિદર્ભના પ્રફુલ હિંગેએ રોયલ્સના મોખરાના ક્રમ સામે વેધક બોલિંગ કરીને કારકિર્દીની પહેલી જ ઓવરમાં ત્રણ વિકેટ સહિત એ મેચમાં ૩૪ રન આપી ચાર વિકેટ ઝડપી હતી.

# ડેવિડ પેઇનની હૈદરાબાદ સાથેની ડેબ્યુ આઈપીએલ સીઝન સમાપ્ત





(એજન્સી દ્વારા) હૈદરાબાદ : સનરાઈઝર્સ હૈદરાબાદના ડાબા હાથના સીમર ડેવિડ પેઈનને પગની ઘૂંટીની ઈજાને કારણે આઈપીએલ ૨૦૨૬ની બાકીના મૅચોમાંથી બહાર કરવામાં આવ્યો છે. તેના રિપ્લેસમેન્ટની પણ હજી જાહેરાત થઈ નથી. ઈંગ્લૅન્ડના આ એક વન-ડે મૅચ રમેલા ૩૫ વર્ષના પેસ બોલરે ડેબ્યુ આઈપીએલ સીઝનમાં પહેલી જ મૅચમાં બૅન્ગલોરના કેપ્ટન રજત પાટીદાર અને જિતેશ શર્માની બૅક-ટુ-બૅક વિકેટ લીધી હતી. બે મૅચમાં તેણે ૧૪ના ઈકૉનૉમી-રેટથી બોલિંગ કરીને બે જ વિકેટ લીધી છે. ૧.૫ કરોડનો આ ખેલાડી આઈપીએલ ડેબ્યુ સમયે સૌથી હાઈએસ્ટ મૅચ અને વિકેટ લેનાર બોલર હતો. ૨૮ માર્ચ પહેલાં તેણે ૨૩૩ ટી૨૦ મૅચમાં હાઈએસ્ટ ૩૦૪ વિકેટ લીધી હતી.

# પ્રેક્ટિસ દરમ્યાન સ્ટેડિયમના કાચ ફૂટે એટલા લાંબા સિક્સ ફટકારે છે વૈભવ સૂર્યવંશી




(એજન્સી દ્વારા)
જયપુર : રાજસ્થાન રૉયલ્સે પોતાના સોશ્યલ મીડિયા પ્લેટફૉર્મ પર ૧૫ વર્ષના વૈભવ સૂર્યવંશીનો રસપ્રદ વિડિયો શૅર કર્યો હતો. વૈભવ સૂર્યવંશીએ પ્રૅક્ટિસ-સેશન દરમ્યાન નેટમાંથી એટલો લાંબો સિક્સ ફટકાર્યો હતો કે સ્ટેડિયમની એક ઑફિસનો કાચ ફૂટી ગયો હતો. આ સ્ટેડિયમ કયું હતું એની પુષ્ટિ થઈ નથી.

# ગુજરાતે સાઉથ આફ્રિકાના બેટર કોનર એસ્ટરહુઇઝનને કર્યો સાઇન



અમદાવાદ : બેન્ટનની જગ્યાએ જ્યારે ગુજરાતે સાઉથ આફ્રિકાના બેટર કૉનર એસ્ટરહુઈઝનને સાઈન કર્યો છે. આ ખેલાડીને સાઉથ આફ્રિકા માટે ટી૨૦ ઈન્ટરનેશનલમાં ૫ મેચોમાં ૫૦ની સરેરાશથી ૨૦૦ રન બનાવ્યા છે. તે ૨ અડધી સદી ફટકારી ચૂક્યો છે.

# કોલકાતાની પરાજયની હારમાળા જારી, ટાઇટન્સનો રોમાંચક વિજય




### આઇપીએલઃ શુભમન ગિલની કેપ્ટન્સ ઇનિંગ્સ, આક્રમક ૮૬ રન, મોદી સ્ટેડિયમમાં ગુજરાતનો પાંચ વિકેટે વિજય

(પ્રતિનિધિ દ્વારા)
અમદાવાદ : કેપ્ટન શુભમન ગિલની શાનદાર બેટિંગની મદદથી ગુજરાત ટાઈટન્સે શનિવારે અહીં રમાયેલી ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ની ટી૨૦ ક્રિકેટ ટુર્નામેન્ટની મેચમાં કોલકાતા નાઈટ રાઈડર્સને પાંચ વિકેટથી પરાજય આપ્યો હતો. આમ નાઈટ રાઈડર્સ ૨૦૨૬ની સિઝનમાં હજી પણ વિજયથી વંચિત રહ્યું છે.

અહીંના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે રમાયેલી મેચમાં ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરતાં કોલકાતા નાઈટ રાઈડર્સે તેની ૨૦મી ઓવરના છેલ્લા બોલે ઓલઆઉટ થતાં અગાઉ ૧૮૦ રનનો સ્કોર રજૂ કર્યો હતો જેના જવાબમાં ગુજરાત ટાઈટન્સે ૧૯.૪ ઓવરમાં પાંચ વિકેટે ૧૮૧ રન કરી લીધા હતા.

૧૮૧ રનના ટારગેટ સામે રમતાં ગુજરાત માટે કેપ્ટન ગિલ અને સાઈ સુદર્શને આક્રમક શરૂઆત કરી હતી અને ત્યાર બાદ ટીમે વિકેટો ગુમાવી હોવા છતાં પરિણામ અપેક્ષા મુજબ જ રહ્યું હતું. શુભમન ગિલ માટે આ મેદાન હંમેશાં શુકનિયાળ રહ્યું છે. તેણે આ મેદાન પર શનિવારે પોતાની છઠ્ઠી અડધી સદી ફટકારી હતી. આ ઉપરાંત તે અહીં ત્રણ સદી સાથે ૨૬ ઈનિંગ્સમાં ૧૨૪૩ રન ફટકારી ચૂક્યો છે. શનિવારે તેણે આઠ ચોગ્ગા અને ચાર સિક્સર સાથે ૫૦ બોલમાં ૮૬ રન ફટકાર્યા હતા.

ગિલ અને સુદર્શને પહેલી વિકેટ માટે ૫૭ રન ઉમેર્યા હતા જેમાં સુદર્શનના ૨૨ રન હતા. ત્યાર બાદ જોઝ બટલરે ૧૫ બોલમાં ૨૫ રન ફટકાર્યા હતા. જોકે સમગ્ર ઈનિંગ્સમાં ગિલ છવાયેલો રહ્યો હતો.

અગાઉ કોલકાતા નાઈટ રાઈડર્સે ટોસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો હતો પરંતુ પ્રારંભમાં જ ગુજરાતના બોલર્સે તરખાટ મચાવતા આ નિર્ણય ખોટ પુરવાર થયો હતો. ટાઈટન્સના બોલર્સ સામે કોલકાતા નાઈટ રાઈડર્સના બેટર્સ લાચાર જણાતા હતા. કેમરૂન ગ્રીને ૭૯ રનની શાનદાર ઈનિંગ્સ રમીને ટીમને સન્માનજનક સ્કોર સુધી પહોંચાડી હતી પરંતુ અંતે ગુજરાતની શિસ્તબદ્ધ બોલિંગ સામે તેઓ ૧૮૦ રનમાં આઉટ થઈ ગયા હતા.

સિઝનની પ્રથમ સફળતાની શોધમાં રહેલી કોલકાતાની પ્રથમ ચાર ઓવરમાં જ ત્રણ મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. મોહમ્મદ સિરાઝે ૨૩ રનમાં બે વિકેટ ખેરવી હતી. તેણે પ્રથમ ઓવરમાં જ અનુભવી અજિંક્ય રહાણેને 'ગોલ્ડન ડક' પર પેવેલિયન ભેગો કર્યો હતો. આ ઉપરાંત કેગિસો રબાડાએ પોતાની ગતિ અને સ્વિંગથી અંગક્રિશ રઘુવંશી અને ન્યૂઝીલેન્ડના ટિમ સેફર્ટને આઉટ કરીને ટોપ ઓર્ડર વેરવિખેર કરી નાખ્યો હતો. તેણે ત્રણ વિકેટ ઝડપી હતી.


# ૧૦ વર્ષ બાદ કેકેઆરનો કોઈ કેપ્ટન ગોલ્ડન ડક પર થયો આઉટ, ગૌતમ ગંભીરના નામે આ શરમજનક રેકોર્ડ



(એજન્સી દ્વારા)
કોલકતા : કોલકાતા નાઈટ રાઈડર્સનો કેપ્ટન અજિંક્ય રહાણે આઈપીએલ ૨૦૨૬ ની ૨૫મી મેચના પહેલા જ બોલ પર આઉટ થઈ ગયો. તેણે મોહમ્મદ સિરાજ સામે પોતાની વિકેટ ગુમાવી દીધી. રહાણે પાંચ વર્ષ પછી આઈપીએલમાં શૂન્ય રને આઉટ થયો અને કેકેઆરના કેપ્ટન તરીકે પહેલીવાર ખાતું કોળ્યા વિના પોવેલિયન પરત ફર્યો હતો.


કેકેઆરના કેપ્ટનને ગોલ્ડન ડક પર આઉટ થયાને ૧૦ વર્ષ થઈ ગયા છે. રહાણે પહેલા ૨૦૧૬ માં ગૌતમ ગંભીર ગોલ્ડન ડક પર આઉટ થયો હતો. તમને જાણીને આશ્ચર્ય થશે કે ગૌતમ ગંભીર કેકેઆરના કેપ્ટન તરીકે એક કે બે વાર નહીં, પરંતુ પાંચ વખત ગોલ્ડન ડક માટે આઉટ થયો છે.

# હવે રજનીકાંતની ફિલ્મ 'જેલર ૨' થઈ લીક!




(એજન્સી દ્વારા)
મુંબઈ : થલાપતિ વિજયની ફિલ્મ 'જન નાયકન'ના ઓનલાઈન લીક થયા બાદ આખી ઈન્ડસ્ટ્રીએ તેના વિરૂદ્ધ અવાજ ઉઠાવ્યો અને આરોપીઓ વિરૂદ્ધ કાર્યવાહીની માગ કરી. હજુ 'જન નાયકન'ની રિલીઝનો મામલો ઠંડો નથી પડ્યો ત્યાં હવે રજનીકાંતની 'જેલર ૨'ના હજુ પણ ઓનલાઈન લીક થયાના સમાચાર સામે આવી રહ્યા છે. રજનીકાંતની મચ અવેટેડ આગામી ફિલ્મ 'જેલર ૨'ની એક વીડિયો ક્લિપ ઓનલાઈન પ્રસારિત થઈ રહી છે. ત્યારબાદ પ્રોડક્શન હાઉસ સન પિક્ચર્સે ફેન્સ સહિત તમામને આકરી કાર્યવાહીની ચેતવણી જાહેર કરી છે. આ વીડિયો 'જેલર ૨'ના સેટ પર શૂટ કરાયાની જાણ થઈ છે. વીડિયો સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહ્યો છે. ફેન્સ સહિત અનેક લોકોએ તેને દૂર કરતા પહેલા જ શેર કરી દીધા. સન પિક્ચર્સના પ્રવક્તાએ પ્રેસને એક નિવેદન આપતા કહ્યું કે, 'અમે તમને જણાવવા માગીએ છીએ કે ફિલ્મ 'જેલર ૨'ના સેટથી એક વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પ્લેટફોર્મ પર વાયરલ થઈ રહી છે. અમારી એન્ટી-પાયરેસી ટીમ સ્થિતિ પર સક્રિય રીતે નજર રાખી રહી છે અને તેને હટાવવા માટે જરૂરી કાર્યવાહી કરશે. જેમાં આ ક્લિપને શેર કરવા કે પ્રોત્સાહન આપનારા એકાઉન્ટ્સ વિરૂદ્ધ કાર્યવાહી શરૂ કરવાનું પણ સામેલ છે.' ફિલ્મના પ્રોડક્શન હાઉસે ફેન્સને ક્લિપ શેર ના કરવાની ચેતવણી આપતા લખ્યું છે કે, 'અમે મીડિયા અને ફેન ક્લબના સભ્યોથી નિવેદન કરીએ છીએ કે તેઓ આ વીડિયોનો ઉપયોગ, શેર કે રિપોસ્ટ કરવાથી બચે. જેથી તેના એકાઉન્ટ્સ પર કોઈપણ પ્રકારનો પ્રતિબંધ ના લાગે.

# "મેં કોઈ પહાડ નથી ખાધો" : પત્રલેખા



મુંબઈ : પત્રલેખાએ બાળકનાં જન્મ પછી વધેલાં વજનને લઈને ટ્રોલ કરનારાં લોકોને કડક જવાબ આપ્યો છે. તેણે ગયાં વર્ષે નવેમ્બરમાં રાજકુમાર રાવ સાથે દીકરીને જન્મ આપ્યો હતો. એક્ટ્રેસ અને ફિલ્મ પ્રોડ્યુસર પત્રલેખા દિકરીની ડિલિવરી બાદ વધેલા વજન માટે થતા ટ્રોલિંગને અવગણતી નથી. તાજેતરમાં તે લાંબા સમય પછી જાહેરમાં જોવા મળી હતી ત્યારે તેનાં શરીર અંગે કેટલાંક પાપરાઝી દ્વારા કરાયેલાં નિવેદનો અને ટીકા સામે તેણે ખુલીને પોતાનો જવાબ પણ આપ્યો છે.

# 'લવ એન્ડ વોર' હવે ૨૧ જાન્યુઆરીએ રિલીઝ થશે



(એજન્સી દ્વારા)
મુંબઈ : રણબીર કપૂર, આલિયા ભટ્ટ અને વિકી કૌશલ હવે એકસાથે મોટા પડદા પર તેમની રોમેન્ટિક એક્શન ફિલ્મ 'લવ એન્ડ વોર' સાથે જોવા મળશે, જેનું ડિરેક્શન સંજય લીલા ભણસાલીએ કર્યું છે. આ ફિલ્મ અંગે લાંબા સમયથી ચર્ચાઓ હતી અને લાંબા સમયથી આ ફિલ્મની રાહ જોવાતી હતી. બોલિવૂડના આ ત્રણેય સ્ટાર્સ ફિલ્મની જાહેરાત બાદથી જ ચર્ચામાં રહ્યાં છે. હવે સંજય લીલા ભણસાલીની આ ફિલ્મ માટે સત્તાવાર રીતે રિલીઝ ડેટ જાહેર કરવામાં આવી છે, ૨૧ જાન્યુઆરી, ૨૦૨૭ના દિવસે ફિલ્મ રિલીઝ થઈ રહી છે. ઘણી રાહ જોવાયા બાદ, 'લવ એન્ડ વોર'ને હવે અંતે રિલીઝ ડેટ મળી ગઈ છે. મેકર્સ ભણસાલી પ્રોડક્શન્સે સોશિયલ મીડિયા પર આ અંગે સત્તાવાર જાહેરાત કરી. આ ફિલ્મ એક ઈન્ટેન્સ રોમેન્ટિક એક્શન ડ્રામા હોવાની અપેક્ષા છે, જેમાં સંજય લીલા ભણસાલીની ફિલ્મોની ઓળખરૂપ ભવ્યતા અને સિનેમેટિક વૈભવ જોવા મળશે. તેમનાં ઈમર્સિવ સ્ટોરીટેલિંગ અને ભવ્ય પ્રેઝન્ટેશન સાથે ફિલ્મ પ્રજાસત્તાક દિવસના પર્વ પહેલા થોડા દિવસો પહેલાં સિનેમાઘરોમાં આવશે. ફિલ્મ હિન્દી, તેલુગુ અને તમિલ ભાષામાં રિલીઝ થવાની છે. આ પહેલા, ફિલ્મને ૨૦૨૬ના ઉનાળા વેકેશમાં રિલીઝ કરવાની યોજના હતી. જોકે, સ્ટોરીલાઈન અને પ્રોડક્શનમાં થયેલા ફેરફારોને કારણે વિલંબ થયો હતો. તાજેતરમાં રણબીર કપૂરે પણ કહ્યું હતું કે 'રામાયણ' પાર્ટ ૧ પછી જ આ ફિલ્મ રિલીઝ થશે, અને હવે તે સ્પષ્ટ થઈ ગયું છે. કારણ કે રણબીર પોતાની બે ફિલ્મોની રિલીઝ વચ્ચે કમ સે કમ બે મહિનાનું અંતર રહે એવું ઈચ્છતો હતો. આ પહેલા સંજય લીલા ભણસાલીએ ૨૦૨૨માં 'ગંગુબાઈ કાઠિયાવાડી' ફિલ્મનું દિગ્દર્શન કર્યું હતું. આ ફિલ્મની સફળતા બાદ તેઓ ફરી એક ભવ્ય પ્રોજેક્ટ સાથે પરત ફરી રહ્યા છે અને ફરીથી આલિયા ભટ્ટ સાથે કામ કરી રહ્યા છે.

# માર્વેલની 'એવેન્જર્સ : ડૂમ્સડે' ક્રિસમસ વેકેશનમાં જોવા મળશે



(એજન્સી દ્વારા)
મુંબઈ : માર્વેલની બહુ અપેક્ષિત ફિલ્મ 'એવેન્જર્સ: ડૂમ્સડે'નું પહેલું ટ્રેલર લાસ વેગાસમાં ચાલી રહેલા સિનેમાકોન દરમિયાન પસંદગીના દર્શકો થિયેટર ઓનર્સ અને મીડિયા માટે રજૂ કરવામાં આવ્યું હતું.
આ ફિલ્મ ડિસેમ્બર રિલીઝ માટે તૈયાર છે અને તેમાં રોબર્ટ ડાઉની જુનિયર ફરી માર્વેલ યુનિવર્સમાં કમબૅક કરે છે. પરંતુ આ વખતે તે આયર્ન મેન નહીં, પરંતુ વિલન ડોક્ટર ડૂમના પાત્રમાં જોવા મળશે. ટ્રેલર ડૂમની એન્ટ્રી અને ઓરિજિનલ એવેન્જર્સની વાપસીનો સંકેત આપે છે. સિનેમાકોનમાં રોબર્ટ ડાઉની જુનિયર અને ક્રિસ ઈવાન્સે સ્ટેજ પર આવીને ટ્રેલર રજુ કર્યું હતું. 'ટ્રેલર ઓફ ડૂમ' તરીકે ઓળખાતો આ વિડિયો ફિલ્મની પહેલી સત્તાવાર ઝલક છે અને રુસો બ્રધર્સની એમસીયુમાં વાપસી દર્શાવે છે. ટ્રેલર "કંઈક આવી રહ્યું છે!" એવા વૉઈસઓવરથી શરૂ થાય છે. ત્યારબાદ તેજ પ્રકાશ વચ્ચે રોબર્ટ ડાઉની જુનિયરનો ડોક્ટર ડૂમ તરીકે સિલ્વર માસ્કમાં પહેલો લૂક જોવા મળે છે.

# આયુષ્માન અને સારા એકસાથે જોવા મળશે




મુંબઈ : ધર્મા પ્રોડક્શન અને સીખ્યા એન્ટરટેઈનમેન્ટે તેમનાં કોલબરેશનની ચોથી ફિલ્મ 'ઉડતા તીર'ની જાહેરાત કરી છે. આ સ્પાય-કોમેડી ફિલ્મમાં આયુષ્માન ખુરાના અને સારા અલી ખાન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. ફિલ્મ ૧૧ સપ્ટેમ્બર, ૨૦૨૬ના રોજ થિયેટરમાં રિલીઝ થવાની છે. આ પ્રોજેક્ટ બંને બેનર્સ વચ્ચેનું વધુ એક જોડાણ છે, જેમણે અગાઉ 'કિલ', 'ગ્યારહ ગ્યારહ' અને 'ધ લંચબોક્સ' જેવી ફિલ્મોમાં સાથે કામ કર્યું છે.

# શેફાલી શાહ એકતા કપૂર સાથે 'કોકે'માં કામ કરશે



(એજન્સી દ્વારા) મુંબઈ : અભિનેત્રી શેફાલી શાહ પ્રોડ્યુસર એકતા કપૂર સાથે નવી સીરિઝ માટે જોડાઈ છે, જે બાલાજી ટેલિફિલ્મ્સ દ્વારા પ્રોડ્યુસ થવાની છે. 'કોકે' નામનો આ પ્રોજેક્ટ નેટફ્લિક્સ ઈન્ડિયા પર સ્ટ્રીમ થશે.આ શો એક પિરિયડ ડ્રામા છે, જેમાં શેફાલી શાહ મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. હાલ સ્ટોરીલાઈન અંગે વિગત જાહેર કરવામાં આવી નથી, પરંતુ એવા અહેવાલો છે કે આ શોમાં એક મજબૂત પાત્ર અને ઊંડા નેરેટિવ પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે. વિવિધ પ્રકારની ભૂમિકાઓ માટે જાણીતી શેફાલી શાહ આ શોમાં પોતાની ઓળખ અને અનુભવથી એક અલગ દૃષ્ટિકોણ ઉમેરશે. આ સીરિઝનું દિગ્દર્શન નુપુર અસ્થાનાએ કર્યું છે, જેઓ 'ફોર મોર શોટ્સ પ્લીઝ' અને 'ધ રોયલ્સ' જેવા શોઝ માટે જાણીતાં છે. આ શો માટેનું શૂટિંગ ૨૦ એપ્રિલથી શરૂ થવાનું છે. સપોર્ટિંગ કાસ્ટ અને રિલીઝ ડેટ અંગેની માહિતી હજુ જાહેર કરવામાં આવી નથી. એકતા કપૂરે વર્ષો દરમિયાન અનેક ટેલિવિઝન અને ડિજિટલ પ્રોજેક્ટ્સ પ્રોડ્યૂસ કર્યા છે.

# ઇચ્છાશક્તિ અને ધીરજથી બધું જ શક્ય છે : શ્રીલીલા



મુંબઈ : તાજેતરમાં શ્રીલીલાએ પોતાના નામ સાથે એક નવી ઓળખ ઉમેરેલી છે. તે એક લોકપ્રિય અભિનેત્રી છે, જેણે તેલુગુ સિનેમાના મોટા કલાકારો સાથે કામ કર્યું છે, તેણે તાજેતરમાં એમબીબીએસ ડિગ્રી પણ મેળવી છે. મેડિકલ અભ્યાસ અને ફિલ્મ કારકિર્દી વચ્ચે સંતુલન જાળવવું સહેલું નહોતું.

# "ખોટી ટ્રેનમાં બેઠાં હો તો ઉતરી જવું સારું" : હંસિકા મોટવાણી



(એજન્સી દ્વારા) મુંબઈ : સોહેલ ખાતુરિયા સાથેના ડિવોર્સનાં એક મહિના પછી હંસિકા મોટવાણીએ આ મુશ્કેલ સમય વિશે વાત કરી છે. તેણે જણાવ્યું કે હવે તે વધુ સારી સ્થિતિમાં છે, પરંતુ ડિવોર્સની વિગતો ખાનગી જ રાખશે.

મુંબઈના બાંદ્રાની ફેમિલી કોર્ટ દ્વારા ૧૧ માર્ચે બંનેને પરસ્પર સંમતિથી ડિવોર્સ આપવામાં આવ્યા હતા. આ ઘટનાને લઈને ઘણી ચર્ચા થઈ હતી, છતાં હંસિકાએ તેની વિગત જાહેરમાં શેર ન કરવાનું પસંદ કર્યું છે. એક ઈન્ટરવ્યુમાં તેણે કહ્યું, "લોકોને ક્લિકબેટ જોઈતું હતું, તેમને મળી ગયું. હેડલાઈન્સ જોઈએ હતી, તે પણ મળી ગઈ. મેં ક્યારેય સ્પષ્ટતા કરી નથી અને નહીં કરું, કારણ કે એ મારા માટે મહત્વનું નથી. મને કોઈ અફસોસ નથી. જો તમે ખોટી ટ્રેનમાં બેસી ગયા હો, તો પીડા સહન કરવા કરતાં ઉતરી જવું સારું." તેણે ઉમેર્યું કે તે પોતાના નિર્ણયથી સંતુષ્ટ છે અને ભાવનાત્મક રીતે વધુ સારી સ્થિતિમાં છે.

# ભુજ તાલુકાની સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પ્રચારના શ્રીગણેશ

**ધારાસભ્ય કેશુભાઈ પટેલના હસ્તે ભીરંડિયારા ખાતે ચૂંટણી કાર્યાલયનું ઉદ્દઘાટન**







ભુજ-કચ્છઉદય : આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને લઈને ભુજ તાલુકામાં રાજકીય ગરમાવો તેજ બન્યો છે. ભારતીય જનતા પાર્ટી દ્વારા ભીરંડિયારા જિલ્લા પંચાયત બેઠક સહિત તેના હેઠળ આવતી વિવિધ તાલુકા પંચાયત બેઠકો માટે ઉમેદવારોના નામ જાહેર કરી ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરવામાં આવ્યા છે.

ભીરંડિયારા ખાતે ભુજ વિભાગના ધારાસભ્ય કેશુભાઈ પટેલના વરદ હસ્તે ભારતીય જનતા પાર્ટીના ચૂંટણી પ્રચાર કાર્યાલયને વિધિવત રીતે ખુલ્લું મૂકવામાં આવ્યું હતું.

આ પ્રસંગે ઉપસ્થિત જનમેદનીને સંબોધતા ધારાસભ્ય કેશુભાઈ પટેલે જણાવ્યું હતું કે, ગુજરાત સરકાર અને કેન્દ્રની ડબલ એન્જિન સરકાર દ્વારા આ વિસ્તારમાં વિકાસના અનેક કાર્યો કરવામાં આવ્યા છે.

તેમણે વિકાસની આ ગતિને જાળવી રાખવા માટે તમામ ઉમેદવારોને જંગી બહુમતીથી વિજયી બનાવવા મતદારોને અપીલ કરી હતી. તેમણે આ વિસ્તારના મતદારોને રાજ્યની ડબલ એન્જિનની સરકારમાં વધુ પાંચ ડબ્બા જોડવા અનુરોધ કર્યો હતો.

આ આગામી ચૂંટણીમાં ભાજપ વતી ભીરંડિયારા જિલ્લા પંચાયત બેઠક પર અબ્દુલા બુઢા જત, જ્યારે તાલુકા પંચાયતની બેઠકો પર ભીરંડિયારાથી કરમાબેન હીરા મારવાડા, સરાડા બેઠક પર હાજીણીબાઈ અબ્દુલ જત અને ખારી બેઠક પર લતીફ ભીલાલ થેબા ઉમેદવારી કરી રહ્યા છે. કાર્યાલય ઉદ્ઘાટનના આ અવસરે હઠુભા જાડેજા, સુરેશભાઈ છાંગા, લઘુમતી મોરચાના પ્રમુખ મુસા જુમા રાયશી, ઉમેશભાઈ આચાર્ય, ફૈઝલ મુતવા, અમીન જત, અલા જોડિયા જત, વિરાભાઈ સહિતના અગ્રણીઓ અને વિવિધ ગામના સરપંચો તેમજ પૂર્વ સદસ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમની શરૂઆતમાં બન્નીની પરંપરા અનુસાર ધારાસભ્ય અને મહાનુભાવોનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્ય ફકીરમામદે શાબ્દિક સ્વાગત કર્યું હતું, જ્યારે સમગ્ર કાર્યક્રમનું સંચાલન પૂર્વ સરપંચ કમાલ શાહ અલીશા સૈયદ દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે ખાન મહંમદ રાયસીએ આભારવિધિ આટોપી હતી. વ્યવસ્થા હિરાભાઈ કારૂએ સંભાળી હતી. આ પ્રસંગે સ્થાનિક આગેવાનો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક જોડાયા હતા.

# અંજાર સુધરાઈ ચૂંટણીમાં ભાજપનો દબદબો : સાત બેઠક બિનહરીફ કબજે

**અંતિમ દિવસે ફોર્મ પરત ખેંચાતા રાજકીય સમીકરણોમાં ફેરફાર, કોંગ્રેસ માટે કપરું ચઢાણ-વોર્ડ-૫માં રસપ્રદ જંગ**

અંજાર-કચ્છ ઉદય : અંજાર નગરપાલિકાની સામાન્ય ચૂંટણીમાં ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે સર્જાયેલી રાજકીય હલચલ વચ્ચે ભાજપે પોતાની મજબૂત સ્થિતિ સ્પષ્ટ કરી દીધી છે. નવ વોર્ડ ધરાવતી આ નગરપાલિકાની કુલ બેઠકોમાંથી સાત બેઠક ઉપર ભાજપના ઉમેદવારો બિનહરીફ જાહેર થતાં કેસરિયા પક્ષે ચૂંટણી પહેલાં જ વિજય તરફ દૃઢ પગલું ભર્યું છે. બાકીની ૨૯ બેઠકો માટે હવે ૬૪ ઉમેદવારો મેદાનમાં રહ્યા છે, જેના કારણે આગળની ચૂંટણી વધુ રસપ્રદ અને ટક્કરભરી બનવાની સંભાવના છે.

ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે કુલ ૧૦ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા રાજકીય સમીકરણોમાં નોંધપાત્ર ફેરફાર નોંધાયો હતો. વોર્ડ નં. ૧માં કુંદનબેન જેઠવા અને ધનબાઈ ગઢવી, વોર્ડ નં. ૨માં ધર્મિષ્ઠાબેન ખાંડેકા, વોર્ડ નં. ૩માં પ્રીતિબેન માણેક અને તારાબેન રોશિયા (મહિલા બેઠક), વોર્ડ નં. ૬માં મમતાબેન વેગડ તેમજ વોર્ડ નં. ૯માં પાર્થભાઈ સોરઠિયા બિનહરીફ જાહેર થતા ભાજપને સીધો રાજકીય લાભ મળ્યો છે. રાજ્યમંત્રી અને અંજારના ધારાસભ્ય ત્રિકમભાઈ છાંગા સહિત પક્ષના આગેવાનો દ્વારા આ જીતને સંગઠનશક્તિ અને જનસમર્થનનું પ્રતિબિંબ ગણાવી વિજેતાઓને અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

બીજી તરફ કોંગ્રેસ પક્ષ માટે આ ચૂંટણી પડકારજનક બની રહી છે. અનેક વોર્ડોમાં પૂરતા ઉમેદવારો ઊભા કરવામાં મુશ્કેલી પડતાં સંગઠન અંગે પ્રશ્નો ઊભા થયા છે. વિપક્ષની આ નબળી સ્થિતિ ભાજપ માટે અનુકૂળ સાબિત થઈ રહી છે અને અંજાર સુધરાઈમાં રાજકીય સમીકરણો એકતરફી બનતા જોવા મળી રહ્યા છે. આ ચૂંટણીમાં વોર્ડ નંબર ૫ સૌથી વધુ ચર્ચામાં રહ્યો છે, જ્યાં ચાર બેઠક માટે ૧૧ ઉમેદવારો વચ્ચે જોરદાર ટક્કર જામવાની છે.

આ વોર્ડનું પરિણામ સમગ્ર ચૂંટણીના અંતિમ દિશા-નિર્દેશ માટે મહત્વપૂર્ણ સાબિત થઈ શકે છે. ફોર્મ પરત ખેંચવાના અંતિમ દિવસે રાજકીય તણાવ પણ જોવા મળ્યો હતો. અંજાર સુધરાઈના પૂર્વ વિપક્ષી નેતાએ સત્તાપક્ષ ભાજપ પર ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું હતું કે ઉમેદવારો પર દબાણ કરી ફોર્મ પરત ખેંચાવવામાં આવ્યા છે, જે લોકશાહી મૂલ્યોનું હનન છે. એક તબક્કે સત્તાપક્ષ અને વિપક્ષના આગેવાનો વચ્ચે તીવ્ર બોલાચાલી થતાં વાતાવરણ ગરમાયું હતું અને આ મુદ્દો ચર્ચાનો કેન્દ્ર બન્યો હતો.

# મતદાન પૂર્વેના પ્રચાર જંગમાં મહિલાઓનો ફાળો ચાવીરૂપ





## કચ્છ જિલ્લા ભાજપ દ્વારા મહિલા સંમેલન યોજાયું

ભુજ - કચ્છઉદય : આગામી સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓને અનુલક્ષીને માતૃશક્તિની અગત્યતા અને મહત્વતા જાણીને કચ્છ જિલ્લા ભાજપ દ્વારા જિલ્લા ભાજપ મધ્યસ્થ કાર્યાલય, કચ્છ કમલમ ખાતે અધ્યક્ષ દેવજીભાઈ વરચંદના વડપણ હેઠળ એક મહિલા સંમેલન યોજવામાં આવ્યું હતું, જેમાં પ્રદેશ ભાજપ મહિલા મોરચા અધ્યક્ષ અંજુબેન વેકરીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં જિલ્લા ભાજપ સંગઠન પ્રભારી ફલજીભાઈ ચૌધરી પણ સાથે જોડાયા હતા.

સંમેલનના આરંભે શાબ્દિક સ્વાગત કરતા જિલ્લા ભાજપ મહિલા મોરચા અધ્યક્ષ પારુલબેન કારાએ જણાવ્યું હતું કે, મોદીજીના શાસનકાળમાં મહિલા સશક્તિકરણના વિચારને અદ્દભુત ઉત્તેજન મળ્યું છે અને આજે મહિલાઓ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીમાં પુરુષોને ખભે ખભા મિલાવીને આગળ વધી રહી છે ત્યારે મતદાન પૂર્વેના પ્રચાર જંગમાં આપણો મહિલાઓનો ફાળો ખૂબ જ ચાવીરૂપ ગણાશે.

સંગઠન પ્રભારી શ્રી ચૌધરીએ જણાવ્યું હતું કે, મહિલાઓના હાથમાં શાસનધુરા સોંપવી એ સમાજના આવનારા સમય માટે ઉજળા સંકેત છે માટે કચ્છમાં પણ સૌ માતાઓ બહેનો સાથે મળીને ભારતીય જનતા પાર્ટીના ઉમેદવારોને જંગી બહુમતીથી જીતાડવા માટે સંનિષ્ઠ પુરુષાર્થ કરશે એવો મને પૂર્ણ વિશ્વાસ છે.

જિલ્લા ભાજપ અધ્યક્ષ શ્રી વરચંદે જણાવ્યું હતું કે, કચ્છમાં ભાજપ પરિવારનું સંગઠન ક્ષેત્રે સમગ્ર રાજ્યમાં હંમેશા ઉમદા પ્રદર્શન રહ્યું છે અને હવે જ્યારે ચૂંટણીને આડે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે જિલ્લા ભાજપ મહિલા મોરચો પણ તન, મનથી ચૂંટણી પૂર્વેના જનસંપર્ક કાર્યક્રમોમાં આપણી સરકારોએ કરેલી અનેક નેત્રદીપક કામગીરીઓના સરવૈયા સાથે મેદાનમાં ઉતરશે અને એક ભવ્ય પરિણામના સાક્ષી બનશે.

પ્રદેશ ભાજપ મહિલા મોરચા અધ્યક્ષા અંજુબેન વેકરીયાએ જણાવ્યું હતું કે, સ્થાનિક સ્વરાજ્યમાં ૫૦% અનામત બાદ હવે વિધાનસભા લોકસભામાં પણ ૩૩% મહિલા અનામત ખૂબ ઝડપથી લાગુ પડવા જઈ રહ્યું છે. માતૃશક્તિની મહત્તા દર્શાવતા તેમણે ઉમેર્યું હતું કે, આપણે સૌ એ પરંપરાના વાહકો છીએ કે જ્યાં ધરતી, રાષ્ટ્ર અને નદીઓને પણ માતા સાથે સરખાવી છે ત્યારે મહિલાઓની અપાર ક્ષમતાને સથવારે ભારતીય જનતા પાર્ટી આ ચૂંટણીમાં ઝળહળતું પરિણામ પ્રાપ્ત કરશે એ દીવા જેવી સ્પષ્ટ બાબત છે. અંતમાં તેમણે કહ્યું હતું કે, જે ઘર પરિવાર સારી રીતે ચલાવી શકે છે એ નારીજાતિ દેશ, રાજ્ય અને પ્રાંત પણ ખૂબ જ ઉમદા રીતે ચલાવી શકવાનું સામર્થ્ય ધરાવે છે જેથી આપણે સૌ બહેનોએ આગામી દિવસોમાં સતત લોકોની વચ્ચે રહીને મહત્તમમાં મહત્તમ લોકોનો વ્યક્તિગત સંપર્ક કરીને આપણી વાત અને વિચારધારા તેમની સમક્ષ મૂકવી પડશે અને સ્ત્રી શક્તિની અખૂટ ઉર્જા અને તાકાતનો પરિચય સૌને આપવો પડશે.

આ સંમેલનમાં પ્રદેશ ભાજપ મહિલા મોરચા ઉપાધ્યક્ષ અરુણાબેન ચૌધરી, મહિલા સંમેલનોના પ્રદેશ ઈન્ચાર્જ પ્રિયાબેન પટેલ, જિલ્લા ભાજપ મંત્રી અને મહિલા મોરચા પ્રભારી છાયાબેન ગઢવી તેમજ જિલ્લા ભાજપ મહિલા મોરચાના હોદ્દેદારો, વિવિધ મંડલોના મહિલા હોદ્દેદારો તેમજ મહિલા કાર્યકરો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સંચાલન જિલ્લા ભાજપ ઉપાધ્યક્ષ રેશ્માબેન ઝવેરી તેમજ આભાર વિધિ જિલ્લા ભાજપ મહિલા મોરચા મહામંત્રી પારસબા જાડેજાએ કરી હોવાનું કચ્છ જિલ્લા ભાજપ મીડિયા ઈન્ચાર્જ સાત્વિકદાન ગઢવીની યાદીમાં જણાવાયું હતું.


# અક્ષય તૃતીયા પૂ. યોગિની આનંદ લહેરી માજીબાના સ્મૃતિ દિને પાવન સ્મરણ

અક્ષય તૃતીયા કચ્છનાં સંત પૂ. યોગિની આનંદ લહેરી માજીબાની જન્મતિથિ છે. એ નિમિત્તે એમનું પાવન સ્મરણ કરીએ. સિદ્ધ યોગિની માજીબાએ ભુજની ખારી નદીની સ્મશાનની તપોભૂમિમાં આશ્રમ સ્થાપીને ૩૮ વર્ષ સુધી યોગ અને આત્મ કલ્યાણની સાધના કરી હતી. એ વૈરાગ્યભૂમિ વિસ્તાર એ વખતે દિવસે પણ ભેંકાર લાગતો. એમના આશ્રમની સુવાસ પ્રસરી જતાં દેશભરમાંથી સંતો યોગીઓ આવતા અને યોગસાધનાની શિબિરો યોજાતા. કુકમા રામકૃષ્ણ ટ્રસ્ટના મનોજભાઈ સોલંકી માજીબાના ભક્ત છે. આશ્રમના વિકાસમાં તેઓ મહત્વનું યોગદાન આપી રહ્યા છે.અજીતભાઈને પ્રેરણા થઇ ને સિદ્ધહસ્ત ચિત્રકાર બિપીનભાઈ સોનીએ આશ્રમ માટે માજીબાનું આબેહૂબ ચિત્ર બનાવ્યું છે. વિનોદભાઈ સોલંકી અને મનોજ ભાઈ સોલંકીના સહયોગથી 'માજીબા ધ્યાન ખંડ' નિર્માણ પામ્યો છે. આશ્રમના ધ્યાનખંડમાં સાધના કરતી વખતે જાણે માજીબાની દિવ્ય ચેતના તપ સ્વરૂપે સાક્ષાત હાજર હોવાની અનુભૂતિ થાય છે.

અગાઉ, માજીબાના શિષ્ય માધાપરના ઉદ્યોગપતિ પુરુષોત્તમ ડાહ્યાલાલ સોલંકીના સહયોગથી માજીબાના ખારી નદી સ્થિત આશ્રમમાં ગુરુપૂનમની ભક્તિ ભાવથી ઉજવણી થતી. 'ભૂતનાથ સેવા સંસ્થાન ટ્રસ્ટ દ્વારા માજીબાની સ્મૃતિ જાળવવા સાધના ખંડનું નિર્માણ થતાં ૨૦૨૧થી એ સાધના ખંડમાં ગુરુપૂનમ નિમિત્તે દર વર્ષે પૂજન, યોગ, સત્સંગ, સમૂહપ્રસાદનું આયોજન થાય છે.

વિશેષમાં, મસ્કા અને અંજારની સ્મૃતિ દર્શાવી છે. એમનાં એક શિષ્યા 'રત્નાગીરી' મૂળ લોહાણા હતાં. અંજારમાં એમનો 'આનંદ આશ્રમ' કુટીર છે ને એમની સમાધિ મસ્કા ગામે છે. અંજાર આશ્રમમાં, કુકમા સ્થિત રામકૃષ્ણ ટ્રસ્ટમાં માજીબાનો ફોટો છે. મસ્કામાં પૂ. માજીબાનું સ્મૃતિધામ છે. ઉપરાંત મોરબીમાં પણ સ્મૃતિધામ છે. અંજારનાં રત્નાગિરિ, કુકમાનાં ગંગાબાઈ, જામનગરનાં જતુમા, નેત્રાનાં લાડકાંબાઈ, ભુજનાં ઉજમબેન ઉપાધ્યાય એમનાં શિષ્યો. ઉપરાંત નાગર, કણબી, લોહાણા, મિસ્ત્રી, કાયસ્થ સહિત ઘણી જ્ઞાતિઓમાંથી માજીબાનાં અનેક શિષ્યો હતાં. યોગિની આનંદલહેરી માજીબા મારાં માતુશ્રી પૂ. ભાગીરથીબેનનાં ફઈ સાથે ગુરુ પણ હતાં. માજીબાનું સંસારી નામ જયાલક્ષ્મી લાલજી માધવજી માંકડ. માતાનું નામ ભવાનીબેન. એમનો જન્મ અંજારમાં ભાદરવા સુદ નોમ, સં.૧૯૩૨ અને મહાનિર્વાણ દિન વૈશાખ સુદ ત્રીજ, સં.૨૦૧૦, તા.૧૬મી એપ્રિલ, ૧૯૫૩. માજીબાના

... ભુજ ભૂતનાથ મંદિર પાસે માજીબા ધ્યાનખંડ



અંજારમાં રત્નાગિરી આશ્રમ 'મઢુલી'માં ગુરુ પૂ. માજીબાની સ્મૃતિ વંદના!



ભાઈ તે મારા નાના હરિદાસ લાલજી માંકડ. અંજારથી એમની બઢતી સાથે ભચાઉ બદલી થતાં બહેન જયાલક્ષ્મી પણ એમની સાથે ભચાઉ ગયાં. માતા પિતા શિવ શક્તિના ઉપાસક હોઈ, એમને એ સંસ્કાર વારસામાં મળ્યો હતો. આતિથ્યભાવના માટે પણ આ પરિવાર પ્રખ્યાત હતો. ભચાઉમાં માધવરાયમંદિર પાસે તેઓ રહેતાં. બાળપણમાં ઈશ્વરનો સાક્ષાત્કાર થાય એ ભાવનાથી જયાલક્ષ્મી એ મંદિરમાં એક પગે ઉભાં રહી નામ જાપ કરતાં. ભચાઉનાં એ કૃષ્ણ મંદિરમાં માજીબાની સ્મૃતિ સાચવવી જોઈએ. કચ્છનાં સંત- યોગિની પૂજ્ય આનંદલહેરી માજીબા સરોજિની નાયડુની વિરાટ સભામાં મુખ્ય વક્તા બન્યાં હતાં. માજીબાની સુવાસ રાજ્યભરમાં પ્રસરતાં એમને ઠેર ઠેરથી આમંત્રણ મળતાં તેઓ જતાં અને યોગ સત્સંગ ઉપદેશનો લાભ આપતાં. સૌરાષ્ટ્ર ઉપરાંત અમદાવાદ, મુંબઈ, ઝરીયા, નાગપુર, રાયપુર વ. સ્થળોએ વિદ્વતાસભર પ્રવચનો આપ્યાં હતાં. ઈ.સ.૧૯૧૯માં દેશમાં ચાલતી અસહકાર ચળવળ વખતે માજીબા કરાંચી ગયાં હતાં. ત્યાં સરોજીની નાયડુ સાથે મુખ્ય વક્તા તરીકે એક વિરાટ સભાને એમણે સંબોધી હતી. એ માટે કચ્છ આજ પણ ગૌરવ લે છે. સરોજિની નાયડુ ૧૯૨૫માં કોંગ્રેસ પ્રમુખ અને જ્યારે ભારતે સ્વતંત્રતા પ્રાપ્ત કરી, ત્યારે ૧૯૪૭માં તેઓ સંયુક્ત પ્રાંતનાં પ્રથમ મહિલા રાજ્યપાલ બન્યાં હતાં. કવિ તરીકે નાયડુના સાહિત્યિક કાર્યને કારણે ગાંધીજીએ તેમને "ભારતની બુલબુલ" ઉપનામ આપ્યું હતું.

**- જગદીશચંદ્ર છાયા**

# ગૌસેવા અભિયાનને ગતિ આપવા રાષ્ટ્રમાતા દરજ્જા માટે અંજારમાં મહત્વપૂર્ણ બેઠક

અંજાર - કચ્છ ઉદય : ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપવામાં આવે તેવી માંગ સાથે અંજાર ખાતે રાયમલધામ આશ્રમમાં વિશેષ બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું.

ભાગવત કથાકાર ધનેશ્વર જોષીની અધ્યક્ષતામાં યોજાયેલી આ બેઠકમાં ગૌસેવા, ગૌસંરક્ષણ અને ગૌસન્માનના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

બેઠકમાં સર્વસંમતિથી નિર્ણય લેવામાં આવ્યો કે આગામી તા. ૭ મેના રોજ કચ્છ જિલ્લાના તમામ તાલુકાઓમાં મામલતદાર કચેરીઓમાં આવેદનપત્ર પાઠવી ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવાની માંગ રજૂ કરવામાં આવશે. સાથે જ આ અભિયાનને વધુ વ્યાપક બનાવતાં દેશના પાંચ હજારથી વધુ તાલુકાઓમાં પણ આવેદનપત્ર પાઠવવાનો આયોજનબદ્ધ કાર્યક્રમ હાથ ધરાશે.

આ અભિયાનનો મુખ્ય હેતુ ગૌસેવા પ્રત્યે સમાજમાં જાગૃતિ લાવવાનો તથા ગૌસંરક્ષણને રાષ્ટ્રીય સ્તરે મજબૂત બનાવવાનો હોવાનું બેઠકમાં જણાવાયું હતું. ઉપસ્થિત આગેવાનો દ્વારા આ મુદ્દાને જનઆંદોલન સ્વરૂપ આપવા માટે સંગઠિત પ્રયાસોની જરૂરિયાત પર ભાર મૂકવામાં આવ્યો હતો.

બેઠકમાં કચ્છ કર્મકાંડ મંડળના પ્રમુખ દીપેશભાઈ ત્રિપાઠી, પૂર્વ કચ્છ વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તથા કથાકાર અવિનાશભાઈ જોષી, ભચાઉના મહેશભાઈ, ચંદુભાઈ, બળદેવપુરી ગોસ્વામી, અરજણભાઈ આહીર, જિજ્ઞેશભાઈ રાજગોર સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચેક બાઉન્સ કેસમાં કોર્ટનો કડક ચુકાદો : બે આરોપીઓને એક-એક વર્ષની કેદ અને ૧૦-૧૦ લાખ વળતરનો આદેશ

ભુજ-કચ્છ ઉદય : ચેક પરત ફરવાના બે અલગ-અલગ કેસમાં માંડવીની કોર્ટે આરોપીઓને દોષિત ઠેરવી એક-એક વર્ષની કેદ તથા ફરિયાદીને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો હુકમ કર્યો છે. સાથે જ વળતર ન ચૂકવવામાં આવે તો વધુ છ-છ માસની કેદ ભોગવવાનો પણ આદેશ આપવામાં આવ્યો છે.

આ કેસમાં ભદ્રેશ્વરનાં રાજેશ ભાણજીભાઈ મોખા તથા મુંદરાના રશ્મિ બીજય સામંતરાય સામે કાર્યવાહી કરવામાં આવી હતી. બંને વિરુદ્ધ મુંદરા તાલુકાના ભદ્રેશ્વર ગામના ફરિયાદી મોહન હરિલાલ ગઢવીએ ૧૦-૧૦ લાખના ચેક પરત ફરતા અલગ-અલગ ફરિયાદ દાખલ કરી હતી. માંડવીના જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ એમ. એસ. ગેલાદે બંને કેસમાં ચુકાદો આપતાં આરોપીઓને કસૂરવાર ઠેરવી એક-એક વર્ષની કેદની સજા ફટકારી હતી. ઉપરાંત ફરિયાદીને ૧૦-૧૦ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો અને ૨૦-૨૦ હજાર રૂપિયા સરકારી ફંડમાં જમા કરાવવાનો હુકમ પણ કરવામાં આવ્યો હતો. કોર્ટે વધુમાં જણાવ્યું હતું કે જો આરોપીઓ વળતર ચૂકવવામાં નિષ્ફળ જાય, તો વધારાની છ-છ માસની કેદ ભોગવવી પડશે. ફરિયાદ પક્ષે વકીલ તરીકે દેવાયત એન. બારોટ તથા ભરત એચ. ચારણ હાજર રહ્યા હતા.

# ભુજમાં વિશ્વ ધરોહર દિવસ નિમિત્તે હેરિટેજ વોક યોજાઈ

ભુજ-કચ્છઉદય : વિશ્વ ધરોહર દિવસના અવસરે કેટીજી (કચ્છ ટ્રાવેલગુરૂ) અને વૈરા ઈનોવેશન દ્વારા ભુજ શહેરના ઐતિહાસિક અને સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરવા હેતુથી એક વ્યાપક અને જ્ઞાનવર્ધક હેરિટેજ વોકનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની શરૂઆત પ્રસિદ્ધ હેરિટેજ જાણકાર અને વક્તા અખિલેશભાઈ અંતાણીના પ્રેરણાદાયી પ્રવચનથી કરવામાં આવી હતી.

વર્લ્ડ હેરિટેજ ડે નિમિત્તે ભુજમાં આવેલા ઐતિહાસિક સ્થળોની હેરિટેજ વોક યોજવામાં આવી હતી. આ હેરિટેજ વોકમાં સ્થાનિક નાગરિકો તેમજ ભારતીય સેનાના સ્મૃતિ રાઓ વગેરે પરિવારોના સભ્યોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિવિધ વયજૂથના લોકો મળી અંદાજે ૪૦ થી વધુ સભ્યોની ઉપસ્થિતિએ કાર્યક્રમને વધુ જીવંત બનાવ્યો હતો અને તમામે ભુજના વારસાને નજીકથી અનુભવાનો અનોખો અવસર મેળવ્યો હતો. જેમાં નિત્ય પ્રવાસી અખિલેશભાઈ અંતાણી વગેરે જોડાયા હતા. આ હેરિટેજ વોકનું આયોજન કેટીજી (કચ્છ ટ્રાવેલગુરૂ) અને વૈરા ઈનોવેશન ના સ્થાપક તથા સ્મૃતિવન મ્યુઝિયમના ડિરેક્ટર વ્યોમ અંજારિયાના માર્ગદર્શન હેઠળ તેમની ફેમીલી સાથે જોડાયેલ અને આ હેરીટેઝ વોકની વિડીયોગ્રાફી તેમજ સુંદર ફોટોગ્રાફી કરેલ હતી તેમજ ગુજરાત ટુરિઝમના અનુભવી માર્ગદર્શકો દિનેશભાઈ મચ્છર, રાજેશભાઈ માંકડ અને તેમની ટીમના સહયોગથી કરવામાં આવ્યું હતું. માર્ગદર્શકો દ્વારા દરેક સ્થળના ઐતિહાસિક, સાંસ્કૃતિક અને





સ્થાપત્યના મહત્વ અંગે માહિતી આપવામાં આવી હતી. ગુજરાત ટુરીઝમ માન્ય ગાઈડ તરીકે રાજેશભાઈ માંકડ, દિનેશભાઈ મચ્છર આ હેરિટેજ વોક દરમિયાન ભુજમાં આવેલા ઐતિહાસિક સ્થળોની મુલાકાત કરાવી હતી, જેમાં સંયોજક તરીકે એમ.આઈ. બાયડએ વ્યવસ્થા સંભાળી હતી. આ હેરીટેઝ વોકમાં ૧૨ થી પણ વધુ ભુજનાં ઐતિહાસિક સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. ભુજ શહેરની સ્થાપના સાથે સંકળાયેલ અને ઈતિહાસ સંગ્રહીને બેઠા છે તેવા ઐતિહાસિક સ્થળોની મુલાકાત લઈને રસિકોને ઈતિહાસથી માહિતગાર કરવામાં આવ્યા હતા. આ હેરિટેજ વોકમાં ભુજમાં આવેલ આઈના મહલ, પ્રાગ મહલ, દરબાર ગઢ, રાણી મહેલ, ખીલીપૂજન સ્થળ, તોરણ ગેટ, ટંકશાળ, જ્યુબિલી હોસ્પિટલ, જૂની જેલ, હાથીસ્થાન, મોટી પોશાળ જાગીર, સરપટ ગેટ, વિવિધ જૂના ફળિયા સિસ્ટમ કે જે ભૂકંપમાં વિસરાઈ ગયેલ છે વગેરે જેવા સ્થળોની મુલાકાત લેવામાં આવી હતી. આઈના મહલઃ આઈના મહેલ એ કચ્છ જિલ્લાના ભુજ શહેરમાં આવેલો ૧૮મી સદીમાં બંધાયેલો એક મહેલ છે. આ મહેલ પ્રાગ મહેલની બાજુમાં આવેલો છે. આ મહેલ ૧૭૬૧માં રાવ લખપતજી દ્વારા બંધાવવામાં આવ્યો.આના મુખ્ય વાસ્તુકાર કચ્છી મિસ્ત્રી રામ સિંહ માલમ હતા.મહેલની દિવાલો સફેદ આરસની છે જેમાં અરીસાઓ લગાવવામાં આવ્યા છે.

પ્રાગ મહેલઃ ભુજ શહેરમાં આવેલો ૧૯મી સદીમાં બંધાયેલો એક મહેલ છે. આના બાંધકામની શરૂઆત રાવ પ્રાગમલજી એ ૧૮૬૫માં કરાવી હતી. આની સંરચના કર્નલ હેનરી સેંટ વીલ્કીન્સ દ્વારા ઈટાલિયન ગોથીક શૈલીમાં કરવામાં આવી હતી. આ મહેલના બાંધકામ માટે ઘણાં ઈટાલિયન કારીગરો તેડાવવામાં આવ્યા હતા. રાણી વાસઃ દરબારગઢમાં જ પ્રાગ મહેલની સામે રાણીવાસ આવેલું છે જ્યાંથી રાણી દરબારગઢના પ્રાંગણમાં યોજાતા કાર્યક્રમોને રાણીવાસના ઝરૂખામાંથી નિહાળતા હતા. વર્ષ ૨૦૦૧ના ભૂકંપમાં રાણીવાસને પણ ઘણુ નુકસાન થયું હતું પરંતુ આજે પણ રાણીવાસનું કલાત્મક બાંધકામ અડીખમ ઊભું છે તે જોવાની પણ પ્રવાસીઓને મજા આવે છે.

જ્યુબિલી હોસ્પિટલઃ ભુજના સરપટ નાકા પાસે જ્યુબિલી હોસ્પિટલ આવેલી છે. હોસ્પિટલની શરૂઆત ઈ.સ.૧૮૪૯માં થઈ હતી. ઈ.સ. ૧૮૬૦માં ૧૦ બેડની સગવડ હોસ્પિટલમાં ઊભી કરવામાં આવી હતી. ઈ.સ. ૧૮૮૭માં બ્રિટનના રાણી વિક્ટોરિયા જયંતી ઉજવણી ઉત્સવ ઉજવાયો હતો ત્યારે હોસ્પિટલનું વિસ્તૃતિકરણ કરવામાં આવ્યું હતું અને ત્યારથી હોસ્પિટલનું નામ જ્યુબિલી હોસ્પિટલ રાખવામાં આવ્યું હતું. તેનો પાયો ડ્યૂક ઓફ કોનેટના હસ્તે નાખવામાં આવ્યો હતો. ઈ.સ. ૨૦૦૧ના ભૂકંપમાં હોસ્પિટલની ઈમારતને ખૂબ નુકસાન થયું હતું. ખીલીપૂજનઃ રાવ ખેંગારજી પહેલાએ વિક્રમ સંવત ૧૬૦૫ માગસર સુદ-પાંચમના દિવસે ખીલી ખોડીને ભુજ શહેરની સ્થાપના કરી હતી. ભુજિયા ડુંગરના કારણે આ નગરનું નામ ભુજ પાડવામાં આવ્યું છે. રાજાશાહી શાસન બાદ આજે ભુજ સમગ્ર જિલ્લાનું વડુમથક બન્યું છે.ત્યારે દર વર્ષે ભુજના સ્થાપના દિવસે અહીં ભુજ નગરપાલિકાના પ્રમુખ અને રાજ પરિવાર દ્વારા અહીં પૂજા કરવામાં આવે છે. ટંકશાળઃ ભુજ ટંકશાળ જ્યાં કચ્છરાજનું તત્કાલિન ચલણી નાણું છપાતું હતું. ટંકશાળ એટલે કે જ્યાં ચલણી નાણું છાપવામાં આવે એ જગ્યા. રાજાશાહી વખતમાં અહીં ટંકશાળ હતી અને તેમાં ૫૬૨ રજવાડા પૈકી ૧૩ રજવાડાંઓને જ સિક્કા બહાર પાડવાની મંજૂરી હતી. ૩૦૦ વર્ષ અગાઉ દરબાર ગઢની બહાર જુની ટંકશાળ હતી, ત્યાં કચ્છરાજનું તત્કાલિન ચલણી નાણું છપાતું હતું. સમગ્ર કાર્યક્રમ અંતે આભારવિધિ દિનેશભાઈ મચ્છરે કરી હતી.

# એસપી સાહેબ, આ લાખા માટે કાયદાઓ અલગ છે કે શું?

# કચ્છની હાઈવે ઢાબા સ્ટાઈલ હોટલોમાં ડ્રગ્સ-દારૂ-તેલચોરી સહિતમાં કુખ્યાત લાખો ફરી મેદાનમાં? કોની લીલીઝંડી..?

**ગાંધીધામ-ભચાઉ હાઈવે પાસેથી પોલીસે શંકાસ્પદ ડિઝલનો જથ્થો જે હોટેલની ઓરડીમાથી પકડાયો તે હોટેલ કોની છે? તટસ્થ તપાસ થશે તો સીધી કે પરોક્ષ રીતે લાખાનુંજ ખુલશે નામ? સામખીયાળથી-સુરજબારીથી લઈ અને ગાંધીધામ-કંડલા-મુંદરા સહિતના હાઈવે પર આવેલી અમુક ઢાબા સ્ટાઈલ હોટલોમાં ડ્રગ્સ, ચોરાઉ તેલ, દારૂના કટીગ સહિતની ઘટનાઓ પાલીસ. ચોપડે બનવા પામી જ રહી છે, આવી હોટેલોના પરવાના જ કેમ રદ કરવામા નથી આવતા?**

**લાખા જેવા ગુનેગારો સામે તાત્કાલિક તડીપાર કે હદપાર કાર્યવાહી ન થાય તો કચ્છની કાયદો–વ્યવસ્થા વધુ જોખમમાં નહીં મુકાય?**

**કઈક ગુનેગારો-અસમાજીક તત્વોના દબાણો-ગેરકાયદેસર હોટલો પોલીસે તોડી પાડી છે, તો આ લાખાની તો ભચાઉથી મુંદરા સુધીમાં આવી ૪૦થી વધુ દબાણયુક્ત હાટેલો ધમધમી રહી છે? તેના આવા દબાણો સામે પોલીસ કે તંત્ર કેમ બુલડોજરવાળી નથી કરી શકતુ?**

**ખાટલે મોટી ખોટ : આવા ઢાબા હોટલોને બિન્દાસ બેનામી ધંધા ચલાવવાની છૂટ કોણે આપી છે? : રેલવેની હદમાં પણ લાખો હોટલના પાટીયા ગોઠવી રહ્યો હોવાની છે ચર્ચા : સ્થાનિક પોલીસ, આરપીએફ તથા રેલવે મેનેજમેન્ટ આવા કિસ્સાઓની ગંભીર તપાસ શા માટે નથી કરતા?**

**અંજાર-ગાંધીધામ- ભચાઉ-મુંદરા હાઈવે પર લાખાની વિવિધ ઢાબા સ્ટાઈલ હોટલોમાં બેનામી વસ્તુઓની હેરફેરના ધમધમે છે હાટડા : પૂર્વ કચ્છના કડક-તટસ્થ ડીએસપીશ્રી કેમ લાખા જેવાની સામે નથી કરતા ધાક બેસાડતી કાર્યવાહી? આ એ જ લાખો છે કે, જેની હોટલોના સંકુલમાં ડ્રાયવર-કલીનરોના મર્ડર શુદ્ધા થઈ જવા પામ્યા છે, છતા લાખાનો કોઈ વાળ પણ વાંકો નથી કરી શકતુ? પૂર્વ કચ્છમાં માત્ર પાસાના બદલે લાખા જેવાઓને હદપાર-તડીપાર કરવાની થવી જોઈએ લાલઆંખ ભરી કાર્યવાહી : જો લાખાને કચ્છ બહાર તગેડી દેવામા આવશે તો કંડલા-મુંદરા બંદરોમાથી આવતી વસ્તુઓમાં હેરફેર થવી, દારૂના કટીંગ, ડ્રગ્સની પડીકાઓના વેંચાણ, ડીઝલની ગેરકાયદેસર હેરફેર સહિતનાકઈક ધંધાઓ પર આપોઆપ જ આવી જશે બ્રેક**

ગાંધીધામ : કચ્છ જિલ્લામાં કંડલા અને મુન્દ્રા જેવા દેશવિદેશમાં પ્રખ્યાત મહાબંદરો કાર્યરત છે. આ પોર્ટ્સ પરથી કિંમતી ચીજવસ્તુઓનું આયાત–નિકાસ થાય છે, પરંતુ સાથે–સાથે હાઈવે પર આવેલી અમુક ઢાબા સ્ટાઈલ હોટલો ગુનાખોરીના ગઢ બની જવાના કિસ્સા વધી રહ્યા છે. જાણકારી અનુસાર, આવી ઢાબા હોટલો પર કન્ટેનરો રોકાવી ડ્રાઈવર–ક્લીનરોને લલચાવી, ધમકાવી અથવા ફોસલાવી કિંમતી માલસામાનની ચોરી અને ગેરકાયદેસર તસ્કરીના કેસો સામે આવતા રહ્યા છે.જાણકારો કહી રહ્યા છે કે, તાજેતરમાં જ પાછલા એકાદ બે માસના સમયકાળમાં જ ગાંધીધામ-ભચાઉ હાઈવે પરથી ઉપરાછાપરી લાખોનું શંકાસ્પદ ડિજલની ચોરીના ઘટનાક્રમો પોલીસ ચોપડે ચડવા પામ્યા છે અને આ ડિજલનો જથ્થો હાઈવે ઢાબા સ્ટાઈલ હોટલોમાથી જ ઝડપી પાડવામા આવ્યો છે. તે ઉપરાંત એકાદ હોટેલમાં તો લાખો જાટ પણ ગુનેગાર તરીકે દર્શાવાયો છે પરંતુ ફરાર દેખાડાઈ રહ્યો છે અથવા તો ફરાર થઈ જવા પામ્ય છે. ત્યારે અહી સવાલ એ થાય છે કે, આ લાખાનું નામ આવા બેનામી ધંધાઓમાં હેલી વહેલી વખત નથી સામે આવવા પામ્યુ, અગાઉ પણ તેના નામો આવા ધંધાઓમાં ચમકતા જ રહ્યા છે છતા પણ તેની સામે કોઈ જ ધાક બેસાડતી કાર્યવાહી થતી ન

**કચ્છ કલેકટરશ્રી ચૂંટણી સમયે લાખાને કેમ ન કરે તડીપાર ? : આ લાખા પર આટઆટલા ગુનાઓ નોંધાયેલા છે ઉપરાંત પણ ચૂંટણીના સમયે પણ તેને તડીપાર કરવા કે પાસા કરવાની કેમ નથી થતી કાર્યવાહી? લાખાની સામે કાર્યવાહી ન કરવા કોની લાજ શરમ નડે છે ? કે પછી રૂપીયો ભજવી જાય છે ભાગ?**

દેખાતા જાણકારો પુછી રહ્યા છે કે, શું આ લાખા માટે કાયદાઓ ખલગ છે એસપી સાહેબ? જાણકારો કહી રહ્યા છે કે આ રીતે બેનામી ડિજલનો જથ્થો પકડાવવાથી પુનરાવર્તિત બની રહેલી ઘટનાઓથી સાબિત થાય છે કે હાઈવે હોટલોની આડમાં દારૂ, ડ્રગ્સ અને બેનામી ધંધા નિર્ભયતાથી ચાલી રહ્યા છે. જો આ કેસમાં પોલીસ ઉંડી ઉતરશે તો જાણકારો કહી રહ્યા છે કે, તપાસનો રેલો ફરીથી લાખા સુધી જ પહોચશે. લાખાએ પુનઃ કચ્છમાં ગાંધીધામ-કંડલા-મુંદરા-માંડવી સહિતના હાઈવે પર આવી ઢાબા સ્ટાઈલ હોટલોમાં બેનામી ધંધાઓના ઠેકા લઈ લીધા હોવાનુ ચર્ચાય છે. ચર્ચા છે કે કુખ્યાત લાખો ફરીથી માંડવી, મુન્દ્રા, ગાંધીધામ, સામખિયાળી અને સુરજબારી હાઈવે પર ઢાબા હોટલોની આડમાં દારૂ, ડ્રગ્સ તથા અન્ય ગેરકાયદેસર વેપલો ચલાવી રહ્યો છે.જાણકારો કહી રહ્યા છે કે, લાખો અગાઉ પણ ડ્રાઈવર–ક્લીનરોના હત્યા સહિતના ગંભીર ગુનાઓમાં સંડોવાયેલો હોવાનુ ચર્ચાઈ ચૂકયુ છે.હાલ તે ગાંધીધામ–અંજાર–મુન્દ્રા હાઈવે પર ઢાબા હોટલો પાથરી ફરીથી ગેરકાયદે ધંધાઓ ચલાવી રહ્યો છે. એટલુ માત્ર જ નહી પરંતુ જાણકારોમાંથી બહાર આવતી વિગતો અનુસાર આ લાખો હવે તો રેલવેની હદમાં પણ પોતાની આવી બેનામી હોટલોનીગોઠવણીઓ કરી ચુકયો છે. રેલવેની હદમાં પાર્કિંગની આડમાં લાખાએ બેનામી ધંધાઓવાળી ઢાબા સ્ટાઈલ હોટલ ચાલુ કરવાની પેરવી કરી લીધી હોવાનુ મનાય છે. આ બાબતે હકીકતમાં રેલવે પોલીસ તથા ગાંધીધામ રેલવે એરીયા મેનેજર સહિતનાઓએ સતર્કતા દાખવી અને આગોતરી તપાસ કરવી જેઈએ. આ રીતે હોટલ બની ગઈ અથવા તો ધમધમી ઉઠી હોય તો કોની મંજુરીથી આ બધુ થઈ રહ્યુ છે?સ્થાનિક જનતા તથા જાણકારો માંગ કરી રહ્યા છે કે કુખ્યાત લાખો સામે કડક કાનૂની પગલાં લઈ તેને કચ્છની બહાર તડીપાર કરવામાં આવે, નહીં તો ભવિષ્યમાં હાઈવે પરની ઢાબા સ્ટાઈલ હોટલો કાયદો–વ્યવસ્થાને મોટી પડકારરૂપ બની રહેશે. જાણકારો તો એવો પણ સવાલ કરી રહ્યા છે કે કંડલા-ગાંધીધામ-અંજાર-મુંદરા સહીતના હાઈવે રોડ પર લાખાની આવી સફારૂપ ઢાબા સ્ટાઈલ હોટલો ધમધમી ઉઠી છે ત્યારે પૂર્વ કચ્છના કડક અને તટસ્થ કાયદાનિષ્ઠ એસપીશ્રી કેમ લાલઆંખ ભરી કામગીરી નથી કરતા? પૂર્વ કચ્છમાં ગુનેગારો સામે પાસા કરવામા આવે છે તે તો સારી વાત છે પરંતુ લાખા જેવા ગુનેગારોની સામે તો હદપાર અને તડીપાર જેવા જ કડક પગલા લેવા ઘટે. જયા સુધી તેને તડીપાર નહી કરવામાં આવે ત્યા સુધી બંદરો પર આવતી ચીજવસ્તુઓની મોટા પાયે થતી ચોરી અટકાવવાની વાત કે પછી અમુક ઢાબા સ્ટાઈલ હાઈવે હોટલોમાં દારૂ-ડ્રગ્સ, ડિજલની ગેરકાયદેસર હેરફેર જેવા દુષણોને ડામવાની નિર્ણાયક કાર્યવાહી થવી કે કરવી કપરૂ કામ જ બની રહેશે.

## કચ્છમાં આરટીઈની એક બેઠક માટે ત્રણ વિદ્યાર્થી વચ્ચે સ્પર્ધા

ભુજ - કચ્છ ઉદય : આરટીઈમાં ફોર્મ ભરવાની અંતિમ તારીખ ૧૭/૪ હતી જોકે, મુદતમાં વધારો કરીને અંતિમ તારીખ ૨૩ કરવામાં આવી છે. જિલ્લામાં કુલ ૩૫૩ શાળામાં ૨૫૩૯ બેઠકો છે. તેમાં ૫,૫૦૦થી વધારે ફોર્મ ભરાયા છે. હજુ પણ ફોર્મ ભરવા માટે ૬ દિવસો છે. જેથી સંખ્યા વધવાની શક્યતા છે. હાલના તબક્કે જોવા જઈએ તો એક બેઠક માટે ૩ વિદ્યાર્થી વચ્ચે સ્પર્ધા છે. કચ્છમાં ફોર્મ ભરવાની સાથે રદ થવાનો રેશિયો પણ ગણો છે. જેમાં ખાસ કરીને ભાડા કરાર, આવકનો દાખલો સહિતની અધુરાશના કારણે ફોર્મ રદ થાય છે. આ વખતે શહેર અને ગ્રામ્યમાં આવક મર્યાદા ૭ લાખ કરવામાં આવી છે.

ઉલ્લેખનીય છે કે, જે ફોર્મ ભરાયા છે તેની જિલ્લાકક્ષાએ તપાસણી થાય છે. તેમાં જે ફોર્મમાં અધુરાશો હોય તેના વાલીનો સંપર્ક કરી ફોર્મમાં ભૂલ સુધારવા જણાવાય છે. જે રાજ્યકક્ષાએ તપાસણી થશે અને બાદમાં ૨૯ એપ્રિલના પ્રથમ રાઉન્ડ જાહેર થશે. તબક્કાવાર આ પ્રક્રિયા ચાલશે.

## ભાવભીની શ્રદ્ધાંજલિ

॥ રાધે રાધે ॥ ॥ જય શ્રી સચ્ચિદાનંદ ॥ ॥ રાધે રાધે ॥



**પરમધામવાસી જીવાભાઈ કરશનભાઈ આહિર (જીવાશેઠ)**

(પૂર્વ પ્રમુખ, કચ્છ જિલ્લા પંચાયત)

જન્મ તા. ૦૭-૧૧-૧૯૫૨ ◆ સ્વ. તા. ૧૭-૦૪-૨૦૨૬ - ચૈત્ર વદ અમાસ (ઉ.વ. ૭૪) ગામ : રતનાલ, તા. અંજાર

સદાય હસતો ચહેરો, જનસેવા-સમાજસેવા માટે હરહંમેશ તત્પર એવા આપ અમારા માર્ગદર્શક શક્તિ બનીને રહેશો. તમે અમારાથી દૂર ગયા પણ, તમે હંમેશા અમારા હૃદયમાં રહેશો, તમે અમારું જીવન હતા, સત્કાર્યો તમારી શોભા હતી, સજ્જનતા તમારી સુવાસ હતી, પ્રસન્નતા તમારૂં જીવન હતું, આપની દિવ્ય આત્માને શાશ્વત શાંતિ માટે પરમ પિતા પરમાત્મા પાસે હૃદયપૂર્વક પ્રાર્થના...

:: શોકમગ્ન પરિવારજનો ::

| | |
|---|---|
| સ્વ. કરશનભાઈ વસ્તાભાઈ આહિર | પિતા |
| ગં.સ્વ. સરીયાબેન જીવાભાઈ આહિર | ધર્મપત્ની |
| સ્વ. ભગુભાઈ કરશનભાઈ આહિર | ભાઈ |
| ત્રિકમભાઈ જીવાભાઈ આહિર | પુત્ર |
| કાનજીભાઈ જીવાભાઈ આહિર (મહામંત્રી, અંજાર તા. ભાજપ) | પુત્ર |
| સ્વ. વિક્રમભાઈ જીવાભાઈ આહિર | પુત્ર |
| સ્વ. રાજેશભાઈ ભગુભાઈ આહિર | ભત્રીજો |
| મુકેશભાઈ ભગુભાઈ આહિર | ભત્રીજો |
| રાધાબેન નારણભાઈ માતા | પુત્રી |
| ભક્તિબેન રણછોડભાઈ છાંગા | પુત્રી |
| સ્વ. બીજલભાઈ તેજાભાઈ ભોજાણી | સસરા |
| નિતેશ, નંદલાલ, જય, વિવેક, જનક, પારસ, મીત, ઓમ | પૌત્રા |
| મીરા, બંસી, જાગૃતિ | પૌત્રી |

**સમસ્ત પરિવારના જય શ્રી સચ્ચિદાનંદ**

**સદ્‌ગતનો લૌકિક વ્યવહાર તેમના નિવાસ સ્થાન ગામ : રતનાલ, તા. અંજાર મધ્યે રાખેલ છે.**

**કાનજીભાઈ આહિર - મો. ૯૮૭૯૫૪૬૦૮૧**

### મતાધિકારના પર્વ પર સત્તાલક્ષી રાજકારણનું આક્રમણ

## કચ્છની ધરા પર લોકશાહીનું ‘બિનહરીફ’ ચીરહરણ: પ્રજાતંત્ર માટે ખતરાની ઘંટડી




**જિલ્લામાં ચૂંટણી પૂર્વે જ ર૬ બેઠકો બિનહરીફ કરાતા મતદારોનું મૌન રૂદન, મતાધિકારનું હનન : સત્તાની ભૂખ અને ‘સામ-દામ-દંડ-ભેદ’નું જોરદાર પ્રદર્શન : વિપક્ષોની કાયરતા અને જનતા સાથેનો વિશ્વાસઘાત : ‘બિનહરીફ’નો ટ્રેન્ડઃ શું આપણે સરમુખત્યારશાહી તરફ જઈ રહ્યા છીએ?**

ભુજ - કચ્છઉદય : ભારત, જેને વિશ્વની સૌથી મોટી લોકશાહીનું માન મળ્યું છે, જ્યાં બંધારણે સામાન્ય નાગરિકના હાથમાં ‘મતાધિકાર’ રૂપી એક એવું અમોઘ શસ્ત્ર આપ્યું છે જે સત્તાના અભિમાનને ઓગાળવાની તાકાત ધરાવે છે. ચૂંટણી એ લોકશાહીનું ‘મહાપર્વ’ છે, જેમ દિવાળી કે હોળીની રાહ જોવાય તેમ મતદારો પાંચ વર્ષ સુધી આ પર્વની રાહ જોતા હોય છે. જેથી તેઓ પોતાના મનગમતા પ્રતિનિધિને ચૂંટી શકે અથવા તો નકામા શાસકોને સતા પરથી ઉખેડી ફેંકી શકે. અફસોસ પાછલા વર્ષોથી લોકશાહીના મહાકુંભમાં બિનહરીફ થવાનો જે નવો રોગ ફાટી નિકળ્યો છે તેણે લોકશાહીની ગરીમાના લીરેલીરા ઉડાવી દીધા છે. કચ્છથી લઈ સમગ્ર ગુજરાતમાં જે રીતે બેઠકો બીનહરીફ કરી વિજય પતાકા લહેરાવવામાં આવી રહ્યા છે તે ખરેખર વિજય છે કે પછી લોકશાહીનું સુનિયોજિત ખુન ? તે મોટો પ્રશ્ન છે.

આ અંગેની વિગતો મુજબ કચ્છની ખમીરવંતી પ્રજા, જે પોતાના હક્ક માટે અવાજ ઉઠાવવામાં ક્યારેય પાછી નથી પડતી, તેને આજે ‘બિનહરીફ’ની રમત દ્વારા મૌન કરી દેવામાં આવી છે. જ્યારે જિલ્લામાં ૧ જિલ્લા પંચાયત, ૧ ગાંધીધામ મહાનગર પાલિકા અને ૧૫ નગરપાલિકા અને ૯ તાલુકા પંચાયતની બેઠકો પર ચૂંટણી વગર જ વિજેતા જાહેર કરવામાં આવે છે, ત્યારે હજારો મતદારોના મતાધિકારનું ગળું ટૂંપાય છે. જે મતદાર ૫ વર્ષ સુધી પોતાની પીડા કે સંતોષને ‘મત’ દ્વારા વ્યક્ત કરવાની રાહ જોતો હોય, તેને આજે મતદાન મથક સુધી પહોંચવાની તક જ આપવામાં આવી નથી. શું આ વિજય ખરેખર જનતાનો સ્વીકાર છે કે પછી જનતાના અવાજને દબાવવાનું કાવતરું? કોઈપણ પક્ષ માટે ચૂંટણી જીતવી તે લક્ષ્ય હોય છે, પરંતુ જ્યારે આ લક્ષ્ય પાર પાડવા માટે લોકશાહીના મૂલ્યોની બલિ ચડાવવામાં આવે ત્યારે તે ચિંતાનો વિષય બને છે. ભાજપ દ્વારા રાજ્યભરમાં ૬૦૦થી વધુ અને કચ્છમાં ૨૬ જેટલી બેઠકો બિનહરીફ કરવી એ માત્ર સંયોગ નથી, પણ સુનિયોજિત વ્યૂહરચના છે. ‘સામ, દામ, દંડ અને ભેદ’ની આ રમત હવે એટલી પ્રચલિત બની ગઈ છે કે મેદાનમાં ઉતરતા પહેલા જ વિરોધીઓને પરાસ્ત કરવા માટે દબાણ કે લાલચનો ખેલ ખેલાય છે. મતદારો પાસે ‘નોટા’ નો વિકલ્પ પણ રહેવા દેવામાં આવતો નથી, જે ખરેખર તો નાગરિકોને ‘નખ વગરના વાઘ’ બનાવવા સમાન છે.

આ સમગ્ર ખેલમાં માત્ર સત્તાધારી પક્ષને જ દોષ દેવો એ અધૂરું સત્ય છે. કચ્છની ધરતી પર કોંગ્રેસ, આમ આદમી પાર્ટી અને અપક્ષ ઉમેદવારોની ભૂમિકા પણ એટલી જ શંકાસ્પદ રહી છે. વિપક્ષી ઉમેદવારો શા માટે મેદાન છોડીને ભાગી રહ્યા છે? શું તેઓ શાસક પક્ષના ડરથી ફોર્મ ખેંચી રહ્યા છે કે પછી પડદા પાછળ કોઈ મોટી સોદાબાજી થઈ રહી છે? જ્યારે વિપક્ષ લડવાની હિંમત ગુમાવે છે, ત્યારે તે માત્ર પોતાની હાર નથી સ્વીકારતો, પણ તે મતદારોની આશાઓનો સોદો કરે છે. મેદાનમાં લડ્યા વગર હથિયાર હેઠા મૂકી દેવા એ લોકશાહીની ગરિમાનું અપમાન છે. ચૂંટણી પ્રક્રિયામાં સ્પર્ધા એ લોકશાહીનો આત્મા છે. જો હરીફાઈ જ ન હોય, તો તે લોકશાહી કેવી રીતે કહી શકાય? આજે બેઠકો બિનહરીફ કરવાનો જે ‘ટ્રેન્ડ’ શરૂ થયો છે, તે લોકશાહીના ભવિષ્ય માટે ખતરાની ઘંટડી છે. જો શાસક પક્ષ પોતાની સત્તાના જોરે વિરોધના તમામ સુર દબાવી દેશે અને વિપક્ષ સ્વાર્થ માટે શરણાગતિ સ્વીકારી લેશે, તો સામાન્ય નાગરિકની કિંમત શૂન્ય થઈ જશે. કચ્છના મતદારોની આ ક્રૂર મજાક એ માત્ર રાજકીય જીત નથી, પણ લોકશાહીના આદર્શોનું ખૂન છે. હવે સમય આવી ગયો છે કે જનતા જાગે, કારણ કે જો આજે મૌન રહીશું તો આવતીકાલે ‘મતદાન’ માત્ર એક યાદ બનીને રહી જશે.

## કચ્છની ગ્રાન્ટેડ શાળાઓને છેલ્લા ૨૦ વર્ષના હિસાબોનું ઓડિટ રજૂ કરવા આદેશ

**કચ્છ સહિત રાજ્યની ગ્રાન્ટેડ શાળાઓએ ૨૦૦૫થી ૨૦૨૩ સુધીના ગ્રાન્ટ એસેસમેન્ટનો રેકોર્ડ હવે ડિજિટલ અને ફિઝિકલ એમ બંને સ્વરૂપે જાળવવો પડશે**

ભુજ - કચ્છઉદય : રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા લેવાયેલા એક મહત્વપૂર્ણ નિર્ણયને પગલે હવે કચ્છ સહિત રાજ્યના તમામ જિલ્લાઓની ગ્રાન્ટેડ શાળાઓના સંચાલકોમાં ભારે દોડધામ મચી ગઈ છે. રાજ્ય સરકાર દ્વારા ગ્રાન્ટેડ શાળાઓને ફાળવવામાં આવતી ગ્રાન્ટના ઉપયોગ બાબતે પારદર્શિતા લાવવા માટે વર્ષ ૨૦૦૫થી લઈને ૨૦૨૩ સુધીના એટલે કે છેલ્લા ૨૦ વર્ષના ઓડિટ હિસાબો રજૂ કરવા માટે કડક સૂચના આપવામાં આવી છે. કચ્છના છેવાડાના વિસ્તારોમાં શિક્ષણની જ્યોત જલાવતી અનેક ગ્રાન્ટેડ શાળાઓ અત્યાર સુધી સમયસર ખાતાકીય ઓડિટ કરાવતી ન નથી. આ ઉપરાંત રાજ્યની કેટલીક ગ્રાન્ટેડ શાળાઓના કરોડો રૂપિયાની રિકવરી બાકી હોવાની ફરિયાદો ઉઠ્યા બાદ કમિશનર ઓફ સ્કૂલની કચેરી દ્વારા આ આકરો નિર્ણય લેવામાં આવ્યો છે. આ નવા આદેશ મુજબ હવે તમામ ગ્રાન્ટેડ શાળાઓએ ૨૦ વર્ષ સુધીના ગ્રાન્ટ એસેસમેન્ટનું રેકોર્ડ ડિજિટલ અને ફિઝિકલ બંને સ્વરૂપે કાયમી ધોરણે સાચવવું પડશે. તમામ જિલ્લા શિક્ષણાધિકારીને મોકલવામાં આવેલા પરિપત્ર મુજબ, વર્ષ ૨૦૦૫ થી ૨૦૨૩ દરમિયાનના ગ્રાન્ટ એસેસમેન્ટ હુકમોની ફાઈલો અદ્યતન કરી કાયમી રેકોર્ડ પર લેવાની રહેશે. આ ઉપરાંત ઓડિટ દરમિયાન થયેલી વસૂલાત અને કપાતની વિગતો માટે ‘એકંદરીકરણ એસેસમેન્ટ રજિસ્ટર’ અને ‘એકંદરીકરણ ખાતાકીય વસૂલાત રજિસ્ટર’ નિભાવવાનું પણ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. આશ્ચર્યજનક બાબત એ છે કે, જે શાળાઓ આ સમયગાળામાં બંધ થઈ ગઈ હોય અથવા જેમના ઈન્ડેક્સ નંબર રદ થયા હોય તેવી શાળાઓના પણ ઓડિટ રિપોર્ટ અને હુકમોની નકલો તૈયાર રાખી ઓડિટ પાર્ટીઓને પૂરી પાડવાની રહેશે. આ નિર્ણયને પગલે શૈક્ષણિક આલમમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળી રહ્યો છે.

અનુસંધાન પાના નં.૫ પર

## શ્રદ્ધાંજલિ



**સ્વ. દેવજીભાઈ ત્રિકમભાઈ માતા**

(ઉ.વ. ૫૧) ગામ : ધાણેટી, સ્વર્ગ તા. ૧૫/૪/૨૦૨૬

પરમકૃપાળુ પરમાત્મા આપના દિવ્ય આત્માને પરમ શાંતિ અર્પે એ જ પ્રાર્થના.

• રાણાભાઈ રવાભાઈ ડાંગર • કરમણભાઈ જીવાભાઈ ડાંગર
• જીવાભાઈ પાંચાભાઈ માતા • વિક્રમભાઈ કાનજીભાઈ ડાંગર

**HRD ગ્રુપ ઓફ કંપનીઝ - ધાણેટી**

### ચૂંટણીના ખેલમાં.... ખનીજ ચોરો ગેલમાં...

## ચૂંટણીના માહોલ વચ્ચે અબડાસા–લખપત સહિત કચ્છમાં ખનીજ માફિયાઓ થયા બે–લગામ

**બેન્ટોનાઈટ, બોકસાઈડ અને લીગ્નાઈટ સહિત ખનીજ ચોરીની ચર્ચાએ ગરમી પકડી : સરકારી મશીનરી ચૂંટણીલક્ષી કામગીરીમાં જોતરાઈ હોવાનો ગેરલાભ ઉઠાવતા ભૂમાફિયાઓ : સરહદી જિલ્લાની કુદરતી સંપત્તિનું બેફામ છેદન**

**લખપત, અબડાસા, માંડવી, મુન્દ્રા અને વાગડ પંથકમાં ખનીજ અને રેતી ચોરીમાં ઉછાળો : અમુક સ્થળે પોલીસ સાથે સાંઠ - ગાંઠની ચર્ચા**

ભુજ - કચ્છઉદય : કચ્છ જિલ્લામાં હાલ સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીનો જંગ જામ્યો છે. એક તરફ ઉનાળાની પ્રચંડ ગરમીનો પ્રકોપ વરસી રહ્યો છે, તો બીજી તરફ રાજકીય પારો પણ ચરમસીમાએ પહોંચ્યો છે. સમગ્ર કચ્છ જ્યારે લોકશાહીના પર્વની તૈયારીઓમાં અને વહીવટી તંત્ર ચૂંટણી પ્રક્રિયાના સંચાલનમાં વ્યસ્ત છે, ત્યારે જિલ્લામાં એક અતિ ગંભીર અને ચિંતાજનક પરિસ્થિતિ સર્જાઈ છે. કચ્છની કિંમતી ખનીજ સંપત્તિ પર તરાપ મારતા ખનીજ માફિયાઓને જાણે મોકળું મેદાન મળી ગયું હોય તેમ જિલ્લાના અનેક વિસ્તારોમાં ગેરકાયદેસર ખનન અને પરિવહનની પ્રવૃત્તિઓએ વેગ પકડ્યો છે. આ સ્થિતિ કચ્છના પર્યાવરણ અને સરકારી તિજોરી માટે આવનારા દિવસોમાં મોટું જોખમ ઉભું કરી શકે તેમ છે.

રાજ્યમાં આગામી ૨૬મી એપ્રિલના રોજ મતદાન અને ૨૮મી એપ્રિલે મતગણતરી થવાની છે. આ મહત્વની પ્રક્રિયાને નિર્વિઘ્ન પાર પાડવા માટે જિલ્લા કલેક્ટર કચેરીથી લઈને પોલીસ વિભાગ સુધીના તમામ ઉચ્ચ અધિકારીઓ અને કર્મચારીઓ રાત-દિવસ એક કરી રહ્યા છે. આચારસંહિતાના અમલ અને કાયદો-વ્યવસ્થા જાળવવાની આ વ્યસ્તતાનો સીધો લાભ ખનીજ ચોરો ઉઠાવી રહ્યા છે. સૂત્રો પાસેથી મળતી વિગતો અનુસાર, જિલ્લાના લખપત, અબડાસા, માંડવી, મુન્દ્રા અને વાગડ પંથકમાં ખનીજ માફિયાઓ સાવ બેફામ બન્યા છે. દિવસ-રાત જોયા વગર આ વિસ્તારોમાં જેસીબી અને ડમ્પર જેવા ભારે મશીનો દ્વારા કુદરતી સંપત્તિનું છેદન કરવામાં આવી રહ્યું છે. રેતી, બેન્ટોનાઈટ, બોકસાઈડ, લેરાઈટ, લિગ્નાઈટ અને અન્ય કિંમતી ખનીજોની હેરાફેરી માટે જાણે કોઈ રોકનાર-ટોકનાર ન હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને લખપત અને અબડાસા જેવા અંતરિયાળ તાલુકાઓમાં, જ્યાં વિશાળ જમીન વિસ્તારો આવેલા છે, ત્યાં ખનીજ ચોરીનું પ્રમાણ ચિંતાજનક હદે વધ્યું છે. નદીના પટમાંથી રેતીની ચોરી હોય કે ડુંગરાળ વિસ્તારોમાં ગેરકાયદેસર ખોદકામ, માફિયાઓ કોઈપણ ભય વગર પોતાનું નેટવર્ક ચલાવી રહ્યા છે. આ પ્રવૃત્તિ પાછળ સ્થાનિક સ્તરે રાજકીય ઓથ ધરાવતા તત્વો પણ સક્રિય હોવાની આશંકા નકારી શકાતી નથી. ચૂંટણીના સમયે જ્યારે પોલીસનું ધ્યાન નાકાબંધી અને રોકડની હેરફેર પર વધુ હોય છે, ત્યારે આ તસ્કર ટોળકીઓ છૂપા માર્ગોનો ઉપયોગ કરીને ખનીજ ભરેલા ડમ્પરો પસાર કરી રહી છે. માંડવી અને મુન્દ્રાના દરિયાકાંઠાના વિસ્તારોમાં પણ રેતી ખનનની પ્રવૃત્તિએ જોર પકડ્યું છે, જે દરિયાઈ જીવસૃષ્ટિ અને પર્યાવરણ માટે નુકસાનકારક સાબિત થઈ શકે છે.

વાગડ પંથકમાં તો સ્થિતિ વધુ સ્ફોટક છે. ખનીજ ચોરીના કારણે ગ્રામ્ય રસ્તાઓ પણ બિસ્માર બની રહ્યા છે અને રાત્રિના સમયે બેફામ દોડતા ડમ્પરોને કારણે અકસ્માતનો ભય પણ વધી ગયો છે. સ્થાનિક રહીશોનું કહેવું છે કે, ચૂંટણીની જાહેરાત થઈ ત્યારથી જ આ પ્રવૃત્તિઓમાં ઉછાળો આવ્યો છે. સરકારી અધિકારીઓ મીટિંગો અને ફાઈલ વર્કમાં વ્યસ્ત હોવાથી ફિલ્ડ પર ચેકિંગનું પ્રમાણ નહિવત થઈ ગયું છે. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવીને ખનીજ માફિયાઓ કરોડો રૂપિયાની

અનુસંધાન પાના નં.૫ પર